પાના -૮, કિંમત રૂ.૨, તા. ૦૬-૦૬-૨૦૨૫- શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૫૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in  pratapdarpan_official  pratapdarpansrt@gmail.com  pratapdarpan_official11

# વિશ્વના સૌથી ઉંચા ચિનાબ રેલવે બ્રીજનું લોકાપર્ણ

## સરહદી સુરક્ષાની દૃષ્ટીએ અત્યંત મહત્વપૂર્ણ ચીનાબ આર્ચ બ્રીજનું ઉદ્દ્ઘાટન કરતા મોદી : કટરા-શ્રીનગર વંદે ભારતને લીલીઝંડી દેખાડતા વડાપ્રધાન

નવી દિલ્હી, તા. ૬

પીએમ મોદીએ શુક્રવારે સવારે ૧૧ વાગ્યે જમ્મુમાં ચિનાબ નદી પર બનેલા વિશ્વના સૌથી ઊંચા રેલવે આર્ચ બ્રિજનું તિરંગો લહેરાવીને ઉદ્ઘાટન કર્યું હતું. PM અહીં લગભગ એક કલાક રોકાયા હતા . આ દરમિયાન તેઓ રેલવે અધિકારીઓ અને બ્રિજ બાંધકામ કામદારોને મળ્યા હતા.

તેઓ એન્જિનમાં બેસીને ચિનાબ આર્ચ બ્રિજથી કેબલ સ્ટે અંજી બ્રિજ પર પહોંચ્યા હતા. અહીં તેમણે અંજી બ્રિજનું પણ ઉદ્ઘાટન કર્યું ગહતું.

આ પછી, PM કટરા રેલવે સ્ટેશન પહોંચ્યા અને કાશ્મીરને દેશના બાકીના ભાગ સાથે જોડતી કટરા-શ્રીનગર વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી. આ ઉપરાંત, તેઓ ૪૬ હજાર કરોડ રૂપિયાથી વધુના અન્ય વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું હતું. તેઓ કટરા સ્ટેડિયમમાં જાહેર સભાને સંબોધન કરી રહ્યા છે

ઉત્તરી રેલવે ૭ જૂનથી કટરા-શ્રીનગર રૂટ પર વંદે ભારત ટ્રેન સેવા શરૂ કરશે. ટિકિટ બુકિંગ IRCTC વેબસાઈટ પર કરી શકાય છે. કટરા અને શ્રીનગર



વચ્ચે અઠવાડિયામાં ૬ દિવસ બે ટ્રેન દોડશે.

ઉત્તરી રેલવેએ જણાવ્યું હતું કે, ટ્રેનમાં બે ટ્રાવેલ ક્લાસ છે. ચેર કારનું ભાડું રૂ.૭૧૫ અને એક્ઝિક્યુટિવ ક્લાસનું ભાડું રૂ.૧૩૨૦ છે. હાલમાં ટ્રેનો ફક્ત બનિહાલ ખાતે જ રોકાશે. અન્ય સ્ટોપેજ અંગેનો નિર્ણય પછી લેવામાં આવશે.

આઝાદીના ૭૭ વર્ષ પછી પણ હિમવર્ષાની મોસમમાં કાશ્મીર દેશના અન્ય ભાગોથી કપાયેલું રહે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૪ બંધ થવાને કારણે ખીણ સુધી પહોંચ અવરોધિત છે. આ ઉપરાંત, જમ્મુથી કાશ્મીર સુધી રોડ માર્ગે મુસાફરી કરવામાં ૮ થી ૧૦ કલાક લાગતા હતા. ટ્રેન શરૂ થતાં આ યાત્રા લગભગ ત્રણ કલાકમાં પૂર્ણ થશે.PM મોદીએ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) પ્રોજેક્ટ પર પ્રદર્શનની મુલાકાત લીધી. આ દરમિયાન જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહ હાજર રહ્યા હતા. PMએ આ પ્રોજેક્ટ પર કામ કરતા લોકો સાથે પણ વાતચીત કરી.

# આસામમાં પુરનું સંકટ યથાવત ૮ રાજ્યોમાં ભારે વરસાદ પડશે

### આસામમાં પૂરથી ૭ લાખ લોકો પ્રભાવિતઃ કુલ ૨૧નાં મોત

નવી દિલ્હી, તા. ૬

શુક્રવારે હવામાન વિભાગે બિહાર સહિત પૂર્વોત્તરના ૭ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. તે જ સમયે ૧૭ રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. પશ્ચિમ રાજસ્થાન, તમિલનાડુ અને પુડુચેરીમાં ગરમી અને ભેજની સંભાવના છે.

આજે રાજસ્થાનના ૮ જિલ્લામાં વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ગુરુવારે પણ ૧૨ જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. બીજી તરફ, મધ્યપ્રદેશમાં શુક્રવારે સતત ૪૨મા દિવસે તોફાનની ચેતવણી આપવામાં આવી છે. ભોપાલ-ઈન્દોર સહિત ૪૫ જિલ્લામાં ભારે તોફાન સાથે વરસાદની શક્યતા છે.

આ દરમિયાન ગુરુવારે પણ દેશના પૂર્વોત્તર રાજ્યોમાં સતત વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલન ચાલુ રહ્યું. આસામના ૨૧ જિલ્લાઓમાં લગભગ ૭ લાખ લોકો પ્રભાવિત થયા છે. પૂર અને ભૂસ્ખલનમાં મૃત્યુઆંક ૨૧ પર પહોંચી ગયો છે. તે જ સમયે, ઉત્તર સિક્કિમના ચેટેનથી ૬૩ લોકોને હેલિકોપ્ટર દ્વારા બચાવવામાં આવ્યા હતા, જેઓ ભૂસ્ખલનથી પ્રભાવિત હતા. ૬૪ લોકો હજુ પણ ફસાયેલા છે.

બીજી તરફ, હિમવર્ષાને કારણે, હિમાચલ પ્રદેશના ધૌલાધર પર્વતમાળાઓમાં તાપમાનમાં ભારે ઘટાડો થયો છે. ધર્મશાલામાં તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું હતું. ચોમાસું મહારાષ્ટ્ર-છત્તીસગઢ સરહદે પહોંચી ગયું છે. તે અત્યાર સુધીમાં ૧૮ રાજ્યોમાં પહોંચી ગયું છે. તે ૧૦ જૂન સુધીમાં મધ્યપ્રદેશ પહોંચી શકે છે.

રાજસ્થાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે

અનુસંધાન પાના ૭ પર

# મહારાષ્ટ્રમાં ઠાકરે પરિવારની નવી પેઢી એક થવા તૈયાર

### શિવસેનાના સ્થાપના દિને જાહેરાત કરાશે

મુંબઈ, તા. ૬

ઠાકરે પરિવારની નવી પેઢી નજીક આવે તેવા સંકેત મળ્યા છે. ઉધ્ધવ ઠાકરે તથા રાજ ઠાકરેના પુત્રો મહારાષ્ટ્રના હિતમાં સાથે બેસવા તૈયાર હોવાનું કહી રહ્યા છે. રાજ ઠાકરે, ઉધ્ધવ ઠાકરેના જન્મ દિન અથવા શિવસેના સ્થાપના દિને પણ જાહેરાત થવાની શકયતા છે.

ઠાકરે પરિવારની નવી પેઢીના આદિત્ય અને અમિત ઠાકરે યુતિ માટે તૈયારી બતાવી રહ્યા છે ત્યારે હવે બધાની આંખો મંડાઈ છે ઉધ્ધવ અને રાજ ઠાકરેના નિર્ણય પર. મહારાષ્ટ્ર અને મરાઠીઓ માટે દાયકાઓ જૂનું વેર ભૂલીને ઉધ્ધવ અને રાજ ઠાકરે એક થશે કે નહીં એના પર બધાની નજર છે.

ગુરુવારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેના દીકરા અમિત ઠાકરેએ સ્વજી અને શિવસેના (ઉધ્ધવ બાળાસાહેબ ઠાકરે-ે)ની યુતિની શક્યતાઓ વિશે પૂછતાં જણાવ્યું હતું કે 'બન્ને ભાઈઓએ માત્ર ફોન ઉપાડીને સમજૂતીની વાત કરવાની છે. મીડિયાના સાઉન્ડ-બાઈટ્સ કે ન્યુઝપેપરના ઈન્ટરવ્યુથી યુતિ ન બની શકે.'

થોડા દિવસ અગાઉ અમિત ઠાકરેના કઝિન અને શિવસેનાના

અનુસંધાન પાના ૭ પર


**અમેરિકાના રાજકારણમાં ભારે ઉત્તેજના**

# ટ્રમ્પને પદભ્રષ્ટ કરવા મહાભિયોગ પોસ્ટનું સમર્થન કરતા એલન મસ્ક

### મસ્કની કંપનીને સરકારી કોન્ટ્રાક્ટ ખતમ કરવાની ટ્રમ્પની ચીમકી

નવી દિલ્હી, તા. ૬

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉદ્યોગપતિ ઈલોન મસ્કની વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી મિત્રતા હવે ખુલીને દુશ્મનીમાં ફેરવાઈ ગઈ છે. ટ્રમ્પે મસ્કની કંપનીને સરકારી કોન્ટ્રાક્ટ અને સબસિડી ખતમ કરવાની ધમકી આપી તો મસ્કે વળતો પ્રહાર કરતા ટ્રમ્પે પદથી દૂર કરવા મહાભિયોગ




સાથે જોડાયેલા પોસ્ટનું સમર્થન કરી નવી ચર્ચા શરૂ કરી દીધી.

ઈલોન મસ્ક અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મતભેદ આખી દુનિયાની સામે આવી ગયો છે. હકીકતમાં તો એવું લાગી રહ્યું છે જાણે ઈલોન મસ્ક નવી પાર્ટી બનાવવા માટે વિચાર કરી રહ્યા છે.ઈલોન મસ્કે આ વિશે લોકોને પ્રશ્ન કરતા અમેરિકાનું રાજકારણ ગરમાયું છે. તેમણે લોકોને પોલ દ્વારા પૂછ્યું કે, શું અમેરિકામાં નવી પાર્ટીની જરૂર છે? આ સિવાય ઈલોન મસ્કે ટ્રમ્પ પર નિશાનો સાધ્યો અને તેમના બિગ બ્યૂટીફુલ બિલની આકરી ટીકા કરી. આ સિવાય એ પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, ટ્રમ્પ મારા વિના ચૂંટણી જીતી જ ન શકત.

ઈલોન મસ્કે દાવો કર્યો કે, 'જો હું ન હોત તો ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણી હારી જાત. ડેમોક્રેટ્સ હાઉસ પર કબ્જો કરી લેતા અને સિનેટમાં રિપબ્લિકન ફક્ત ૫૧-૪૯થી જીતતા.' મસ્કની ટ્રમ્પ માટેની આ

અનુસંધાન પાના ૭ પર

# ધીમે ધીમે આફ્રિકા ખંડ બે ટુકડામાં વિભાજીત થઈ રહ્યો છે

### ધરતી ફાટતા ૩૫૦૦ કિલોમીટર લાંબી તિરાડથી વૈજ્ઞાનિકો ચોંકયા

નવી દિલ્હી, તા. ૬

પૃથ્વીની છાતીમાં એક વિચિત્ર અને ચોંકાવનારી ઘટના બની રહી છે. આફ્રિકા ખંડમાં ૩,૫૦૦ કિલોમીટર લાંબી તિરાડ પડતાં વૈજ્ઞાનિકો અને સામાન્ય લોકોને આશ્ચર્ય થયું છે. આ માત્ર એક ભૌગોલિક ઉથલપાથલ નથી, પરંતુ લાખો વર્ષો પછી નવા ખંડ અથવા સમુદ્રનાં જન્મની શરૂઆત થઈ શકે છે.

આફ્રિકા ધીમે ધીમે બે ભાગમાં વિભાજિત થઈ રહ્યું છે, જેનાં માટે પૂર્વ આફ્રિકન રિફ્ટ સિસ્ટમ (ઈયર્સ) જવાબદાર હોવાનું માનવામાં આવે છે. ૩,૫૦૦ કિલોમીટર લાંબી આ તિરાડ ૩.૫ કરોડ વર્ષોથી ખંડને જુદા જુદા ભાગોમાં વિભાજિત કરી રહી છે.

વૈજ્ઞાનિકોને જાણવા મળ્યું છે કે પૃથ્વીની અંદરથી નીકળતું એક સુપરપ્લમ આના માટે જવાબદાર છે. આ ગરમ અને શક્તિશાળી વિસ્ફોટ માત્ર તિરાડો જ પેદા કરી રહ્યો નથી, પરંતુ જ્વાળામુખીની પ્રવૃત્તિઓ અને ધરતીકંપોને પણ જન્મ આપી રહ્યો છે.

ઈસ્ટ આફ્રિકન રિફ્ટ સિસ્ટમ (ઈયર્સ)ને સમજવી એ આ આખી વાર્તાનો આધાર છે. તે વિશ્વની સૌથી મોટી અને સૌથી સક્રિય તિરાડ

અનુસંધાન પાના ૭ પર

# રીઝર્વ બેંક દ્વારા વ્યાજ દરમાં ૫૦ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરવાનો નિર્ણય

### સતત ત્રીજી ધિરાણ સમીક્ષા બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો કરાતા પાંચ માસમાં કુલ ૧૦૦ બેઝીક પોઈન્ટ વ્યાજ ઘટયું.

નવી દિલ્હી, તા. ૬

રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એક મોટા નિર્ણયમાં રેપોરેટમાં ૫૦ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરીને નવો બેઝીક વ્યાજદર ૫.૫૦ ટકા કર્યો છે. આરબીઆઈ ગર્વનર સંજય મલ્હોત્રાના વડપણ હેઠળ છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી આરબીઆઈ મોનેટરી પોલીસી બેઠકના અંતે આજે આ ઘટાડોની જાહેરાત કરી હતી.રીઝર્વ બેંકે આ રીતે સતત ત્રીજી વખત વ્યાજદર ઘટાડયો છે. જયારે આરબીઆઈ પાસે ૨૫ બેઝીક પોઈન્ટ ઘટાડાની આશા હતી. આ અગાઉ આરબીઆઈએ ફેબ્રુઆરી અને એપ્રિલમાં ૨૫-૨૫ પોઈન્ટ બેઝીક ઘટાડયા છે. તેના કારણે છેલ્લા પાંચ માસમાં ત્રીજી વખત રેપોરેટ ઘટાડી કુલ એક ટકાનો ઘટાડો થતા આગામી દિવસોમાં હાઉસીગ ઓટો સહિતની લોન સસ્તી થશે.આરબીઆઈના નિર્ણયથી આગામી સમયમાં તમામ પ્રકારના ધિરાણ સસ્તા થશે. રીઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ વધુ એક સરપ્રાઈઝ આપતા બેંકોમાં લીકવીડીટી વધારવા માટે કેશ રીઝર્વ રેશીયો બેંકોને દર સપ્તાહના અંતે ચોકકસ રોકડ રકમ રાખવાની આવશ્યકતા રહે છે તેમાં ૧૦૦ બેઝીક પોઈન્ટનો ઘટાડો કર્યો છે.જોકે તે ચાર તબકકામાં લાગુ થશે અને સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં તે અમલી બની જશે. આ આરબીઆઈએ બેંકો અને ધિરાણ લેનારને ડબલ ગીફટ આપી છે. રીઝર્વ બેંકે ફુગાવોનો અંદાજ વધુ ઘટાડયો છે અને જણાવ્યું હતું કે સારા ચોમાસાના કારણે આગામી સમયમાં ફુગાવો ૩.૭૦ ટકા હાલ હોવાનું જણાવ્યું હતું અને તે ૩.૪૦ ટકા જેટલો નીચો જશે તેવો અંદાજ આપ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

# ભૂખ્યા હાથીએ કરિયાણાની દુકાનમાં ઉત્પાત મચાવ્યો

### ભૂખના કારણે જંગલમાંથી હાથી ગામમાં આવી ગયો

બેંગકોક, તા. ૬

હાથીને ભૂખ લાગે તો એ ભયંકર ઉત્પાત મચાવી શકે છે. જોકે થાઈલેન્ડમાં એક જંગલી હાથીને ભૂખ લાગી તો એ જંગલ છોડીને નજીકના ગામમાં આવેલી કરિયાણાની દુકાનમાં આવી ગયો હતો.

થાઈલેન્ડના આ ગામની સીમને અડીને આવેલ જંગલમાં અનેક હાથીઓ રહે છે અને અવારનવાર ભૂખ લાગે ત્યારે ગામમાં ઘૂસી જતા હોય છે. જોકે આ વખતે તો હાથીએ હદ કરી નાખી હતી. ખાવાની સુગંધ અને ભૂખની તીવ્રતાએ હાથીને એટલો ઉશ્કેર્યો કે તેણે દુકાનની છત, દરવાજો કે અંદરની ગોઠવણીનું કંઈ ધ્યાન ન આપ્યું અને દરેક વસ્તુઓ વેરવિખેર કરી નાખી હતી.

હાથીને અંદર જોઈને દુકાનદાર અને ગ્રાહકો બધા જ ડરીને દુકાન છોડીને બહાર ભાગી ગયા. લોકોએ વનવિભાગની ટીમને જાણ કરતાં તરત જ નિષ્ણાતોની ટીમ આવી પહોંચી હતી. હાથીએ કોઈ માણસને નુકસાન નહોતું પહોંચાડયું. વનવિભાગના નિષ્ણાતોએ ધીમે-ધીમે હાથીને દોરીને ગામની બહાર કાઢી નાખ્યો હતો.

# યુક્રેનના રહેણાંક વિસ્તારોમાં રશિયાના હુમલામાં ૫નાં મોત

### ડ્રોન- ક્રૂઝ અને બેલિસ્ટિક મિસાઈલોથી રશિયાએ ઓપરેશન સ્પાઈડર વેબનો બદલો લીધો

નવી દિલ્હી, તા. ૬

રશિયાએ ૫ દિવસ પછી બદલો લીધો. બદલો એવો હતો કે યુક્રેન ફરી એકવાર પરાજિત થયું. રશિયાએ યુક્રેન પર ડ્રોનનો વરસાદ કર્યો અને બેલિસ્ટિક મિસાઈલોથી વિનાશ વેર્યો. યુક્રેનમાં એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરવામાં આવી છે. કિવના ઓબ્લાન અને ક્લિત્સ્કોમાં સાયરન સતત વાગી રહ્યાં છે. રશિયન હુમલામાં યુક્રેનના ૫ લોકો મૃત્યુ પામ્યા છે, ખાર્કિવમાં ૪ બાળક ઘાયલ થયાં છે અને ડઝનબંધ લોકો ઘાયલ થયા છે.રાષ્ટ્રપતિ પુતિનને યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કર્યાને થોડા કલાકો જ થયા છે. આ સમય દરમિયાન તેમણે પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો.ટ્રમ્પે પત્રકારોને શું કહ્યું ટ્રમ્પે ૧ જૂને રશિયા પર યુક્રેનિયન હુમલા પછી પુતિન શું વિચારી રહ્યા હતા એ વિશ્વને જણાવ્યું. રશિયા પર યુક્રેનિયન હુમલા પછી ટ્રમ્પે પુતિન સાથે ૧ કલાક વાત કરી તેમને શાંત કરવા, પરંતુ પુતિન સહમત થવાના નહોતા. આ વાતચીત પછી પુતિનના મૂડનું વર્ણન કરતાં ટ્રમ્પે પત્રકારોને કહ્યું, "રાષ્ટ્રપતિ પુતિને મને ખૂબ જ સ્પષ્ટપણે કહ્યું કે તેમણે એરપોર્ટ પર તાજેતરના હુમલાનો જવાબ આપવો પડશે."૨૪ કલાકની અંદર પુતિને યુક્રેન પર હુમલો કર્યો ટ્રમ્પે

અનુસંધાન પાના ૭ પર

# ૪૩ ટકા ધનવાનો આવકના ૨૦ ટકા પણ બચાવી શકતા નથી

### ભારતના મોટા ભાગના અમીરોની આર્થિક હાલત સારી નથી

નવી દિલ્હી, તા. ૬

ભારત હવે વિશ્વની સૌથી મોટી ઈકોનોમી બનવા જઈ રહ્યું છે તે સમયે પણ આવક-સંપતિને સમાન વહેચણી મુદે પણ અનેક પ્રશ્નો છે અને અમીરો પાસે વધુને વધુ સંપતિનો સંગ્રહ થતો જાય છે અને ગરીબો તથા મધ્યમવર્ગની આવક યથાવત રહે છે તે વચ્ચે એક નવા સર્વેમાં એ જાણવા મળ્યુ છે કે ભારતમાં તમામ અમીરોની હાલત પણ સારી નથી.

40% અમીરો પણ કર્જમાં ડુબ્યા છે. ભારતમાં શેરબજારથી નાણાકીય બજાર- રીયલ એસ્ટેટના બુમ- જબરી તેજીથી એક વિશાળ વર્ગને મોટો લાભ થયો છે અને ખાસ કરીને દેશમાં બીલીયોનર્સની સંખ્યા એ વિશ્વમાં ટોચના ધનવાન દેશોના અબજોપતિઓની સંખ્યા સાથે સ્પર્ધા કરે છે પણ એક રિપોર્ટ મુજબ ભારતના 40% ધનવાનો જેમની સંપતિ અંગે અવારનવાર આંકડાઓ બહાર આવે છે.

તેઓના દેવા અંગે પ્રથમ

અનુસંધાન પાના ૭ પર

# ગ્લોબલ વોર્મિંગથી અઢી દાયકામાં અનાજની ભારે અછત સર્જાશે

### ઈન્ડિયન નેટવર્ક ફોર કલાયમેટ ચેન્જ એસેસમેન્ટના રિપોર્ટમાં ચિંતાજનક ખુલાસો

નવી દિલ્હી, તા. ૬

જલવાયું પરિવર્તન (ગ્લોબલ વોર્મિંગ)થી ખાદ્ય સુરક્ષાને મોટો ઝટકો લાગી શકે છે. તાપમાનમાં વૃદ્ધિ, અનિયમીત વરસાદ, દુકાળ પુર અને હિટવેવ જેવી હવામાનની ઘટનાઓની સીધી અસર ખેતી પર પડી શકે છે. જેથી ૨૦૫૦ સુધી મુખ્ય ખાદ્યાન્ન પાકોનાં ઉત્પાદનમાં ભારે ઘટ આવી શકે છે.

અસિંચીત ક્ષેત્રોમાં ખાધાન ઉત્પાદનમાં ૧૦ થી ૩૦ ટકા ઘટની આશંકા છે. આઈએનસીસીએનાં રિપોર્ટ બાદ ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ફાર્મલ એસોસીએશન (ફફા)એ જલવાયું પરિવર્તનથી સંભવિત ક્ષતિ પર ચિંતા બતાવતાં ખેડુતોની આવક વધારનાર હવામાન અનુકુળ કૃષિ પર જોર આપવામાં આવ્યું છે.

ઈન્ડીયન નેટવર્ક ફોર કલહમેટ ચેન્જ એસેસમેન્ટ (આઈએનસીસીએ)નાં રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સૌથી વધુ અછત ઘઉં તેમજ ધાન જેવી મુખ્ય પાકોની ઉપજમાં થઈ શકે છે. ઘઉંમા ૬ થી ૨૫ ટકા અને ધાનમાં ૩ થી ૧૫ ટકા સુધી ઘટ આવી શકે છે. આવી હાલત સિંચિત ક્ષેત્રોમાં પણ થશે.

સંગઠને વિશ્વ પર્યાવરણ દિવસે દિલ્હીમાં સેમિનારનું આયોજન કરીને એક ખાસ રિપોર્ટ જાહેર કર્યો હતો જેમાં ખેતીના પડકારોના નિકાલ કરવા માટે નવી ટેકનિકો ખેડુત સુધી પહોંચાડવાના

અનુસંધાન પાના ૭ પર



# એનટીપીસી કવાસ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

## શપથ ગ્રહણ પ્રભાત ફેરી અને વૃક્ષારોપણ કરાયું

સુરત, તા.૬

૫ જૂન ૨૦૨૫ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, NTPC કાવાસ ખાતે શપથ ગ્રહણ, પ્રભાત ફેરી અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય કર્મચારીઓ અને તેમના પરિવારોમાં પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી વિશે જાગૃતિ લાવવાનો હતો. પ્રોજેક્ટ હેડ શ્રી સુરેશ જોન ડેવિડના નેતૃત્વ હેઠળ, NTPC કર્મચારીઓ, તેમના પરિવારો અને CISF જવાનોએ સિંગલ યુઝ પ્લાસ્ટિક ટાળવા અને ઉર્જા સંરક્ષણને પ્રોત્સાહન આપવાની પ્રતિજ્ઞા લીધી. આ દરમિયાન, બાલિકા સશક્તિકરણ મિશન (GEM) ૨૦૨૫ ની વિદ્યાર્થીનીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સ્વચ્છ, લીલો અને સ્વસ્થ પર્યાવરણ જાળવવાની પ્રતિજ્ઞા લીધી. આ પ્રસંગે પ્રમુખ શ્રી સંજય કુમાર મિત્તલ, એડિશનલ જનરલ મેનેજર (O&M); શ્રી સંજીત કુમાર મિંજ, એડિશનલ જનરલ મેનેજર (HR); શ્રી વિનીત ગુપ્તા, એડિશનલ જનરલ મેનેજર (ટેકનિકલ સર્વિસીસ) અને શ્રીમતી. સ્વાતિ મહિલા મંડળના પ્રમુખ શનિજા એમ. જ્યોર્જ સહિત તમામ વિભાગના વડાઓ, કર્મચારીઓ, સ્વાતિ મહિલા મંડળના સભ્યો અને બાળકો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સમાપન ટાઉનશીપમાં વૃક્ષારોપણ અભિયાન સાથે થયું હતું જ્યાં GEM ૨૦૨૫ ના વિદ્યાર્થીઓ સહિત તમામ સહભાગીઓએ છોડ વાવ્યા હતા અને NTPC કાવાસની લીલા અને ટકાઉ ભવિષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# વેસુ વોકવે ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી

## ભારત વિકાસ પરિષદ દ્વારા ૩૫૦ તુલસીના છોડનું વિતરણ




સુરત, તા.૬

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, ભારત વિકાસ પરિષદ, સુરત મેઈન શાખાએ વેસુ વોક વે ખાતે કુંડા સાથે ૩૫૦ તુલસીના છોડનું વિતરણ કર્યું. હાજર રહેલા તમામ સભ્યોએ જીસ્ઝ દ્વારા આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં પણ ભાગ લીધો અને વૃક્ષારોપણ કર્યું. પ્રમુખ ભાવેશ ઓઝાએ જણાવ્યું હતું કે પર્યાવરણ દિવસ એક દિવસનો ઉત્સવ ન હોવો જોઈએ પરંતુ આપણી દૈનિક જીવનશૈલીનો ભાગ હોવો જોઈએ. આપણે દરરોજ વિચારવું જોઈએ કે આજે આપણે પર્યાવરણ માટે શું કર્યું છે? કારણ કે જો આપણે પર્યાવરણની સંભાળ રાખીશું તો જ તે આપણા માટે સારું રહેશે. ખાસ મહેમાનોમાં કાઉન્સિલર શ્રી હિમાંશુભાઈ રાઉલ, શ્રીમતી કૈલાશબેન સોલંકી, શ્રી વિજયભાઈ ચૌમલ, શ્રી નાગરભાઈ પટેલનો સમાવેશ હતો જેઓ હાજર રહ્યા હતા અને આ ઉમદા કાર્યને પ્રોત્સાહન આપ્યું હતું. કાર્યક્રમ સંયોજક શ્રી કિશન શર્માએ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેનત કરી, ભા.વિ.પ.ના શ્રી રૂપીન પચ્ચીગર( માજી પ્રમુખ), શ્રીમતી આયુષી સભરવાલ (પ્રાંતીય કન્વીનર, મહિલા સંયોજિકા) હાજર રહ્યા હતા. શ્રી વિજય અજમેરાએ પર્યાવરણ પર એક કવિતા વાંચી હતી. શાંતિલાલ, સચિન, ચેતન, વિકાસ, રાજેશ, પવન, દીપક, બળવંત, વિકાસ, સની, વિજય અને રાજેશ પંડિત તથા અન્ય કાર્યકરોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી રહ્યા હતાં.

# સંત નિરંકારી મિશન દ્વારા વ્યાપક વૃક્ષારોપણ અને સ્વચ્છતા ઝુંબેશ

## પ્રકૃતિ પરમાત્માનો અમૂલ્ય ઉપહાર સંરક્ષણ આપણી જવાબદારી

સુરત, તા.૬

પ્રકૃતિ માનવજીવનની સદા-સંગીની રહી છે, તેની છત્રછાયામાં સભ્યતાઓનો અને સંસ્કૃતિઓનો વિકાસ થયો છે અને તેનાથી માનવજીવનનો નિરંતર વિકાસ થયો છે પરંતુ જ્યારે માનવીએ પોતાના સ્વાર્થ માટે તેના સંતુલનમાં હસ્તક્ષેપ કર્યો છે ત્યારે આ જીવનદાયિની પ્રકૃતિ ક્ષતિગ્રસ્ત બની છે. આજનો માનવ ભૂલી જાય છે કે તે પોતે પણ આ પ્રકૃતિનો જ એક ભાગ છે. આજે પર્યાવરણીય સંકટનો પડઘો વૈશ્વિક ચેતનાને હચમચાવી રહ્યો છે ત્યારે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા દર વર્ષે ૫મી જૂને 'વિશ્વ પર્યાવરણ દિવસ'નું આયોજન કરવામાં આવે છે.આ વૈશ્વિક પહેલથી પ્રેરિત થઈને સતગુરૂ માતા સુદીક્ષા જી મહારાજના દૂરદેશી અને જન કલ્યાણકારી નેતૃત્વ હેઠળ સંત નિરંકારી મિશનની સામાજિક શાખા,સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા ૫મી જૂનના રોજ સવારે ૮.૦૦ થી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી દેશભરના કુલ અઢાર પહાડી પર્યટન સ્થળોએ એક વિશાળ વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું, જે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા નિર્ધારિત 'પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો' થીમ પર આધારીત છે. સાપુતારામાં ૧૦૦ થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા. આ પ્રયાસ ફક્ત સ્વચ્છ, હરિયાળું

અનુસંધાન પાના ૭ પર

# શિક્ષણ ભારતી બી.એડ. કોલેજનું ગૌરવ

સુરત, તા.૬

ભગવાન મહાવીર યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ ભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન વેસુ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ - ૨૫માં બી.એડ.સેમેસ્ટર - ૪ની લેવાયેલી પરીક્ષામાં ગૌરવ નાયકાવાલાની સુપત્રી હેરી ગૌરવ નાયકાવાલા તેમજ બેગમપુરા ખાતે આવેલી ચેવલી શેરીમાં રહેતા ગાંધી પરિવારની પુત્ર વધુ હેરી યશ ગાંધીએ ૯.૭૦ CGPA સાથે સમગ્ર યુનિવર્સિટીમા પ્રથમ ક્રમ પ્રાપ્ત છે.બીજા ક્રમે રાણા અંજલી શૈલેષકુમાર ૯.૬૬.CGPA પ્રાપ્ત કર્યો હતો, જ્યારે ત્રીજા ક્રમે ગામીત રબીતાબેન મગનભાઈ ૯.૬૧ ઝ્રખ્‌છ પ્રાપ્ત કર્યો હતો,સમગ્ર યુનિવર્સિટીનું ખૂબ જ ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરવા બદલ દરેક તાલીમાર્થી મિત્રોને કોલેજના આચાર્યશ્રી અને એજ્યુકેશન ફેકલ્ટીના ડીન ડૉ.દિલીપભાઈ પટેલ સાહેબે તથા કોલેજના અધ્યાપકશ્રીઓ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# એએમ-એનએસ ઈન્ડિયા દ્વારા વિજય પર્યાવરણ દિનની ઉજવણી



સુરત, તા.૬

AM/NS INDIA સુરત વન વિભાગ સુરત અને ગ્રીન ગાર્ડિયન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજરોજ ડુમ્મસ દરિયા ગણેશ બીચ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી અને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે બીચ ક્લિનિંગનું કામ કરવામાં આવ્યું

# કૃભકો પ્લાન્ટ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

## પ્લાન્ટની આસપાસના વિસ્તારોમાં વૃક્ષારોપણ

સુરત, તા.૬

કૃભકો પર્યાવરણ બચાવવા માટે પ્રતિબદ્ધ છે અને તેની સામાજિક જવાબદારીના ભાગરૂપે વિવિધ પગલાં લઈ રહ્યું છે. આવર્ષે ૫ જૂન, ૨૦૨૫ નારોજવિશ્વપર્યાવરણદિવસનિમિત્તે, કૃભકોના હજીરા પ્લાન્ટના કાર્યકારી નિર્દેશક શ્રીપી. ચંદ્રમોહન અને કૃભકોના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્લાન્ટ અને ટાઉનશીપના આસપાસના વિસ્તારોમાં વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્લાસ્ટિક મુક્ત વાતાવરણનો સંદેશો ફેલાવવાના અને પર્યાવરણીય સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે કૃભકો દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે, કૃભકો હજીરા પ્લાન્ટ પરિસરમાં ૩૫૦ ફળ આપતા વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ તેમજ ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા દ્વારા જાગૃતિ સંદેશા ફેલાવવામાં આવ્યા હતા. કૃભકો પર્યાવિશ્વરણનું રક્ષણ કરવાની તેની નૈતિક જવાબદારીને ઓળખે છે અને તેની કામગીરીમાંથી ઉદ્ભવી શકે તેવી કોઈપણ પ્રતિકૂળ પર્યાવરણીય અસરને ઘટાડવા માટે શ્રેષ્ઠ ઉપલબ્ધ ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેની તમામ પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા પ્રતિબદ્ધ છે. કૃભકો એક "ઝીરો એફ્લુઅન્ટ ડિસ્ચાર્જ સંસ્થા" છે.

# ડીસ્ટ્રીક્ટ કલ્ચર સેન્ટરમાં પર્યાવરણ દિનની ઉજવણી

સુરત, તા.૬

આજરોજ "વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ડિસ્ટ્રીક્ટ કલ્ચર સેન્ટર, અલથાણ ખાતે આયોજિત "વૃક્ષારોપણ" કાર્યક્રમ અને વિના મૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાના મેયર શ્રી Daxesh Mavani જી, ધારાસભ્યશ્રી Sandip Desai જી, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી Rajan B Patel , કમિશનર શ્રીમતી શાલિનીબેન અગ્રવાલ, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, કોર્પોરેટેશ્રીઓ, અધિકારીશ્રીઓ અને નાગરિકશ્રીઓ ઉપસ્થિત રહ્યા.



# જાણીતા ચિત્રકાર સનત દવેના જાદુગરોના ૬૬ પોટ્રેટે રેકોર્ડ નોંધાવ્યો

સુરત, તા.૬

સુરત : જાણીતા ચિત્રકાર સનત દવેએ દેશના વિવિધ રાજ્યોના ૬૬ કરતા વધુ જાદુગરોના પેન્સિલ પોટ્રેટ બનાવ્યા હતાં. માત્રને માત્ર જાદુગરોના પોટ્રેટ બનાવવા એ એક વિશેષ રેકોર્ડ બનવા સાથે મુંબઈના OMG WORLD RECORD ઓર્ગેનાઈઝેશનના ડારેક્ટર દિનેશ ગુપ્તા તરફથી ચિત્રકાર સનત દવેનો આ રેકોર્ડ નોંધીને તેમને સન્માન સાથે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું. ચિત્રકાર સનત દવે 'ગુજરાતમિત્ર' સાથે જોડાયેલા છે. આગામી ૮મી જુને તેમના ૬૬માં જન્મદિવસે પેન્સિલ પોટ્રેટનો અંક ૬૬ પણ અનાયાસે મેળ ખાતો હોઈને આ અવસર વિશેષ બની રહ્યો હતો. મિત્રો, સ્નેહીઓ અને શુભેચ્છકોએ તેમને શુભેચ્છા પાઠવી હતી.






# અડાજણમાં વેસ્ટ પ્લાસ્ટીક એકત્ર કરવાનું અભિયાન

## સામાજીક કાર્યકર સુષ્માબેન કોસંબીયા દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી

સુરત, તા.૬

આજે, તારીખ ૫/૬/ ૨૦૨૫ , ના રોજ આપણે સૌ વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવીએ છીએ. પર્યાવરણનું રક્ષણ એ કલ્પના નહી પરંતુ એક જવાબદારી છે. તેથી સામાજિક કાર્યકર અને અડાજણ એરીયા લેવલ ફેડરેશનના પ્રમુખ સુષ્માબેન મનોજભાઈ કોસંબીયાએ દેશ માટેની નાની જવાબદારી સમજી, આજ રોજ વેસ્ટ પ્લાસ્ટિક કલેક્શન કરવાનો પ્રોગ્રામ રાખ્યો હતો. તેમાં મારા વિસ્તારના બાળકોએ પોતાના ઘરેથી અને આજુબાજુ માંથી નકામુ પ્લાસ્ટિક અને પ્લાસ્ટિકની પોલીથીન બેગો વગેરે ઉઘરાવી હતી, અને જે એસ,એમ,સી, દ્વારા સ્વચ્છતા એક્સપ્રેસ નામની જે ગાડી, પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન કરે છે. તેમને બોલાવી બેસ્ટ પ્લાસ્ટિક આપ્યું. અને પાણી બચાવી, પ્લાસ્ટિક મુક્ત, ભારત બનાવવા માટેના અભિયાનમાં સરકારશ્રી ને અમે નાનો સરખો સાથ સહકાર આપ્યો.એ માટે અમને સૌને ખૂબ આનંદ થયો. અમો, અને બાળકોએ નક્કી કર્યું કે અમારી ટીમ લોકોને જાગૃત કરીશુ. આ પ્રોગ્રામમાં અડાજણ એરીયા લેવલ ફેડરેશન ના ખજાનચી રમીલાબેન સુરતી, નયનાબેન કંથારીયા, અને એસ,એમ,સી ની જે ટીમ વેસ્ટ પ્લાસ્ટિક કલેક્શન કરે છે.

# વકીલ જાગૃતિબેન સોનાવીયા નોટરી પબ્લીક તરીકે નિયુક્ત

સુરત, તા.૬

ગણેશપુરા સ્થિત અમરોલી મુકામેના સિનિયર મહિલા વકીલ શ્રીમતી જાગૃતિ વિજયભાઇ સોનાવીયાની કેન્દ્ર સરકાર ધ્વારા કાયદા - ન્યાય વિભાગનાં નેજા હેઠળ સંચાલિત સક્ષમ નોટરિયલ ઓથોરિટીએ તાજેતરમાં નોટરી પબ્લિક તરીકેની વરણી નોટરીયલ એક્ટ અન્વયે કરેલ છે, સબબ, સદર વકીલાત અંગેના સેવાલક્ષી ઉમદા વ્યવસાયમાં શ્રીમતી જાગૃતિ વિજયભાઇ સોનાવીયા સને ૧૯૯૮ ના અરસાથી સિનિયર વકીલ તરીકે કાર્યરત અને સક્રિય રહેલા છે, તદુપરાંત તેણી શ્રીમતી જાગૃતિ વિજયભાઇ સોનાવીયા વિવિધ પ્રકારની કાનૂની તથા સામાજિક સેવા નિષ્ઠા અને ખંતપૂર્વક સતત ૨૭ વર્ષ ઉપરાંતથી અવિરતપણે બજાવે છે.



# પલસાણા દૂધ મંડળી દ્વારા સહકાર રત્ન માનસિંહ પટેલનું સન્માન

## દૂધ મંડળીની ૬૯મી વાર્ષિક સાધારણ સભામાં બહુમાન કરાયું

સુરત, તા.૬

ગતરોજ પલસાણા દૂધ અને શાકભાજી વેચાણ કરનારી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાય હતી. શરૂઆતમાં મંડળી પરિસરમાં વ્રુક્ષારોપણ કાર્યક્રમ કરી ''ઈફકો સહકાર રત્ન'' સુમુલના ચેરમેન શ્રી માનસિંહ પટેલનું સન્માન કરાયું હતું.

ત્યારબાદ મંડળીના પ્રમુખ શ્રી મુકેશભાઈ પટેલે એ મંડળીના વર્ષ ૨૦૨૪ ૨૫ ના વાર્ષિક હિસાબ અહેવાલ રૂપે રજૂ કર્યો હતો. મંડળી દ્વારા કરવામાં આવેલ હાર્ડવેર,ગ્રોસરી,ડીઝલ પંપ વગેરેની કામગીરી વર્ણવી હતી અને કાર્યસુચી મુજબના કામો સર્વાનુમતે પૂર્ણ થયા હતા.ગત વર્ષે પલસાણા દૂધ મંડળી દ્વારા સુમુલ ડેરીમાં અંદાજીત ૩૭ લાખ લીટર દૂધ મોકલી ૨૦ કરોડની આવક મેળવી હતી. આ પ્રસંગે નેશનલ સુગર ફેડરેશનના ઉપપ્રમુખ શ્રી કેતનભાઈ પટેલ, ગુજરાત ફ્રૂટ્સ એન્ડ વેજીટેબલ ફેડરેશન-બારડોલીના પ્રમુખ શ્રી રાજેશભાઈ, પલસાણા તાલુકાના સુમુલના ડીરેક્ટર શ્રી ભરતસિંહ સોલંકી અને પલસાણા તાલુકાના સહકારી આગેવાનો અને દૂધ મંડળીના હોદ્દેદારો હાજર રહ્યા હતા. આવતીકાલે માંડવી મુકામે મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ- આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસના અધ્યક્ષ સ્થાને માનસિંહ પટેલના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

# વર્લ્ડ બાઈસિકલ દિવસ નિમિત્તે ગજેરા ગ્લોબલ સ્કૂલ દ્વારા સાઈકલ રેલી



સુરત, તા.૬

ગજેરા ગ્લોબલ સ્કૂલ, પાલ દ્વારા ૩ જૂને વિશ્વ સાઈકલ દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓમાં સાઇકલિંગ પ્રત્યે જાગૃતિ લાવવા અને પ્રદૂષણ રહિત જીવન જીવવાના સંદેશ સાથે એક ખાસ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં ધોરણ ૬ થી ૧૨ ના ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિદ્યાર્થીઓએ રેલી દરમ્યાન લોકોમાં સાઇકલ ચલાવવાના ફાયદા અંગે જાગૃતિ ફેલાવી, તેમજ સ્વસ્થ અને પર્યાવરણપ્રેમી જીવનશૈલી અપનાવવાની અપીલ કરી. રેલીને સ્કૂલના પ્રિન્સીપાલ શ્રીમતિ શ્વેતા પરિવારે લીલી ઝંડી આપીને પ્રારંભ કરાવ્યો. તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા કહ્યું કે, ''સાયકલિંગ માત્ર એક કસરત નહીં, પણ આ પર્યાવરણ બચાવવાનો એક સરસ ઉપાય છે.''

આ પ્રકારની પ્રવૃત્તિઓથી બાળકોમાં નાગરિક જવાબદારી અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ વધે .

# ખેરગામ નદીના કિનારે નમો વડ વનનું લોકાર્પણ કરાયું

## વન વડનું લોકાર્પણ કરતા ધારાસભ્ય નરેશભાઈ પટેલ



ખેરગામ, તા.૬

ખેરગામના ભૈરવી ઔરંગા નદીના કિનારે આવેલું સુપ્રસિદ્ધ શનિદેવ મંદિરના લગોલગ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે નમો વડ વનનું લોકાર્પણ ધારા સભ્ય નરેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

ખેરગામ તાલુકાના ભૈરવી ગામે થી પસાર થતી ઔરંગા નદીના કિનારે આવેલું સુપ્રસિદ્ધ શનિદેવ મંદિરના લગોલગ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નવસારીના સામાજિક વનીકરણ વિભાગ દ્વારા નવનિર્મિત નમો વડ વન નું લોકાર્પણ ધારાસભ્ય નરેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું જેમાં ભાજપ પ્રમુખ લિતેશ ગાવિત, મહામંત્રી ચેતન પટેલ વિજય રાઠોડ, તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઈ,ઉપપ્રમુખ લીનાબેન અમદાવાદી ગામના સરપંચ સુનિતાબેન રાજેશભાઈ પટેલ,માજી જિલ્લા પંચાયત પ્રમુખ ભીખુભાઈ આહીર,ન્યાય સમિતિ અધ્યક્ષ પૂર્વેશભાઈ ખાંડાવાલા,મહિલા મોરચા પ્રમુખ જીજ્ઞાબેન પટેલ,ભાજપ અગ્રણી તારાબેન ખાંડાવાલા, માજી જિલ્લા પંચાયત સભ્યો પ્રશાંતભાઈ પટેલ, દિનેશભાઈ હસમુખભાઈ,સુનિલભાઈ સહિત મોટી સંખ્યામાં ગામના લોકો ઉપસ્થિત રહ્યા હતા. નરેશભાઈ પટેલ સહિત અગ્રણીઓએ સાથે ફરીને નમો વડ વનનું નિરીક્ષણ કર્યું હતું સાથે તેમણે જણાવ્યું હતું કે ખેરગામના ભૈરવી ગામે ઔરંગા નદી કિનારે ફોરેસ્ટ વિભાગે ખૂબ મહેનત કરીને નમો વડ વન જેમાં ૨૦૦ જેટલા વડના વૃક્ષ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે વાવેતર કરાયું છે.આદિવાસી વિસ્તાર છે.આદિવાસી વિસ્તારના લોકો હર હંમેશાં વૃક્ષનું જતન વૃક્ષ ની પૂજા પણ કરતા હોય છે અને એક નમો વડ વન પૌરાણિક જગ્યા પણ છે

અનુસંધાન પાના ૭ પર

# બારડોલીના બામણી ગામે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ

## ૫ હજાર વૃક્ષોનું રોપણ કરીને જતન કરવાનો સામૂહિક સંકલ્પ લેવાયો



સુરત, તા.૬

વિશ્વ પર્યાવરણ દિવસે બારડોલી તાલુકાના બામણી ગામે સવારે સાડા નવેક વાગ્યાના અરસામાં સામાજિક વનીકરણ રેન્જ, બારડોલી ના સહયોગથી શ્રી ભુલાભાઈ રામભાઈ સ્મારક સાર્વજનિક હોસ્પિટલ ખાતે વૃક્ષારોપણ નો કાર્યક્રમ જીતેન્દ્ર ડી પટેલ (બામણી) ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો સાથે જ સંસ્થાના પટાંગણ માં આગામી સમયમાં પાંચ હજાર જેટલા વૃક્ષો રોપીને તેમનું જતન કરવા માટે નો સામૂહિક સંકલ્પ પણ લેવામાં આવ્યો હતો.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સામાજિક વનીકરણ રેન્જ બારડોલી ના સહયોગથી બામણી ગામે શ્રી ભુલાભાઈ રામભાઈ સ્મારક સાર્વજનિક હોસ્પિટલ ખાતે જિલ્લા પંચાયતમાં કારોબારી અધ્યક્ષ તેમજ બામણી ગામના સહકારી આગેવાન જીતેન્દ્ર ડી. પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે ઉપસ્થિત સંસ્થાના આગેવાનો તેમજ અન્યોની પ્રેરક હાજરીમાં અધ્યક્ષ સ્થાનેથી તેઓએ જણાવ્યું હતું કે છોડમાં રણછોડ છે તેમાં ધાર્મિક ભાવ છે, અને જળ એ જીવન છે તેમાં વિજ્ઞાનનું તથ્ય છે પરંતુ બંને વાક્યોમાં કુદરતી સ્ત્રોત એટલે કે પર્યાવરણનું મહત્વ છે પર્યાવરણ એ જીવસૃષ્ટિનો આધાર છે અને કુદરતી સંસાધનો જ રાષ્ટ્રની ખરી સંપતિ છે જે રાષ્ટ્રની સુખાકારીનો આધાર બને છે વિશ્વ પર્યાવરણ દિવસને કેન્દ્રમાં રાખીને તેમને જણાવ્યું હતું કે વર્તમાન સમયે ઋતુચક્રમાં થયેલો ફેરફાર ચિંતાજનક છે અને જળવાયુ પરિવર્તન મોટું સંકટ બની રહ્યું છે પરી એટલે ફરતે અને આવરણ એટલે કે ફરતે

અનુસંધાન પાના ૭ પર

# ફેટી લીવરમાં પણ ઉપયોગી છે યોગાસન

**આ ૨૧ જૂનના દિવસે આપણે 'વિશ્વ યોગ દિવસ' ઉજવીશું. યોગના ફાયદા શારીરિક તો છે જ સાથે માનસિક પણ છે. આ ઉપરાંત કેટલાક યોગાસન શરીરની આંતરિક વ્યાધિને દૂર કરવામાં પણ કારગત સાબિત થાય છે. આજકાલ નાની ઉંમરમાં લોકોને ફેટી લીવરની સમસ્યા બહુ પજવે છે. આ સમસ્યામાં પણ યોગ ઉપયોગી સાબિત થઇ શકે છે.**

**જ્યારે લીવરના કોષોમાં વધુ પડતી ચરબી જમા થવા લાગે છે ત્યારે તેને 'ફેટી લીવર' ર કહેવામાં આવે છે. વધુ પડતું તળેલું, મીઠુ, પ્રોસેસ્ડ ખોરાક અને આલ્કોહોલ ખાવાથી લીવરમાં વધારાની ચરબીનો સંચય થાય છે, જે લીવરની કામગીરીને અસર કરે છે. આના કારણે લીવરમાં સોજો, પેટમાં દુખાવો, ભૂખ ન લાગવી, થાક અને વજન ઘટવા જેવી સમસ્યાઓ થવા લાગે છે. જો સમયસર તેની સારવાર ન કરવામાં આવે તો, લીવર સિરોસિસ, લીવર ડેમેજ અને લીવર કેન્સરનું જોખમ વધી શકે છે.**



## અર્ધ મત્સ્યેન્દ્રાસન

આ આસન તણાવ દૂર કરે છે અને તમારા આંતરિક અવયવોને ઉત્તેજિત કરે છે. તે કરોડરજ્જુની ગતિશીલતામાં સુધારો કરે છે અને પાચન અંગોની કામગીરીમાં વધારો કરે છે. તે યકૃતમાં રક્ત પરિભ્રમણને સુધારે છે, જેનાથી અંગની કામગીરી સારી થાય છે.

## આ આસન કરવા માટે

બેસવાની સ્થિતિમાં શરૂઆત કરો. તમારા જમણા પગને તમારા ડાબા હિપની બહાર એવી રીતે રાખો, જેથી તમારો જમણો ઘૂંટણ આગળ તરફ રહે. તમારા ડાબા પગને તમારી જમણી જાંઘની બહાર લાવો. તમારા ડાબા હાથને તમારી પાછળ જમીન પર ટેકવો. તમારા જમણા હાથને તમારા ડાબા પગની બહાર ખસેડો. ધીમેધીમે તમારા ધડને ફેરવો અને બંને ખભા પર નજર રાખો. ૧ મિનિટ સુધી આ પોઝ રાખો. વિરુદ્ધ બાજુએ પુનરાવર્તન કરો.

## ધનુરાસન

આ આસાન થોડું મુશ્કેલ છે. યોગની પ્રારંભિક ક્રિયાઓમાં તમે અનુકૂળ થઈ ગયા હો ત્યારે જ આ આસન કરવું જોઈએ અને વિશેષ કે શરૂઆતમાં કોઈ જાણકારની હાજરીમાં અભ્યાસ કરવો જોઈએ. આ આસન કરવા માટે, યોગ મેટ પર પેટના બળે સૂઈ જાઓ. તમારા બંને હાથ સીધા રાખો. હવે ઘૂંટણ ઉપરની તરફ વાળીને શ્વાસ બહાર કાઢો. તમારી એડીઓને તમારા નિતંબની નજીક લાવો. હવે, હાથ વડે પગના અંગુઠાને પાછળની તરફ રાખીને ધનુષની કમાન બનાવવા કોશિશ કરો. હવે ઊંડો શ્વાસ લો અને તમારી છાતીને જમીનથી ઉપર ઉઠાવો. પછી શ્વાસ બહાર કાઢો અને શરૂઆતની સ્થિતિમાં પાછા ફરો. તમે આ આસન ૩ થી ૫ વખત કરી શકો છો.

## ભુજંગાસન

આ ઘણું સરળ આસાન છે. એક હળવો બેકબેન્ડ, કરોડરજ્જુને આરામ આપે છે, સ્નાયુઓને ખેંચે છે અને મજબૂત બનાવે છે. તે મૂળ શક્તિમાં સુધારો કરે છે, પેટના અવયવોને ઉત્તેજિત કરે છે અને આરામનો અનુભવ કરાવે છે. પેટના અવયવોમાં રક્ત પરિભ્રમણ નોંધપાત્ર રીતે સુધરે છે. આ આસાન કરવા તમારા પેટ પર પગ સીધા રાખીને સૂઈ જાઓ. કોણીને એવી રીતે વાળો જેથી તમારા હાથના પંજા માથાની સીધી રેખામાં રહે. આ રીતે હાથના બળે પીઠને ઉપર તરફ વાળો. આનાથી તમારા શરીરનો ઉપરનો ભાગ થોડો ઊંચો થશે, જેનાથી તમને હળવો બેકબેન્ડ મળશે. આ સ્થિતિમાં થોડી ક્ષણ રહો અને થોડીવાર શ્વાસ લેતા રહો. પછી નીચે આવો. ૨ કે ૩ વખત તમે રિપીટ કરી શકો છો. આ જ આસનને થોડું વધુ મુશ્કેલ બનાવવા અને પેટ સહિત શરીરના કમરથી ઉપરના ભાગને વધુ ખેંચાણ આપવા હાથોને છાતીની સીધી રેખામાં રાખીને પણ કરી શકાય છે.

## ગોમુખાસન

આ આસન કરવા માટે, યોગ મેટ પર બંને પગ આગળ રાખીને બેસો. તમારા બંને હાથ તમારી બાજુઓ પર રાખો. હવે તમારા ડાબા પગને ઘૂંટણ પર વાળો. આ પછી, તમારા જમણા પગને ઘૂંટણથી વાળો અને તેને ડાબા પગ પર રાખો. પછી તમારા ડાબા હાથને ખભા ઉપરથી પીઠ તરફ લઈ જાઓ. એ જ રીતે, તમારા જમણા હાથને કમર તરફથી પીઠ તરફ લઈ જાઓ જાઓ અને તમારા ડાબા હાથ પકડો. ૩૦ સેક્ધડ માટે આ સ્થિતિમાં રહો. ત્યાર બાદ વિરુદ્ધ દિશામાં ફરીથી આ સ્થિતિમાં આવો. પછી ધીમે ધીમે શરૂઆતની સ્થિતિમાં પાછા ફરો. આ પ્રક્રિયાને ૩ થી ૪ વાર પુનરાવર્તન કરો.

નવો યોગાભ્યાસ શરૂ કરતા પહેલા, યોગ્ય યોગાસન, સંભવિત ફેરફારો અને સલામતીના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે જાણકારનું માર્ગદર્શન અવશ્ય લેવું. ઉપરાંત ડોક્ટરની સારવાર ચાલતી હોય તો એમની પણ સલાહ લોપ.

સૌમ્ય, શિખાઉ માણસો માટે આવા અનુકૂળ આસનોથી વ્યક્તિગત પ્રેક્ટિસ શરૂ કરો. ધીમે ધીમે તમારી પોતાની ગતિએ પ્રગતિ કરો, હંમેશાં તમારા શરીરને સાંભળો અને શરીરની મર્યાદાઓને સમજીને યોગ કરો.

# ગરમી હાય તોબા! આંખો પર હિટ વેવની અસર વિશે જાણો



બળબળતો ઉનાળો શરૂ થતાં જ આપણે અકળાઈ જઈએ છીએ. ઉનાળાનો તીવ્ર તડકો અને હિટ વેવ આંખો માટે હાનિકારક હોઈ શકે છે. હિટ વેવ દરમિયાન આંખોનું રક્ષણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. હિટ વેવ આંખોને વધુ નુકસાન પહોંચાડી શકે છે, જાણો તેનાથી બચવાના ઉપાયો શું છેપઉનાળાની ઋતુ શરૂ થતાં જ દેશના ઘણા ભાગોમાં તાપમાન ઝડપથી વધવા લાગે છે. આ સમય દરમિયાન ગરમીની લહેર ફક્ત શરીરને જ નહી, પણ આંખોને પણ દઝાડે છે. નિષ્ણાતોના મતે વધુ પડતી ગરમી અને તીવ્ર સૂર્યપ્રકાશ આંખો માટે અત્યંત હાનિકારક હોઈ શકે છે. જો કાળજી ન લેવામાં આવે તો આંખોમાં બળતરા, શુષ્કતા અને લાલાશ પણ થઈ શકે છે.

આંખો પર હિટ વેવની અસર

હિટ વેવ દરમિયાન તાપમાન સામાન્ય કરતાં ઘણું વધારે વધી જાય છે. ગરમ પવન અને તીવ્ર સૂર્યપ્રકાશ આંખોમાં ભેજને ઝડપથી સૂકવી નાખે છે. જેના કારણે આંખો સૂકી થઈ જાય છે. જ્યારે આંખોમાં ભેજનો અભાવ હોય છે, ત્યારે બળતરા, ખંજવાળ અને ડંખ જેવી સમસ્યાઓ શરૂ થાય છે. આ ઉપરાંત તીવ્ર સૂર્યપ્રકાશમાં રહેલાં અલ્ટ્રાવાયોલેટ કિરણો આંખોને સીધું નુકસાન પહોંચાડી શકે છે. લાંબા સમય સુધી તડકામાં રહેવાથી કોર્નિયા બળી શકે છે, જેને ફોટોકેરાટાઇટિસ કહેવાય છે. આ એક પીડાદાયક સ્થિતિ છે જેમાં આંખોમાં તીવ્ર બળતરા થાય છે અને પ્રકાશ સહન ન કરી શકવા જેવી સમસ્યાઓ થાય છે.

હિટ વેવથી કોને વધુ જોખમ છે

હિટ વેવ દરમિયાન વૃદ્ધો, બાળકો અને પહેલાથી જ આંખોની સમસ્યાઓથી પીડાતા લોકો વધુ પ્રભાવિત થઈ શકે છે. આ ઉપરાંત જે લોકો લાંબા સમય સુધી બહાર રહે છે અથવા ખુલ્લામાં કામ કરે છે તેમની આંખો પર તેની વધુ અસર પડે છે.

હિટ વેવથી આંખને બચાવવાના ઉપાયો

સનગ્લાસ પહેરો – સારી ગુણવત્તાવાળા યુવી પ્રોટેક્શન સનગ્લાસ પહેરવાની સલાહ આપવામાં આવે છે. આ યુવી કિરણોથી રક્ષણ આપશે.

તડકામાં બહાર જવાનું ટાળો- જ્યારે સૂર્ય સૌથી વધુ પ્રખર હોય છે, એટલે કે બપોરે ૧૨ થી ૩ વાગ્યાની વચ્ચે, તમારે બહાર જવાનું ટાળવું જોઈએ.

આંખ ધોતા રહો – હિટ વેવથી તમારી આંખોને બચાવવા માટે, તમારે દિવસમાં ૨-૩ વખત ઠંડા પાણીથી તમારી આંખો ધોવી જોઈએ. આનાથી તમને તાજગી પણ મળશે.

હાઈડ્રેટેડ રહો – શરીરમાં પાણીની ઊણપથી આંખો પણ સૂકી થઈ જાય છે, તેથી ઉનાળામાં દરરોજ ૬ લિટર સુધી પાણી પીવું જોઈએ.

જો તમને તમારી આંખોમાં કોઈ સમસ્યા હોય તો – આંખનાં ટીપાંનો ઉપયોગ કરો. તેથી તમારે તાત્કાલિક ડોક્ટર પાસે જવું જોઈએ અને આંખના ટીપાં લેવા જોઈએ.

ઉનાળાનો તીવ્ર સૂર્ય અને હિટ વેવ આંખો માટે હાનિકારક હોઈ શકે છે. થોડી સાવધાની અને યોગ્ય કાળજીથી આંખોનું રક્ષણ કરી શકાય છે. જો કોઈને આંખોમાં અતિશય બળતરા, લાલાશ અથવા દુખાવો લાગે, તો તાત્કાલિક આંખના નિષ્ણાતનો સંપર્ક કરવો જોઈએ.

# 'આદું' ઉત્તમ ઔષધ

આયુર્વેદ શાસ્ત્રમાં વર્ણવેલ રસોડાની અંદરનાં ઔષધ દ્રવ્યોમાં આદુંનું ખૂબ મહત્ત્વનું સ્થાન છે. આદુંને સંસ્કૃતમાં આદ્રક કે કટુભદ્ર કહે છે અને તેનું લેટિન નામ ઝીઝીબર ઓફિસીનાલિસ છે. આદુંનો રસ કટુ એટલે કે તીખો અને તીક્ષ્ણ છે, પરંતુ વિપાક મધુર છે. એટલે હોજરીમાં પચ્યા પછી આદું મધુર બની જાય છે. 'આદું ગરમ પડે' – એ માન્યતા સાવ પાયાવિહોણી ને ખોટી છે. ચોમાસા ને શિયાળામાં વધુ ઉપયોગી એવું આદું આમ જુઓ તો આખું વર્ષ સેવન કરવા યોગ્ય છે. શાસ્ત્રમાં આદુંને પ્રતિદિન સેવનીય પથ્ય કહ્યું છે.

આદુંમાં નવા કોષો બનાવવાની (એનાબોલિઝમ) તેમ જ દોષોનો નાશ કરવાની (કેટાબોલીઝમ) બન્ને ક્ષમતાઓ છે. એટલે ચયાપચયની ક્રિયામાં આદું ખૂબ ઉપયોગી નીવડે છે.

દરરોજ જમ્યાં પહેલાં આદુંનો નાનો ટુકડો સૈન્ધવ સાથે ચાવીને ખાવાથી દિપન (ભૂખ લાગવી – એપેટાઇઝર) અને પાચન (ખોરાકનું પચવું – ડાઈજેસ્ટીવ) બન્ને કાર્યો ઉત્તમ રીતે થાય છે.



એક ઘરગથ્થુ સ્વાસ્થ્યરક્ષક અને રોગપ્રતિકારક ક્ષમતાવર્ધક પ્રયોગ તરીકે રોજ સવારે હરડે લેવાથી અને રોજ જમ્યાં પહેલાં આદું કે આદુંનો રસ લેવાથી ખૂબ ઉત્તમ પરિણામ પ્રાપ્તથાય છે.

આદું અને આદુંનો રસ શરીર માટે ઘણાં મહત્ત્વના કાર્યો કરે છે. જેમ કે, ગળામાં ચોંટેલા કફને છૂટ્ટો પાડે છે, અવાજ ખોલે છે, હૃદ્ય (હૃદયને શક્તિ આપનાર) છે, વાયુનું અનુલોમન કરે છે એટલે ગેસ, અપચો, ગભરામણ દૂર કરે છે, જૂની શરદીમાં આદું ખૂબ ગુણકારી છે. નિયમિત અને લાંબો સમય સેવન કરવાથી વારંવાર થતી શરદી અવશ્ય મટે છે.સામાન્ય રીતે વૈશાખ મહિનામાં આદુંનું વાવેતર થાય છે. ચોમાસામાં આદું ઉગે છે ને કારતકમાં એકદમ પાકટ બને છે. એટલે કારતકનું આદું શ્રેષ્ઠ કહ્યું છે.

તદુપરાંત તમામ પ્રકારનાં કૃમિમાં આદું અસરકારક છે. આધુનિક વિજ્ઞાનમાં વર્ણીત હુક વર્મ, થ્રેડ વર્મ, રાઉન્ડ વર્મ, ટેપ વર્મ વગેરે તમામ કૃમિમાં આદું ઉપયોગી છે. આદુ સારાંમાં સારું મૂત્રલ છે. આદુથી પેશાબ એકદમ સાફ અને છૂટથી આવે છે. આમવાત એટલે કે રહુમેટોઇડ અર્થરાઈટિસમાં પણ આદુંનાં ચમત્કારીક પરિણામ જોવામાં આવ્યાં છે. આદુંમાંથી જ બનતી સૂંઠ આદું કરતાં જુદાં ગુણધર્મો ધરાવે છે. પણ, ચુનાનું પાણી વાપરીને બનાવાતી સૂંઠ નુકસાનકારક નીવડે છે.

જે લોકોને શરીરમાં કારણ વગરની કળતર થતી રહે છે તેમના માટે તો આદું આશીર્વાદ સમાન છે. આવા દર્દીઓ માટે એક અનુભૂત પ્રયોગ યાદ રાખવા જેવો છે. ૧૦ ગ્રામ આદુંને ખૂબ ઝીણું કચરીને ૧ ચમચી ઘી મૂકીને શેકી નાખવું, તેમાં બે ચમચી ગોળ નાખેલું પા કે અડધો કપ પાણી ઉમેરી પાણી બળી જાય ત્યાં સુધી પકાવવું. ત્યારબાદ ઠંડુ થયે સેવન કરવું. લાંબા સમય સુધી ધીરજપૂર્વક આ પ્રયોગ કરવાથી કોઈ કારણ વગર થતો માથાનો દુઃખાવો અને શરીરનો દુઃખાવો (કળતર) બન્ને મટે છે. "સાજાને આદું અને માંદાને મગ આ ઉક્તિ ખરેખર ખૂબ સાચી છે. આદું તેનાં સ્વાસ્થ્ય રક્ષક ગુણને લઈને સમાજમાં પણ ખૂબ જ પ્રસિદ્ધ ને લોકપ્રિય છે. આદુંનો સ્વતંત્ર અને ચા, ઉકાળો, દૂધ, દાળ, શાક, સલાડ, ચટણી વગેરે અનેકાનેક વ્યંજનોમાં ઉપયોગ રોગીને ઔષધિ પ્રત્યે સૂગ કે કંટાળાથી બચાવે છે.

## વિશ્વ પર્યાવરણ દિવસ પર ઉભરાટ બીચ પર ૯૦૭ કિલોગ્રામ કચરો એકત્રિત કરવામાં આવ્યો

વલસાડ, વિશ્વ પર્યાવરણ દિવસ પર, રેસોનિયા લિમિટેડના ખાવડા IV C ટ્રાન્સમિશન પ્રોજેક્ટ દ્વારા વલસાડના ઉભરાટ બીચ પર કર્મચારીઓના નેતૃત્વમાં બીચ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ પ્રત્યેની તેમની સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી. ૧૦૦ થી વધુ સમર્પિત ટીમ સભ્યોએ તેમના વ્યસ્ત સવારમાંથી ૯૦૭ કિલોગ્રામ કચરો એકત્રિત કરવા અને દૂર કરવા માટે સમય કાઢ્યો હતો, જેનું સંચાલન પછી જવાબદારીપૂર્વક કરવામાં આવ્યું હતું. આ પ્રયાસ વન વિભાગની પરવાનગીઓ દ્વારા શક્ય બન્યો હતો અને તે સ્થાનિક પર્યાવરણ અને સમુદાય કલ્યાણમાં યોગદાન આપવાની રેસોનિયાની આકાંક્ષાઓ સાથે સુસંગત છે.વિશ્વ પર્યાવરણ દિવસ ફક્ત ઉજવણીનો દિવસ નથી પણ આપણા બધાના બાળકો માટે સ્વચ્છ અને હરિયાળા ભવિષ્ય માટે આપણી પ્રતિબદ્ધતાને નવીકરણ કરવા માટે પણ છે. ઉભરાટ બીચ સુરતથી માત્ર ૫૦ કિલોમીટર દૂર એક મનોહર દરિયા કિનારાનો વિસ્તાર છે, જે રહેવાસીઓ અને પ્રવાસીઓ બંનેને દરિયાકાંઠાની હવાનો આનંદ માણવાની તક આપે છે અને તેમના રોજિંદા અનુભવમાંથી રાહત આપે છે. તે ભારતના ૭,૫૦૦ કિમીના દરિયાકાંઠા પર વિચારવિહીન કચરાના ફેલાવાની નકારાત્મક અસરનું પણ પ્રતિબિંબ પાડે છે, જેમાં પ્લાસ્ટિક પ્રદૂષણમાં વધારો દરિયાઈ જીવન માટે ગંભીર જોખમ ઊભું કરે છે. દરિયાકાંઠાના પ્રદેશો શહેરીકરણ અને પર્યટનના દબાણનો સામનો કરી રહ્યા છે, ત્યારે આવા હાથવગા પુનઃસ્થાપન પ્રયાસો ડાયલને ફરીથી સેટ કરવા અને વહેંચાયેલ કુદરતી જગ્યાઓની સંભાળ અને જાળવણીને પ્રોત્સાહન આપવા માટે આવશ્યક છે.ખાવડા IV C ટ્રાન્સમિશન પ્રોજેક્ટ લિમિટેડના પ્રોજેક્ટ ડિરેક્ટર કમલેશ ગર્ગે સ્વયંસેવકો અને આયોજક ટીમનો આભાર માન્યો અને કહ્યું: "રેસોનિયાટકાઉપણા (સસ્ટેઈનેબીલીટી) માટેખૂબજપ્રતિબદ્ધછે, અને અમે તે પ્રતિબદ્ધતાને અર્થપૂર્ણ કાર્યવાહીમાં રૂપાંતરિત કરવામાં માનીએ છીએ. આ બીચ સફાઈ ફક્ત કચરો દૂર કરવા વિશે જ નહોતી; પરંતુ અમારી ટીમ માટે સ્થાનિક સમુદાયને પાછા આપવાની તક પણ હતી. આ પહેલ પર્યાવરણીય સંભાળને પ્રોત્સાહન આપવા અને અમારા કર્મચારીઓ અને ભાગીદારોમાં ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ છે."



# ખસખસના દાણા સ્વાદની સાથે શરીરનું સ્વાસ્થ્ય પણ જાળવે છે

વડીલો હંમેશાં આજની પેઢીને એક સલાહ અવશ્ય આપતાં હોય છે. જીવનમાં નાની અમથી વસ્તુ તથા વ્યક્તિની હમેંશા કદર કરવી જોઈએ. આજના ઝડપી યુગમાં નાની વસ્તુ કે નાના માણસોને અનેક વખત હડધૂત થવું પડતું હોય છે. વળી સ્વયંને જરૂરત પડે એટલે વ્યક્તિ તે નાની વ્યક્તિની પાસે પોતાનું કામ કરાવી લેતાં જરાપણ સંકોચાતી નથી. તે જ પ્રમાણે આહારમાં પણ નાની વસ્તુ સ્વાસ્થ્ય માટે ગુણકારી જોવા મળે છે. ચાલો, આરોગ્ય માટે ઉત્તમ પ્રાકૃતિક ઉપચાર ગણાતી ખસખસનો ઉપયોગ આહારમાં અપનાવવાની શરૂઆત કરીએ.આજે આપણે વાત કરીશું નાના દાણા તરીકે ઓળખાતી ખસખસ વિશે. સામાન્ય રીતે ખસખસનો ઉપયોગ વિવિધ મીઠાઈઓ જેવી કે લાડુ, મોહનથાળ, અડદિયા પાક, ખજૂરપાક વગેરેને વધુ આકર્ષક બનાવવા માટે કરવામાં આવતો હોય છે. સ્વાસ્થ્ય સંબંધિત અનેક ગુણોનો ભંડાર ખસખસમાં સમાયેલો જોવા મળે છે. તેનું મુખ્ય કારણ છે ખસખસમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ, ફાઈબર, પ્રોટીન, આયર્ન, મૈગ્નેશિયમ, ફોસ્ફરસ, ઝિંક, કૉપર, સેલેનિયમ, વિટામિન ઈ જેવા સત્ત્વ સમાયેલાં છે.

**ખસખસના પ્રાકૃતિક સ્વાસ્થ્યવર્ધક લાભ જાણી લઈએ :**

હાડકાં મજબૂત બનાવવા માટે ગુણકારી : ખસખસમાં હાડકાંને મજબૂત બનાવવાની શકિત સમાયેલી છે. તેનું મુખ્ય કારણ ખસખસમાં કેલ્શિયમ, મૈંગેનિઝ, મૈગ્નેશિયમ તથા ઝિંકનું પ્રમાણ સારી માત્રામાં સમાયેલું છે. એક વૈદ્યકિય સંશોધન દ્વારા જાણવા મળ્યું છે કે ઉપરોક્ત ચીજો મજબૂત હાડકાં માટે અત્યંત ઉપયોગી ગણાય છે.

**વજન નિયંત્રણમાં રાખવા માટે ગુણકારી :**

વજન નિયંત્રણમાં રાખવા માટે આહાર તજજ્ઞો ફાઈબરથી ભરપૂર આહાર લેવાનું સૂચવતાં હોય છે. જેને કારણે વારંવાર ભૂખ લાગવાથી બચી શકાય છે. ખસખસમાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. તેથી તેનો આહારમાં વિવિધ રીતે ઉપયોગ પ્રમાણભાન રાખીને શિયાળામાં ખાસ કરવો જોઈએ.

**ગાઢ નિંદર માટે ગુણકારી :**

અનેક લોકો આપણી આસપાસ એવા જોવા મળશે કે જેમને ગાઢ નિંદર આવતી હોતી નથી. ખસખસમાં ટ્રિપ્ટોફેન તથા મોર્ફિન જેવા પદાર્થો સમાયેલાં છે. જે ગાઢ નિંદરની સાથે વ્યક્તિના મનને શાંત બનાવવામાં ઉપયોગી ગણાય છે. રાત્રિના ભોજન બાદ હૂંફાળા દૂધમાં ખસખસની પેસ્ટ ભેળવીને પીવાથી નિંદર સારી આવે છે.

બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી : ખસખસમાં પોટેશિયમની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે લોહીના પરિભ્રમણને નિયંત્રીત કરવામાં મદદ કરે છે. ખસખસમાં સમાયેલું સત્ત્વ લોહીના દબાણને નિયંત્રિત રાખવામાં ઉપયોગી બને છે.

વાળ માટે ગુણકારી :

ખસખસમાં પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન ઈ જેવા સત્ત્વ સમાયેલાં જોવા મળે છે. જે વાળની તંદુરસ્તી માટે અત્યંત ઉપયોગી ગણાય છે. વાળની મજબૂતાઈ જળવાઈ રહે છે. પ્રદૂષણને કારણે થતાં નુકસાનથી બચાવી શકાય છે.

**હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી :**

ખસખસમાં ઓમેગા-૩, ઓમેગા-૬ જેવા પદાર્થ સમાયેલાં છે. જે હૃદયના સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. જેને કારણે લોહીમાં કૉલેસ્ટ્રોલની માત્રા નિયંત્રિત કરવામાં મદદ મળે છે. હૃદયની તંદુરસ્તી જળવાઈ રહે છે.

**મોંમા ચાંદાની તકલીફમાં ગુણકારી :**

ખસખસનું વિવિધ રીતે સેવન કરવાથી મોંમાં પડતાં ચાંદાની તકલીફમાં રાહત મેળવી શકાય છે. ખસખસમાં સમાયેલાં ઠંડા સત્ત્વને કારણે પેટમાં શાંતિ મળે છે. જેને કારણે મોંના ચાંદાને ઠીક કરવામાં મદદ મળે છે. મધમાં ખસખસના બીજને ઘૂંટીને ચાટી જવાથી રાહત મળે છે.

**પાચનતંત્રને સુધારવામાં ગુણકારી :**

ખસખસની પ્રકૃતિ શીતળ ગણાય છે. ગરમીમાં પાચનતંત્ર બગડી જતું હોય છે. કબજિયાતની તકલીફ વધી જતી હોય છે. આવા સંજોગોમાં ખસખસમાં સમાયેલું ફાઈબર પેટની સમસ્યાથી રાહત આપવામાં મદદરૂપ બને છે.

**ખસખસ કઈ રીતે ઉપયોગમાં લેવી ?**

ખસખસનો ઉપયોગ અત્યંત સરળ રીતે કરી શકાય છે. ખસખસનો નિયમિત ભોજનમાં ઉપયોગ કરવા માટે તેને થોડી શેકીને પાઉડર બનાવી લેવો. તેનો ઉપયોગ દાળ, શાકની ગ્રેવીમાં કે દહીંમાં કરી શકો છો. દૂધ તથા દૂધથી બનાવેલી મીઠાઈમાં તેનો ઉપયોગ શક્ય છે. લાડુ, મોહનથાળ, અડદિયાપાક જેવી મીઠાઈ, શિયાળુ ખજૂર પાકમાં ખસખસનો ઉપયોગ સરળતાથી કરી શકાય છે.

**શરીરનાં અંગોમાં થતાં દુખાવામાં લાભકારક :**

શિયાળો શરૂ થાય તેની સાથે નાની-મોટી બધી જ વ્યક્તિને શરીરના વિવિધ અંગોમાં ઓછાવત્તા પ્રમાણમાં દુઃખાવાની ફરિયાદ રહેતી હોય છે. ખસખસમાં ઓપિયમ, તથા ઍલ્કલોઈડ્સ્ નામક સત્ત્વ સમાયેલું હોય છે. જે શરીરના સર્વ પ્રકારના અંગોમાં થતાં દુખાવામાં રાહત આપવાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હાલમાં તો બજારમાં ખસખસનું તેલ પણ ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ શિયાળામાં માલિશ કરવા તથા આહારમાં કરી શકાય છે.

**ખસખસનો હલવો :**

સામગ્રી : ૧૦૦ ગ્રામ રાતથી પલાળેલી, અડધો કપ ઘી, ૨ કપ દૂધ, ૧ ચમચી એલચી-જાયફળનો પાઉડર, ૧ ચમચી બદામ-પિસ્તાની કતરણ, અડધો કપ ખાંડ.

બનાવવાની રીત : સૌ પ્રથમ એક ગરણીમાં ૧૦૦ ગ્રામ ખસખસ લઈને વહેતાં પાણીમાં ધોઈ લેવી. રાતથી પલાળીને રાખવી. કડાઈમાં ઘી ગરમ કરીને પલાળેલી ખસખસને ધીમા તાપે શેકવી. સોનેરી રંગની થાય ત્યાં સુધી શેકવી. ગરમ દૂધ, એલચી-જાયફળનો પાઉડર ભેળવવો. ખાંડ ભેળવવી. ધીમા તાપે થવા દેવું. દૂધ બધું જ બળી જાય ત્યારબાદ બદામ-પિસ્તાની કતરણથી સજાવીને સ્વાદિષ્ટ ખસખસનો હલવો ગરમા-ગરમ પીરસવો.

ખસખસની ખેતી કરવા માટે ખાસ પરવાનગીની આવશ્યક્તા પડે છે. તેનું મુખ્ય કારણ તેનો ઉપયોગ ગેરકાયદે રીતે કરવામાં આવે છે. ખસખસમાં મોર્ફિન, કોડીન તથા થેબાઈન નામક ઓષધીય સત્ત્વ સમાયેલાં છે. તેનો ઉપયોગ આધુનિક ચિકિત્સામાં બધા જ દર્દના નિવારણમાં શક્ય ગણાય છે. વર્તમાન બજારમાં તેની ઊંચી કિંમત મળે છે. તેની ખેતી કાનૂની રૂપે ભારતના ૩ રાજ્યોમાં કરવામાં આવે છે. પહેલું છે મધ્ય પ્રદેશ, રાજસ્થાન બીજા નંબરે તથા ત્રીજા નંબરે ઉત્તર પ્રદેશ છે. નવેમ્બરમાં

તેના છોડની વાવણી કરવામાં આવે છે. ગુણવત્તાના આધાર ઉપર લગભગ ૧ લાખ રૂપિયાની પ્રતિ કિલોની તુલનામાં ૮૫૦થી ૩૫૦૦ના પ્રતિકિલો ગ્રામ ભાવ મળી રહે છે. વધુ મળવાનું કારણ વિદેશમાં મોટી માગ તથા તેમાંથી બનતાં તેલના ઉપયોગ વિશે જાગરૂક્તા વધતી જોવા મળે છે.

## તંત્રી લેખ...

**શુક્રવાર, તા.૬ જુન ૨૦૨૫**

# ખુશીમાં માતમ

બેંગલુરુમાં એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી)ની ઐતિહાસિક આઈપીએલ જીતનું જશ્ન જે રીતે એક માતમમાં ફેરવાઈ ગયું, તે સ્તબ્ધ કરનારું અને હૃદયવિદારક પણ છે. ઉલ્લેખનીય છે કે હજારો ઉત્સાહી પ્રશંસકો ટીમના પહોંચવાના કલાકો પહેલાં જ સ્ટેડિયમની બહાર જમા થવા લાગ્યા હતા. સ્ટેડિયમ અંદરથી તો ઠસોઠસ ભરેલું જ હતું, તેની બહાર અને આસપાસની સડકો પર પણ જબરદસ્ત જામની સ્થિતિ હતી. આલમ એ હતો કે લગભગ ૫૦૦૦ સુરક્ષાકર્મી મળીને પણ આ ભીડને નિયંત્રિત કરવામાં અસમર્થ જ દેખાઈ રહ્યા હતા. ત્યારબાદ મચેલી ભાગદોડમાં ૧૧ જેટલા લોકોનાં મોત થયાં અને છ વર્ષની બાળકી સહિત કેટલાય લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. ભાગદોડ દરમ્યાનનાં જે દશ્યો વાયરલ થયાં છે, તે ધ્રુજારી આપી જાય તેવાં છે. આ સમગ્ર ઘટના અસલમાં પ્રશાસનની લાપરવાહી અને ભીડના વ્યવસ્થાપનમાં નિષ્ફળતાને જ ઉજાગર કરે છે. એવા પણ અહેવાલો આવ્યા છે કે પ્રશાસને વિક્ટ્રી પરેડ નહિ કરવાની ભલામણ છતાં ટીમ મેનેજમેન્ટ અને ત્યાંની કોંગ્રેસ સરકારે ધરાર આ આયોજન કર્યું.આઈપીએલની અઢાર સિઝન સુધીના લાંબા ઇંતેજાર બાદ પોતાનો પહેલો આઈપીએલ ખિતાબ જીતનારી આરસીબી ટીમને લઈને પ્રશંસકોનો ઉત્સાહ અનપેક્ષિત ન હતો, બલ્કે સ્વાભાવિક જ હતો. બેંગલુરુ જેવા પ્રગતિશીલ છબિ ધરાવતા મહાનગરમાં આટલા મોટા આયોજન માટે પર્યાપ્ત સુરક્ષા વ્યવસ્થા જ ન હોય તો સવાલ તો ઉઠશે જ. કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડીકે શિવકુમાર ભલે એમ કહી રહ્યા હોય કે યુવા અને ઉત્સાહી ભીડ પર સંપૂર્ણ રીતે લાઠીચાર્જ નહોતા કરી શકતા, પરંતુ સવાલ એ છે કે ભીડને નિયંત્રિત કરવાના વૈકલ્પિક ઉપાય, જેમ કે પર્યાપ્ત બેરિકેડિંગ, વધારાના પોલીસ દળની તૈનાતી, આપાતકાલીન નિકાસની વ્યવસ્થા વગેરે પહેલેથી કેમ ન કરવામાં આવ્યું. ભાગદોડ દરમ્યાન પ્રશાસન અને પોલીસ વ્યવસ્થાનું આ રીતે અસહાય દેખાવું ખરેખર આઘાતજનક હતું. એવા સમાચારો પણ છે કે આરસીબીએ પોતાના પ્રશંસકોમાં મફત પાસ વહેંચ્યા, જેને કારણે ભીડ આટલી બધી વધી ગઈ. તેથી બીસીસીઆઇ પણ પોતાની જવાબદારીથી બચી ન શકે. એ દુઃખદ જ હતું કે સ્ટેડિયમની બહાર લોકો મરી રહ્યા હતા અને અંદર ટીમ અને આયોજકો જશ્ન મનાવી રહ્યા હતા. આ દુર્ઘટના આપણને એ ઘટનાઓની યાદ દેવડાવે છે, જેમાંથી આપણે ભવિષ્ય માટે બોધપાઠ લેવાની જરૂર છે. મોટા સાર્વજનિક આયોજનોમાં ભીડ વ્યવસ્થાપન એક વિજ્ઞાન છે, જેને ટેકનિક, પ્રશિક્ષણ અને યોજના દ્વારા લાગુ કરવું જોઇએ. એવામાં સરકાર, પોલીસ અને આયોજકોએ મળીને સુનિશ્ચિત કરવું જોઇએ કે ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓને રોકી શકાય. આ દુઃખદ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ અને દોષીઓને સખત સજા પણ મળવાની સાથે એ પણ જરૂરી છે કે ભવિષ્યમાં આ પ્રકારના આયોજનો માટે માપદંડ સંચાલન પ્રક્રિયા (એસઓપી) નક્કી કરવામાં આવે, જેનું પાલન અનિવાર્ય હોય.

# પાક પર ગ્રહણની ચીની ચાલ

અમેરિકામાં બે ચીની નાગરિકોને રોગાણુંની તસ્કરીમાં સંડોવાયેલા મળવા એ વાતના સ્પષ્ટ પ્રમામ છે કે દુનિયામાં અસ્થિરતા ફેલાવવા માટે ચીન ખતરનાક પ્રયોગો કરી રહ્યું છે. આ બે ચીની નાગરિકોને અમેરિકામાં 'ફ્યુજેરિયમ ગ્રેમિનીરમ' નામના રોગાણું કવકની તસ્કરી કરી હતી, જે પાકને નષ્ટ કરી નાખે છે. તેનાથી અમેરિકાએ ખાદ્યાન્ન સંકટનો સામનો કરવો પડી શકતો હતો અને અર્થવ્યવસ્થા પર દબાણ વધી શકતું હતું. અમેરિકામાં આ ષડયંત્રનો પર્દાફાશ થઈ ગયો. શું ચીને અન્ય દેશોમાં ખેતીવાડીને નિશાનો બનાવવા માટે આવા પ્રયોગ નહીં કર્યા હોય?

કોરોના વાયરસના પ્રસાર બાદ ચીને આખા મામલા પર ઢાંકપિછોડો કરવાની કોશિશ કરી હતી. કેટલાય વિશેષજ્ઞો તો એ વાતે શંકા વ્યક્ત કરે છે કે કોવિડ-૧૯ રૂપે ચીન એક ઘાતક જૈવિક હથિયાર બનાવવા પર કામ કરી રહ્યું હતું, પરંતુ કોઈ દુર્ઘટના કે અસાવધાનીને કારણે તે પ્રયોગશાળામાંથી બહાર આવી ગયો હતો. જ્યારે ચીની સરકારને ખબર પડી કે કોરોના વાયરસ ફેલાઈ રહ્યો છે, તો તેણે સદ્ભાવના તરીકે દુનિયાને સચેત કરવાને બદલે પોતાના નાગરિકોને વિભિન્ન દેશોમાં મોકલ્યા હતા. તેનાથી વાયરસે મોટી મહામારીનું રૂપ લીધું હતું. શું ચીન એક વખત ફરી કંઇક આવું કરવાનું વિચારી રહ્યું છે? અમેરિકામાં ચીની નાગરિકોએ 'ફ્યુજેરિયમ ગ્રેમિનીરમ' નામના જે રોગાણુ કવકની તસ્કરી કરી, તેને વૈજ્ઞાનિકોએ કૃષિ આતંકવાદનું હથિયાર ગણાવ્યું છે. જો તેનો આ મનસૂબો સફળ થઈ જાત તો તેણે એક પણ ગોળી ચલાવ્યા વિના અમેરિકાને અબજોનું નુક્સાન કરાવ્યું હોત.

૨૦૨૦માં જ્યારે કેટલાય દેશોમાં કોરોના વાયરસનો પ્રસાર થઈ ગયો હતો, ત્યારે એવા વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા હતા, જેમાં ચીની નાગરિક ફળો, શાકભાજી અને ખાનપાન સાથે જોડાયેલી ચીજો પર થૂકતા જોવા મળ્યા હતા. દાવો કરવામાં આવ્યો હતો કે આ સામગ્રી વિદેશોને નિકાસ કરવામાં આવી હતી. એ વીડિયોથી એવા કયાસોને બળ મળ્યું હતું કે ચીની નાગરિક જાણીજોઈને એવી કોશિશો કરી રહ્યા હતા, જેથી વિદેશોમાં પણ લોકો સંક્રમિત થઈ જાય. એ દરમ્યાન વિદેશોમાં કેટલાય લોકોએ અજ્ઞાત શખ્સ દ્વારા તેમના સરનામા પર ચીની ભાષામાં પુસ્તકો, પત્ર વગેરે મળવાનો દાવો કર્યો હતો, જેને ખોલ્યા બાદ તેઓ કોરોના વાયરસથી સંક્રમિત થઈ ગયા હતા! માણસો અને ઝાડવાંને સંક્રમિત કરીને નુક્સાન પહોંચાડવાનાં ગતકડાં નવાં નથી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જર્મનીએ એવી કોશિશ કરી હતી. તેણે બ્રિટનમાં બટાટાનો પાક નષ્ટ કરવા માટે ખેતરોમાં કોલોરાડો બીટલ નામના કીડા છોડી દીધા હતા. તેમના માટે વિમાનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે જર્મનીને વધુ સફળતા નહોતી મળી. જો મોટી સંખ્યામાં કીડા છોડવામાં આવ્યા હોત તો બ્રિટનમાં ખાનપાનનું સંકટ વિકરાળ રૂપ લઈ શકતું હતું. એ કોશિશોમાં જાપાન પણ સામેલ હોવાનું કહેવાય છે, જે વિશ્વયુદ્ધ દરમ્યાન અમેરિકા અને સોવિયેત સંઘની તાકાત તોડવા માટે તેમના ખેતરોમાં ઘઉંનો પાક નષ્ટ કરવા માગતું હતું.

જોકે અમેરિકા પહેલેથી સાવધાન હતું. તેણે પહેલાં જ એવા રોગાણુંઓનો જથ્થો એકઠો કરી રાખ્યો હતો, જે જાપાનમાં ચોખાના પાકને નષ્ટ કરી શકે. જો આજે ચીન એવા પ્રયોગ કરી રહ્યું છે તો એના પર કોઈને આશ્ચર્ય ન થવું જોઇએ. આ દેશ જાસૂસીથી લઈને રોગાણુંઓ સંબંધિત ખતરનાક પ્રયોગ સુધી બહુ ગુપચુપ રીતે કામ કરે છે. તેને કોરોના મહામારી માટે જવાબદાર ઠેરવવાની સાથે જ તેની મહત્ત્વપૂર્ણ પ્રયોગશાળાઓને આંતરરાષ્ટ્રીય સંગઠનોના નિરીક્ષણમાં લાવવી જોઇએ. ક્યાંક એવું ન થાય કે ચીનને કારણે દુનિયા ફરીથી મોટા સંકટમાં ફસાઈ જાય.

### જ્યોતિ મલ્હોત્રાનો કેસ એક સામાજિક બદલાવનું ઉદાહરણ છે, જ્યાં વ્યક્તિ પોતાની ઓળખ ખુદ પસંદ કરે છે

# મસ્કનો ટ્રમ્પ સામે ખુલ્લો મોરચો, દોસ્ત દોસ્ત ના રહા

રાજકારણ અને સત્તા ગાઢ સાથીઓને પણ એકબીજાના દુશ્મન બનાવી દે છે. ભારતમાં તો આપણે એવા સંખ્યાબંધ કિસ્સા જોયા છે પણ દુનિયાના બીજા દેશોમાં પણ એવું થાય જ છે કેમ કે માણસો બધે લગભગ સરખા જ હોય છે. અમેરિકામાં અત્યારે એવું જ થઈ રહ્યું છે અને હજુ મહિના પહેલાં જ ગાઢ સાથી મનાતા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એવા એલન મસ્ક સામસામે આવી ગયા છે. ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછી વાઈટ હાઉસમાં રહેવા જતા રહેલા. મસ્કે ગયા મહિને વાઈટ હાઉસ છોડીને ટ્રમ્પથી છેડો ફાડેલો અને હવે ખુલ્લેઆમ ટ્રમ્પની સામે આવી ગયા છે.ટેસ્લાના માલિક એવા એલન મસ્કે ડોનલ્ડ ટ્રમ્પના નવા ફંડિંગ બિલની આકરી ઝાટકણી કાઢીને તેને પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ઘૃણાસ્પદ અને શરમજનક ગણાવ્યું છે. મસ્કે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, વન બિગ બ્યૂટીફુલ બિલ એક્ટ બિલ એકદમ હાસ્યાસ્પદ છે અને તેમાં નકામા ખર્ચા સિવાય બીજું કંઈ નથી. યુએસ કૉંગ્રેસ એટલે કે સંસદ અમેરિકાને કંગાળ બનાવી રહી છે કેમ કે આ બિલથી યુએસની બજેટ ખાધમાં ૨.૫ ટ્રિલ્યન ડૉલર સુધીનો વધારો થશે.અમેરિકામાં કૉંગ્રેસ એટલે કે સંસદનાં યુનાઈટેડ સ્ટેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ એમ બે ગૃહ છે. યુનાઈટેડ સ્ટેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની કુલ ૪૩૫ બેઠકો છે જ્યારે સેનેટની ૧૦૦ બેઠકો છે. અમેરિકામાં પ્રમુખની ચૂંટણી ચાર વરસે થાય છે પણ કૉંગ્રેસ એટલે કે સંસદનાં બંને ગૃહો માટે બે વર્ષે ચૂંટણી થાય છે. એક ચૂંટણી પ્રમુખની ચૂંટણીની સાથે અને બીજી પ્રમુખપદની ચૂંટણીના બે વર્ષ પછી મધ્યસત્ર ચૂંટણી થાય છે.આ ચૂંટણીઓમાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના તમામ ૪૩૫ સભ્યો જ્યારે સેનેટના ત્રીજા ભાગના એટલે કે ૩૩ સભ્યોની ચૂંટણી થાય છે. રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન ૨૦૨૬ની મધ્યસત્ર ચૂંટણી ૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ યોજાવાની છે. મસ્કે આ ચૂંટણીમાં હાલના સાંસદોમાંથી ટ્રમ્પને ટેકો આપનારા સાંસદોને ઘરભેગા કરવાનો હુંકાર કર્યો છે.મસ્કના આક્રમક વલણે સૌને આંચકો આપી દીધો છે કેમ કે મસ્કે સીધી ટ્રમ્પ સામે જ તલવાર તાણી દીધી છે. મસ્કે ગયા મહિને ટ્રમ્પ સરકારને છોડી દીધી હતી. ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ડિઓજીઈ)માં સલાહકાર મસ્કે ટ્રમ્પના નવા બિલ સામે નારાજગી વ્યક્ત કરી હતી અને બિલ રજૂ થાય તેના એક દિવસ પહેલાં જ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. એ વખતે મસ્કે સીબીએસ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ડિઓજીઈ)ની સ્થાપના સરકારી ખર્ચ ઘટાડવા કરાઈ છે અને વન બિગ બ્યૂટીફુલ બિલ તેની વિરુદ્ધ છે કેમ કે તેમાં ખર્ચ વધારવાની વાત છે.મસ્કે પોતાનો વાંધો જાહેરમાં મૂકીને રાજીનામું ધરેલું તેથી તેમના વલણની સૌને ખબર હતી પણ મસ્ક આવું આક્રમક રિએક્શન આપશે તેની કોઈને કલ્પના નહોતી. હવે તો મસ્ક સીધા જંગની જ વાત કરી રહ્યા છે અને ટ્રમ્પના સાથીઓને હરાવીને ઘરભેગા કરવાનો હુંકાર કરી રહ્યા છે. મસ્ક બિઝનેસમેન છે તેથી ટ્રમ્પ સાથે મતભેદ પછી પણ એ ફૂંકી ફૂંકીને આગળ વધશે ને સંબંધો નહીં બગાડે એવું સૌને લાગતું હતું પણ મસ્કે સીધો મોરચો જ માંડી દીધો છે.મસ્કના હુંકાર પરથી લાગે છે કે, મસ્કે ટ્રમ્પને ભલે છોડ્યા પણ રાજકારણ છોડવાની તેમની ઈચ્છા નથી.





૨૦૨૬માં મધ્યસત્ર ચૂંટણીને હજુ સવા વરસની વાર છે પણ મસ્કે અત્યારથી ૨૦૨૬ની ચૂંટણીમાં ટ્રમ્પના બિલને સાથ આપનારાને હરાવવાની વાત કરી નાખી છે એ જોતાં મસ્કે તેના માટે અત્યારથી મથવું પડે. મતલબ કે, રાજકીય સક્રિયતા બતાવવી પડે. અમેરિકામાં એકાદ વર્ષ પહેલાંથી ચૂંટણીનો માહોલ જામી જતો હોય છે એ જોતાં મસ્ક પણ બે-ત્રણ મહિનામાં સક્રિય થઈ જશે.મસ્ક રાજકારણીઓની જેમ કદાચ જાહેર સભાઓ ના કરે પણ પોતાના પાવરફુલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સનો રાજકીય ફાયદા માટે ઉપયોગ કરીને એ સક્રિય રહી શકે. અમેરિકામાં ચૂંટણીના ઉમેદવાર બનવા માટે પણ પોતાના જ પક્ષમાં આંતરિક ચૂંટણી જીતવી પડે છે એ જોતાં મસ્ક ટ્રમ્પની રીપબ્લિકન પાર્ટી ના છોડે પણ રીપબ્લિકન પાર્ટીમાં જ રહીને ટ્રમ્પને સાથ આપનારાને પછાડવા મથે એ શક્ય છે. જો કે મૂળ મુદ્દે વાત એ જ છે કે, મસ્ક ટ્રમ્પની સામે પડવાની તૈયારીમાં છે.મસ્કને ટ્રમ્પના વન બિગ બ્યૂટીફુલ એક્ટ સામે શું વાંધો છે એ પણ સમજવાની જરૂર છે. ટ્રમ્પે ૨૦૧૭માં પોતાના પહેલા કાર્યકાળ વખતે ટેક્સ કટ બિલ પસાર કરાવીને વ્યક્તિગત અને કંપનીઓ પરના ઈન્કમ ટેક્સમાં ઘટાડો કર્યો હતો. આ બિલની મુદત આ વર્ષે પૂરી થાય છે. વન બિગ બ્યૂટીફુલ બિલ એક્ટ ટ્રમ્પના ૨૦૧૭ના ટેક્સ કટ બિલને લંબાવે છે.આ બિલ દ્વારા ટ્રમ્પ લશ્કર અને સીમા સુરક્ષા પરના ખર્ચમાં લગભગ ૧૫૦ અબજ ડોલરનો વધારો કરશે જ્યારે સામાન્ય નાગરિકોને પૂરી પાડવામાં આવતી આરોગ્ય સેવાઓ, ખાદ્ય-પોષણ સહાય અને અન્ય યોજનાઓના ખર્ચમાં કાપ મૂકાશે જ્યારે ઓવરટાઈમ અને સોશિયલ સિક્યુરિટી ઈન્કમ પર ટેક્સ ઘટશે.ટ્રમ્પનો દાવો છે કે, વાર્ષિક ૩૦ હજારથી ૮૦ હજાર ડૉલર કમાતા લોકોએ આવતા વર્ષે ૧૫ ટકા ઓછો ટેક્સ ચૂકવવો પડશે તેથી સામાન્ય લોકોને ફાયદો થશે. જો કે સરકારી ડેટા પ્રમાણે જ આ બિલમાં આર્મી અને સરહદી સુરક્ષા પરના વધતા ખર્ચનાં કારણે આગામી ૧૦ વર્ષમાં અમેરિકાના દેવામાં લગભગ ૩.૮ ટ્રિલ્યન ડૉલરનો વધારો થશે. હાલમાં અમેરિકા પર કુલ ૩૬.૨ ટ્રિલ્યન ડૉલરનું દેવું છે એ ૧૦ વર્ષમાં વધીને ૪૦ ટ્રિલ્યન થઈ જશે. મસ્ક દર વર્ષે સરકારી ખર્ચમાં ૨ ટ્રિલ્યનનો ઘટાડો કરીને ધીરે ધીરે અમેરિકાનું દેવું ઝીરો કરી દેવાની વાત કરતો હતો ત્યારે ટ્રમ્પ દેવું વધારે એવું બિલ લઈ આવ્યા તેથી મસ્કનો વાંધો વાજબી છે.મસ્કની યોજના શું છે એ ખબર નથી પણ ટ્રમ્પને બહુ ફરક પડતો નથી. અમેરિકામાં કોઈ પણ વ્યક્તિ બે ટર્મ માટે જ પ્રેસિડેન્ટ બની શકે છે ને ટ્રમ્પની આ બીજી ટર્મ છે તેથી તેણે ફરી ચૂંટણી લડવાની નથી. આ સંજોગોમાં મસ્ક ગમે તેટલા ઉધામા કરે, ટ્રમ્પનું કશું બગાડી નહી શકે.

### આ માગણીમાં દમ નથી કેમ કે ભારત સરકાર પહેલાં જ સ્પષ્ટતા કરી ચૂકી છે

# 'ઑપરેશન સિંદૂર' મુદ્દે રાજકારણ બંધ થવું જોઈએ

### વિપક્ષોનું કહેવું છે કે, 'ઑપરેશન સિંદૂર' મુદ્દે ભારતના લોકોને અંધારામાં રાખવામાં આવી રહ્યા છે

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતે હાથ ધરેલા 'ઑપરેશન સિંદૂર' વખતે આખો દેશ એક થઈ ગયો હતો. દેશના સામાન્ય નાગરિકોએ તો 'ઑપરેશન સિંદૂર'ને વધાવીને નરેન્દ્ર મોદી સરકારના પગલાને વખાણેલું જ પણ રાજકીય પક્ષોએ પણ મોદી સરકારને ટેકો આપેલો. એ વખતે બધા રાજકીય પક્ષોએ દેશની સુરક્ષાના મામલે કોઈ રાજકારણ ના રમવું એવું નક્કી કરેલું, પણ આ નિર્ધાર એક મહિનામાં તો હવા થઈ ગયો છે.

ભાજપે 'ઑપરેશન સિંદૂર'ના નામે રાજકીય લાભ ખાટવા માટે ઘેર ઘેર સિંદૂર મોકલવા સહિતના કાર્યક્રમો નક્કી કરી નાંખ્યા છે તો વિપક્ષોએ 'ઑપરેશન સિંદૂર' મુદ્દે સવાલો ઉઠાવીને સંસદનું વિશેષ સત્ર બોલાવીને ચર્ચાની માગણી કરી નાંખી તેમાં આ મુદ્દે જોરદાર રાજકીય કુસ્તીબાજી શરૂ થઈ ગઈ છે. 'ઑપરેશન સિંદૂર' મામલે સંસદનું ખાસ સત્ર બોલાવવા માટે મંગળવારે નવી દિલ્હીમાં કૉંગ્રેસ સહિતના ઈન્ડિયા (ૈ.દ્ગ.ઙ્ઘૈ..છ) બ્લોકના પક્ષોની બેઠક મળી તેમાં ૧૬ વિપક્ષોએ ભાગ લીધો હતો. આ બેઠક પછી તમામ પક્ષોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પત્ર લખીને સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માગ કરી છે.

વિપક્ષોનું કહેવું છે કે, 'ઑપરેશન સિંદૂર' મુદ્દે ભારતના લોકોને અંધારામાં રાખવામાં આવી રહ્યા છે અને સરકાર ઘણા સવાલોના જવાબો નથી આપી રહી. આ અંગે ચર્ચા કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવું જરૂરી છે. કેન્દ્ર સરકારે ઑપરેશન સિંદૂર અને આતંકવાદ વિરુદ્ધ ભારતના વલણને વિશ્વ સમક્ષ મૂકવા માટે સર્વપક્ષી સાત ડેલિગેશનને જુદા જુદા દેશોમાં મોકલ્યા છે. આ બધાં ડેલિગેશન આઠ જૂન સુધીમાં ભારત પાછાં ફરશે તેથી તેમના પરત ફર્યા પછી આવતા અઠવાડિયે એક વિશેષ સત્રમાં આ મુદ્દા પર ચર્ચાની વિપક્ષોની માગ છે.

વિપક્ષોએ સ્પષ્ટ રીતે ક્યા મુદ્દે સરકાર લોકોને અંધારામાં રાખી રહી છે તેનો ફોડ નથી પાડ્યો, પણ વિપક્ષી નેતાઓનાં નિવેદનો પરથી લાગે છે કે, બે મુદ્દા મહત્ત્વના છે. પહેલો મુદ્દો ભારતે સ્વીકારેલા યુદ્ધવિરામનો છે. વિપક્ષોએ જે મુદ્દા ઉઠાવ્યા છે તેમાં એક મુદ્દો ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકાની મધ્યસ્થીથી ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થયાં હોવાનો દાવો છે. 'ઑપરેશન સિંદૂર'ના કારણે પાકિસ્તાનને ભારે નુકસાન થઈ રહ્યું હતું ત્યારે જ અચાનક ભારત અને પાકિસ્તાન ૧૦ મેના રોજ સાંજે ૫ વાગ્યાથી યુદ્ધવિરામ પર સંમત થયા તેનાથી લોકોને પણ આશ્ર્ચર્ય થયેલું.

આશ્ર્ચર્યનાં બે કારણ હતાં. પહેલું કારણ એ હતું કે, 'ઑપરેશન સિંદૂર' પછી ભારતીય લશ્કરના આક્રમક અભિગમના કારણે પાકિસ્તાન માર ખાઈ રહ્યું હતું ત્યારે જ ભારતે આક્રમણ તીવ્ર બનાવીને પીઓકે કબજે કરવાનો ઉદ્દેશ પાર પાડવાના બદલે યુદ્ધવિરામ સ્વીકારી લીધો હતો. બીજું કારણ એ હતું કે, ભારત અને પાકિસ્તાન સત્તાવાર રીતે યુદ્ધવિરામની જાહેરાત કરે એ પહેલાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આ જાહેરાત કરીને અમેરિકાના દબાણના કારણે યુદ્ધવિરામ થયો હોવાનો દાવો કરેલો.

વિપક્ષો આ મુદ્દે ચર્ચા ઈચ્છે છે કેમ કે ટ્રમ્પ હજુ પણ એવી જ વાતો કરે છે. આરજેડીના મનોજ ઝાએ કહ્યું જ છે કે પહેલગામ હુમલા પછી 'ઑપરેશન સિંદૂર' થયું તેમને લોકોએ વધાવ્યું હતું, પણ એ પછી કેટલીક ચિંતાજનક વાતો બહાર આવી છે. ટ્રમ્પનું નામ લીધા વિના ઝાએ કહ્યું છે કે, એક દેશના પ્રમુખ રોજ 'સરપંચાયત' કરી રહ્યા છે. તેમણે પોતે યુદ્ધવિરામ કરાવ્યું છે એવાં ૧૫ દિવસમાં ૧૩ નિવેદનો આપ્યા છે. તેનાથી સરકારને દુઃખ થયું હોય કે ન થયું હોય, કોઈ રાજકીય પક્ષને દુઃખ થયું હોય કે ન થયું હોય પણ દેશની લાગણીને ઠેસ પહોંચી છે. આ પીડા સોશિયલ મીડિયા, ટીવી ડિબેટમાં વ્યક્ત ના કરી શકાય તેથી સંસદનું વિશેષ સત્ર બોલાવવું જોઈએ.

આ માગણીમાં દમ નથી કેમ કે ભારત સરકાર પહેલાં જ સ્પષ્ટતા કરી ચૂકી છે કે, કોઈની મધ્યસ્થીથી યુદ્ધવિરામ સ્વીકારાયો નથી, પણ પાકિસ્તાને સામેથી આતંકવાદ બંધ કરવાની ખાતરી આપી તેથી ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યો છે. સરકારે એ પણ કહ્યું જ છે કે, પાકિસ્તાન ફરી આતંકવાદી હુમલો કરાવશે તો ભારત ફરી પાકિસ્તાન પર હુમલો કરશે. નરેન્દ્ર મોદીએ પોતે રાષ્ટ્રજોગ સંબોધનમાં આ વાત કરી પછી કોઈ ચર્ચા કરવાની રહેતી નથી. ટ્રમ્પ તો ભેજાંગેપ છે તેથી એ તો રોજ નવી નવી વાતો કર્યા કરે છે. તેના કારણે આપણે થોડાં સંસદનાં સત્ર બોલાવ્યાં કરવાનાં હોય?

બીજો મુદ્દો પાકિસ્તાન સામેના આક્રમણમાં ભારતીય જેટને થયેલાં નુકસાનનો છે. પાકિસ્તાન સાથેના સંઘર્ષમાં ભારતીય ફાઈટર જેટ તોડી પાડવામાં આવ્યા હોવાના પાકિસ્તાનના દાવા અંગે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (ઝ્રડ્ઢજી) અનિલ ચૌહાણે ૩૧ મેના રોજ સિંગાપોરમાં આડકતરી રીતે ભારતીય જેટ તોડી પડાયાં હોવાનો સ્વીકાર કર્યો. જનરલ ચૌહાણે કહેલું કે, વાસ્તવિક મુદ્દો એ નથી કે કેટલા વિમાનોને તોડી પાડવામાં આવ્યાં, પણ આ વિમાનો શા માટે તોડી પાડવામાં આવ્યા એ મુદ્દો મહત્ત્વનો છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર CDS અનિલ ચૌહાણના ઈન્ટરવ્યુ ક્લિપ શેર કરીને કૉંગ્રેસે લખેલું કે, આપણા ફાઈટર જેટનું નુકસાન થયું હોવાનું જનરલ ચૌહાણે સ્વીકાર્યું છે તો પછી મોદી સરકાર આ હકીકત કેમ છુપાવી રહી છે? આવા ઘણા સવાલોના જવાબ આપવા માટે એક વિશેષ સત્ર બોલાવવું જોઈએ. આ માગણી વાહિયાત છે કેમ કે યુદ્ધમાં નુકસાન તો થાય જ. દુનિયામાં કોઈ યુદ્ધ માર ખાધા વિના લડાતું નથી. યુદ્ધમાં બંને પક્ષને નુકસાન થતું હોય છે ને તેની સંસદમાં ચર્ચા ના કરવાની હોય. 'ઑપરેશન સિંદૂર' મુદ્દે ચાલી રહેલા રાજકારણે એક વાત સાબિત કરી દીધી છે કે, ભારતના રાજકારણીઓ માટે રાજકીય ફાયદાથી વધારે મહત્ત્વનું કંઈ નથી અને આપણા રાજકારણીઓથી વધારે દંભી બીજું કોઈ નથી. આ બધા રાજકારણીઓએ 'ઑપરેશન સિંદૂર' પછી દેશની એકતાના મોટા મોટા દાવા કરેલા પણ આ એકતા એક મહિનો પણ ટકી નથી. ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલો કરીને આતંકવાદીઓએ ૨૬ પ્રવાસીઓને મારી નાખ્યા તેનો બદલો લેવા માટે ભારતે સાત મેના રોજ 'ઑપરેશન સિંદૂર' હાથ ધરેલું.

ભારતીય લશ્કરના જવાનોએ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (POK) અને પાકિસ્તાનમાં ઘૂસીને નવ આતંકવાદી અડ્ડા પર હવાઈ હુમલા કર્યા હતા. ઈન્ડિયન આર્મીએ ૧૦૦ આતંકવાદીઓને ઠાર માર્યા ત્યારે સૌએ તેને વધાવેલું, પણ 'ઑપરેશન સિંદૂર'ના મહિનો પણ થયો નથી ત્યાં તો રાજકારણીઓ તેમની જાત પર આવીને કૂતરાં-બિલાડાંની જેમ લડી રહ્યા છે. લડાઈનો ઉદ્દેશ પણ રાજકીય લાભ ખાટવા સિવાય બીજો કોઈ જ નથી એ જોઈને આઘાત લાગે છે. ભગવાન જ હવે તો આ દેશને આવા નેતાઓથી બચાવે.

### છેલ્લા કેટલાક સમયમાં રક્ષા ઉત્પાદન પ્રણાલીમાં ખાનગી ક્ષેત્રની સહભાગીતા ઘણી ઝડપથી વધી રહી છે

# રક્ષા ક્ષેત્રે દૃષ્ટાંત બનતી ખાનગી કંપનીઓ

## સરકારી નીતિ પણ ખાનગી ક્ષેત્રના નેતૃત્વવાળા રક્ષા ઉત્પાદનને સક્રિય રૂપે પ્રોત્સાહન આપી રહી છે.

તાજેતરમાં જ વાયુસેના પ્રમુખ એપી સિંહે જાહેર ક્ષેત્રનાં સાહસો દ્વારા રક્ષા સામગ્રી પૂરી પાડવામાં થતા વિલંબનો મુદ્દો ઉઠાવ્યો હતો. આવા સ્વર પહેલાં પણ ઉઠતા રહ્યા છે. જોકે કેટલાક દિવસ પહેલાં 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ઓપરેશન સિંદૂરની સફળતા સ્વદેશી હથિયારોની ક્ષમતા અને મેક ઇન ઇન્ડિયા ટેકનિકના મહત્ત્વને રેખાંકિત કરે છે. રક્ષા મંત્રી પણ રક્ષા ઉત્પાદનમાં ખાનગી ક્ષેત્રની વ્યાપક ભૂમિકાની વાત કહી ચૂક્યા છે. તેમાં શંકા નહીં કે ૨૦૧૮થી જ ભારતીય રક્ષા ઉત્પાદન ઉદ્યોગ તેજીથી વધ્યો છે, પરંતુ તેમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી અપેક્ષાકૃત સીમિત રહી છે. આ જ યોગ્ય સમય છે કે તેનો દાયરો વધારવામાં આવે. અમેરિકા આધુનિક સૈન્ય-ઔદ્યોગિક જુગલબંધીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. એવું મુખ્ય રૂપે ખાનગી ક્ષેત્રની મહેરબાનીતી છે. એક સમયે અમેરિકાની લશ્કરી જરૂરિયાતોની પૂર્તિ સરકારી ઉદ્યમોથી થતી હતી. લગભગ ૯૮ ટકા નૌસૈનિક જહાજ સરકારી યાર્ડમાં બનતાં હતાં અને મુખ્ય રક્ષા ટેકનિક મુખ્યત્વે બ્રિટનથી આયાત થતી હતી. ૧૯મી સદીના આખરી સમયમાં ખાગની કંપનીઓના આ ક્ષેત્રમાં આગમને ત્યાં રક્ષા ઉત્પાદનનાં સમગ્ર સમીકરણો બદલી નાખ્યાં. આ કંપનીઓએ આધુનિક ટેકનિકમાં રોકાણ વધારીને, ઔદ્યોગિક લોબી બનાવીને રક્ષા ઉત્પાદનને નવા આયામ આપ્યા. પ્રથમ વિશ્વ યુદ્ધ સમયે જ્યારે અમેરિકા સૈન્ય મહાશક્તિ રૂપે સ્થાપિત થયું, ત્યારે ખાનગી ક્ષેત્ર તેનો આધાર બની ચૂક્યું હતું. ભારતમાં વાહન નિર્માણથી માંડીને સોફ્ટવેર ક્ષેત્રમાં ઉત્તરોત્તર વધતી તાકાતમાં ખાનગી ક્ષેત્રનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. દેશમાં જાહેર ક્ષેત્રના રક્ષા ઉત્પાદન ઉપક્રમોએ પણ પોતાની વિશ્વસનીયતા હાંસલ કરી છે. હાલનાં વર્ષોમાં તેમનું પ્રદર્શન ઓર બહેતર થયું છે, પરંતુ તેઓ મુખ્ય રૂપે લાયસન્સ ઉત્પાદન પ્રણાલી પર કામ કરે છે. આ પ્રણાલીમાં ઉત્પાદનની માત્રા, તેની ગતિ અને લશ્કરી સ્વાયત્તતાના મોરચે પોતાની કેટલીક મર્યાદાઓ છે. ઓપરેશન સિંદૂરે આ જરૂરિયાતને નવેસરથી રેખાંકિત કરી છે કે ભારત સામે ઉત્પન્ન સુરક્ષા પડકારોના નિરાકરણ માટે એક સક્ષમ સ્વદેશી ઇનોવેટિવ ઇકોસિસ્ટમનો વિકાસ કરવો પડશે. ઇનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ એટલે કે આઇડીઇએક્સ જેવી પહેલે દર્શાવ્યું છે કે ભારતીય ટેકનિક વૈશ્વિક માપદંડોની બરાબરી કરવા અને કેટલા મામલે તેનાથી ચડિયાતી સાબિત થઈ શકે છે. તેનાથી સમગ્ર પ્રક્રિયાની ગતિ તેજ થઈ શકે છે, બલ્કે ઉત્પાદન ખર્ચ પણ કિફાયતી રહેશે. ભૂતકાળમાં જાહેર ક્ષેત્ર દ્વારા અપનાવવામાં આવેલ લાયસન્સ ઉત્પાદન કે આયાત આધારિત મોડલથી વિપરીત સ્વદેશી નવાચાર લશ્કરી સરસાઈની સાથે જ વાસ્તવિક આત્મનિર્ભરતાનો આધાર બને છે. ભારતનો રક્ષા નવાચાર અને ઉત્પાદન લાંબા સમયથી ટેકનિકલ હસ્તાંતરણ પર નિર્ભર રહ્યો છે. એવા કરાર વિદેશી સપ્લાયરોના પક્ષમાં ક્યાંય વધુ ઝૂકેલા હોય છે. બીજા દેશ માત્ર સીમિત અને મૂળભૂત ટેકનિક જ આપે છે અને મહત્તવની ટેકનિકની સાથે જ સ્પેરપાર્ટ વગેરે મામલે આપણને લટકાવી રાખે છે. આનાથી સંબંધિત પ્રણાલીઓની સારસંભાળથી માંડીને તેમને ઉન્નત કરવાની પ્રક્રિયા પણ પ્રભાવિત થાય છે. એવા રક્ષા કરાર બહુ મોંઘા હોવાની સાથે જ જાતભાતની શરતો સાથે બંધાયેલા હોય છે.

છેલ્લા કેટલાક સમયમાં રક્ષા ઉત્પાદન પ્રણાલીમાં ખાનગી ક્ષેત્રની સહભાગીતા ઘણી ઝડપથી વધી રહી છે. આજે દેશમાં ૧૦,૦૦૦થી વધારે એમએસએમઇ, ૨૦૦૦ ડિફેન્સ સ્ટાર્ટઅપ્સ અને ૫૦૦ સ્પેસ સ્ટાર્ટઅપ્સનો સમૂહ રક્ષા ઉત્પાદન કરવા માટે તત્પર દેખાઈ રહ્યા છે.૨૦૧૭-૧૮માં ખાનગી ક્ષેત્રની જે રક્ષા નિકાસ ૪૦૦ કરોડ રૂપિયાની હતી, તે ૨૦૨૪-૨૫માં વધીને ૪૦૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ. નવા-નવા ખેલાડી રક્ષા ક્ષેત્રમાં ઉત્પાદન માટે આગળ આવી રહ્યા છે. રક્ષા ઉત્પાદન સાતે જોડાયેલી કંપનીઓના શેર પણ તેજીમાં છે. વેન્ચર કેપિટલિસ્ટ રક્ષા સાથે જોડાયેલા સ્ટાર્ટઅપ પર ધનવર્ષા કરતાં સંકોચ નથી રાખતા. આ બધું આ ક્ષેત્રની ક્ષમતાઓ અને તેમાં રોકાણકારોના વધતા ભરોસાનું જ પ્રતીક છે. એ માનવાનાં ઘણાં કારણ છે કે ખાનગી ક્ષેત્ર જ દેશના રક્ષા ઉત્પાદન ઉદ્યોગમાં તેજીનું નેતૃત્વ કરવા જઈ રહ્યું છે. કેટલાય મોરચે પોતાની મર્યાદાઓ ધરાવતા જાહેર ક્ષેત્રથી વિપરીત ખાનગી ક્ષેત્ર લાભ અને પરિણામ આધારિત દૃષ્ટિકોણ પર કામ કરે છે, જે નવાચાર અને ટેકનિકલ વિકાસને ગતિ આપે છે.રક્ષા ઉત્પાદનમાં કેટલાય મોટા ખેલાડી રુચિ લઈ રહ્યા છે, તેથી આ મોરચે ભારે રોકાણ સંભવ છે. તેના દ્વારા ભારે હેલિકોપ્ટર, જેટ એન્જિન, પાંચમી પેઢીનાં યુદ્ધ વિમાન, સબમરીન, રક્ષા કેન્દ્રિત એઆઇ અને લશ્કરી સામગ્રીના સ્વદેશી અને સમયબદ્ધ ઉત્પાદનની આશા બંધાઈ છે. ખાનગી કંપનીઓ પોતાની ક્ષમતા વધારવા માટે વિલય અને અધિગ્રહણ જેવી બજાર સંચાલિત રણનીતિઓ પણ અપનાવી રહી છે. સરકારી નીતિ પણ ખાનગી ક્ષેત્રના નેતૃત્વવાળા રક્ષા ઉત્પાદનને સક્રિય રૂપે પ્રોત્સાહન આપી રહી છે. રક્ષા મૂડીગત બજેટમાં ૭૫ ટકાને ઘરેલુ ખરીદી માટે નિર્ધારિત કરવામાં આવ્યું છે, જેમાંથી ૨૫ ટકા ખાનગી ક્ષેત્ર માટે અનામત છે. બજેટમાં શોધ અને વિકાસ એટલે કે આરએન્ડડી સંબંધી ગતિવિધિઓને પણ ઉત્તેજન આપવાના ઉપાય કરવામાં આવ્યા છે. કેટલાય પ્રદર્શનો અને સંમેલનોમાં આ મતલબની મહત્ત્વપૂર્ણ જાહેરાતો થઈ છે. આ સંદર્ભે ઘરેલુ જરૂરિયાતોની પૂર્તિની સાથે જ નિકાસની સંભાવનાઓ જોવાઇ રહી છે.વૈશ્વિક રક્ષા અને વિમાનન બજાર પર કેટલાક દેશોની ચુનંદા કંપનીઓનો જ દબદબો રહ્યો છે. બાકી દુનિયા એમના પર જ નિર્ભર રહી છે. હવે સશક્ત નીતિગત સમર્થન અને વધતી માંગે ભારત માટે વ્યાપક અવસરોના દ્વાર ખોલ્યા છે. ટાટા સમૂહ દેશમાં પરિવહન વિમાન નિર્માણની દિશામાં ડગ માંડી રહ્યું છે તો એરબસ જેવી દિગ્ગજ કંપની પણ દેશમાં ઉત્પાદનને પ્રાથમિકતા આપી રહી છે. આ એરોસ્પેસ ક્ષેત્રમાં દેશની ઊંચી છલાંગ બની શકે છે. ભારતીય ખાનગી ક્ષેત્ર અને સ્ટાર્ટઅપ્સ માટે આ યોગ્ય સમય છે કે તે અવસરોને ઓળખીને ખુદને અત્યાધુનિક અને પ્રભાવી ટેકનિકોના સક્ષમ સપ્લાયર તરીકે સ્થાપિત કરે.

# ટીવીમાં કલાકારો સાથે ભેંસ જેવું વર્તન થાય છે : સુરવીન ચાવલા



સુરવીન ચાવલા એક એવી એક્ટ્રેસ છે, જેણે ટીવીથી લઈને ફિલ્મ અને વૅબ સિરીઝમાં પણ યાદગાર રોલ કર્યા છે. તાજેતરમાં તેની વૅબ સિરીઝ 'ક્રિમિનલ જસ્ટીસ' રિલીઝ થઈ છે. ત્યારે તેણે એક ઈન્ટરવ્યુમાં ટીવીમાં કામ કરવાની વાસ્તવિકતા વિશે વાત કરી હતી. પોતાની કૅરીઅરના શરૂઆતના દિવસો વિશે વાત કરતાં સુરવીને ખરાબ વાતાવરણ, કલાકાર પ્રત્યે માનની કમી અને અમાનવીય વર્તન અંગેના પોતાના અનુભવોની ખુલીને વાત કરી હતીસુરવીને પોતાની કિરકિર્દીની શરૂઆત 'કહીં તો હોગા' સીરિયલથી કરી હતી. બાલાજીની આ સીરિયલમાં એક નવા કલાકાર તરીકે તેણે અનુભવેલા અતિશય દબાણને યાદ કરતાં કહ્યું, "હું અઠવાડિયામાં ચાર દિવસ બાલાજી માટે કામ કરતી હતી. મને એવું લાગતું હતું કે જાણી આખી દુનિયાના આશીર્વાદ મારા પર છે. મને આ ફિલ્ડનો કોઈ અનુભવ નહોતો, લોકો મારી ભાષા અને ઉચ્ચારો પર હસતાં હતાં.દરરોજ ટીવી શૂટના દબાણ અંગે સુરવીને કહ્યું, "ટીવીમાં, એવું લાગે કે જાણે તમારી સાથે ઢોર જેવું વર્તન થઈ રહ્યું છે, તમારી સાથે ગાય-ભેંસ જેવું વર્તન ય છે. જાણે બધાં કારખાનામાં કામ કરતાં હોય. એક સમય મર્યાદા હોય, તેમાં એપિસોડ બનવા જ જોઈએ. તમારું ત્યાં શું મહત્વ છે? તમે માત્ર ત્યાં કામ કરતું વધુ એક શરીર છો. તમે તમારા ઘરમાં નથી, તમે એક તંત્રનું માત્ર એક ઉત્પાદન છો."આ સાથે સુરવીને આ શોમાં કામ કરતી વખતે એક ડિરેક્ટર સાથેના ખરાબ અનુભવો વિશે પણ વાત કરી હતી. સુરવીને કહ્યું, "તેની સાથે કામ કરવામાં ઘણી મહિલાઓને તકલીફ થતી હતી, પરંતુ એ પ્રોડક્શન હાઉસનો મનગમતો માણસ હતો. એવું લાગતું હતું, જાણે અમને દરરોજ કતલખાને મોકલાતાં હોય. જેવું કામ પૂરું થતું, બીજું કશું જ ધ્યાનમાં લેવાતું નહી, કશું જ સાચું કે ખોટું નહોતું."

## વેટ્રી મારને સેન્સર બોર્ડ વિરુદ્ધ મદ્રાસ હાઇ કોર્ટના દ્વાર ખખડાવ્યાં

જાણીતા તમિલ ફિલ્મ મેકર અને પ્રોડ્યુસર વેટ્રી મારને મદ્રાસ હાઈ કોર્ટના દ્વાર ખખડાવ્યાં છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા તેની તાજેતરની ફિલ્મ 'માનુષી'ને સેન્સર સર્ટિફિકેટ આપવાનો ઈનકાર કરી દેવાયો છે. આ એક રાજકારણ આધારીત ફિલ્મ છે જેમાં એન્ડ્રીઆ જેરેમીએ એક્ટિંગ કરી છે અને આ ફિલ્મ ગોપી નૈનાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે.

આ મુદ્દે એક રીટ પિટિશન કરવામાં આવી છે, જેની સોમવારે, ૨ જૂને જસ્ટિસ એન.આનંદ સમક્ષ સુનાવણી થવાની હતી. જોકે, તેમાં વિલંબના કારણે ૬ વાગ્યા સુધી કેસનો વારો આવી શક્યો નહીં. તેથી કોર્ટે આ કેસ માટે ૪ જૂનની તારીખ આપી છે.

આ પિટિશન મુજબ, વેટ્રી મારનના બેનર ગ્રાસરૂટ ફિલ્મ કંપનીએ પ્રોડ્યુસ કરેલી ફિલ્મ આતંકવાદમાં કેસમાં પકડાયેલી એક મહિલાની કસ્ટોડિયન ઈન્ટ્રોગેશન પર આધારીત છે. ફિલ્મ મેકરનો દાવો છે કે સેન્સર બોર્ડે સપ્ટેમ્બર ૨૦૨૪માં સર્ટિફિકેટ આપવાનો ઈનકાર કરી દીધો હતો, તેની પાછળ એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે ફિલ્મમાં સરકારને અન્યાયી રીતે દર્શાવાઈ છે અને ડાબેરી તેમજ મુખ્ય પ્રવાહની સમાજવાદી વિચારધારા વચ્ચેના ભેદને ભુંસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. વેટ્રી મારનનો દાવો છે કે તેને સાંભળ્યા વિના કે સ્પષ્ટતા કરવાની કોઈ તક આપ્યા વિના આ નિર્ણય લેવામાં આવ્યો હતો, તેમજ સેન્સર બોર્ડના સભ્યોના અંગત મંતવ્યોને આધારે નિર્ણય લેવાયો છે.

તેના પ્રતિસાદમાં તેણે કાયદેસરની અરજી સેન્સર બોર્ડને ૨૯ માર્ચે મોકલી હતી. જેમાં માન અધિકારના ધોરણે પણ ફિલ્મને એક નિષ્ણાતોની પેનલ દ્વારા ફરી તપાસવાની વિનંતિ કરી હતી. જો ફિલ્મમાં કોઈ સીન કે ભાગ બંધારણની મર્યાદાનો ભંગ કરે તો તેણે જરૂરી ફેરફાર કરવાની તૈયારી પણ દર્શાવી હતી. આ ફિલ્મનું ટ્રેલર એપ્રિલ ૨૦૨૪માં રિલીઝ થયું હતું.



# શાહિદ, ક્રિતી અને રશ્મિકા ઓગસ્ટથી કોકટેલ ૨ માટે શૂટિંગ શરૂ કરશે

### ૨૦૨૬ના અંત સુધીમાં ફિલ્મ રિલીઝ કરવાની ગણતરી

વર્ષ ૨૦૧૨ની સૌથી લોકપ્રિય રોમાન્સ કોમેડી હિન્દી ફિલ્મમાંની એક ફિલ્મ કોકટેઈલ હતી. આ ફિલ્મનાં ફેન્સ માટે સારા સમાચાર છે. હવે આ લોકપ્રિય ફિલ્મની સિક્વલ માટે. દિનેશ વિજાન અને લવ રંજન એકસાથે આવી રહ્યા છે. તેમની ગણતરી આ સિક્વલ બાદ એક ફ્રેન્ચાઈઝી બનાવવાનો છે. વધુ એક રસપ્રદ વાત એ પણ છે 'તેરી બાતો મેં ઐસા ઉલજા જીયા' ની સફળ જોડી શાહિદ કપૂર અને ક્રિતિ સેનન ફરી આ ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળશે.

સુત્રો દ્વારા મળતી અનુસાર 'કોકટેલ ૨'નું શૂટિંગ ઓગસ્ટ મહિનામાં શરૂ થશે. આ ફિલ્મનું શૂટિંગ ભારતમાં અને યુરોપના કેટલાક સ્થળો પર કરવામાં આવશે. તેમજ જાન્યુઆરી ૨૦૨૬માં ફિલ્મનું શૂટિંગ પુરૂ થઇ જશે એવો અંદાજ છે . શાહિદ અને ક્રિતી સાથે હવે રશ્મિકા પણ આ ફિલ્મમાં જોડાઈ છે. આ ત્રણ મુખ્ય કલાકારો સિવાય બીજા અનેક કલાકારોનું કાસ્ટીગ અત્યારે ચાલી રહ્યું છે.

પહેલા ભાગની જેમ આ વખતે પણ હોમી અડજાણિયા ફિલ્મને ડાયરેક્ટ કરશે. ૨૦૧૨ની કોકટેલમાં દિનેશ વિજને ઈમ્તિયાઝ અલી સાથે પાર્ટનરશીપ કરી હતી જે આ વખતના ભાગમાં લવ રંજન સાથે કરવાના છે. કોકટેલ ૨ની વાર્તા લવ રંજને લખી છે, જેઓ પોતાની વાર્તા દર્શાવાની રીત અને લાગણીઓને બારીકાઈથી દર્શાવવા પ્રખ્યાત છે.

કોકટેલ ૨નું કામ શરુ કરતાં પહેલા શાહિદ કપૂર વિશાલ ભારદ્વાજની ફિલ્મનું કામ પહેલાં પુરું કરશે. જેનું નામ હાલ પૂરતું 'અર્જુન ઉસ્ત્રા' રાખવામાં આવ્યું છે. બીજી બાજુ ક્રિતી સેનન પહેલા આનંદ એલ. રાયની 'તેરે ઈશ્ક મૈં'નું શૂટિંગ પૂરું કરશે. કોકટેલ ૨ની બીજી હિરોઈન રશ્મિકા મંદાના આયુષ્માન ખુરાના સાથેની ફિલ્મ 'થામા'માં પોતાના ભાગનું શૂટિંગ કરી જલ્દી જ બીજા કલાકારો સાથે જોડાશે.કોકટેલના પહેલા ભાગની વાત કરીએ તો સૈફ અલી ખાન, દિપીકા પાદુકોણ અને ડાયના પેન્ટી લીડ રોલમાં હતાં. આ ફિલ્મને ખુબ સફળતા મળી હતી. ત્રણેય કલાકારની એક્ટિંગ સાથે જ આ ફિલ્મના ગીતોને પણ લોકો દ્વારા ખુબ સહકાર મળ્યો હતો, જેની આશા દર્શકોને આવનારા ભાગમાં પણ રહેશે.





## રાણા દુગ્ગુબતી અને અભિષેક બેનર્જી કમલ હસનના ટેકામાં

એક તરફ કમલ હસનની 'ઠગ લાઈફ' રિલીઝ થઈ છે, બીજી તરફ તેમનાં કન્નડા ભાષાને લઈને નિવેદન અંગે વિવાદ સર્જાયો છે. જેના પગલે મણિ રત્નમે ડિરેક્ટ કરેલી આ ફિલ્મની કર્ણાટકમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમ છતાં કમલ હસન ટસના મસ થવા તૈયાર નથી અને તેમણે આપેલાં 'કન્નાડા ભાષાનો ઉદ્ધભવતમિલમાંથી થયો છે' નિવેદન બદલ માફી માગવા માટે ઈનકાર કરી દીધો છે. ત્યાર બાદ કર્ણાટક હાઈકોર્ટે પણ તેમની આ નિવેદન અને પછી તની માફી ન માગવા બદલ ઝાટકણી કાઢી હતી. ત્યારે હવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં રાણા દુગ્ગુબતી અને અભિષેક બેનર્જીએ આ મુદ્દે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. રાણા દુગ્ગુબતીએ આ અંગે સામે સવાલ કર્યો હતો કે સમાજે જે રીતે જીવવું જોઈએ, તેમાં જ્ઞાનીઓ અને રાજકારણી કરતાં અભિનેતાઓને જ કેમ આદર્શ માનવામાં આવે છે. તેણે કહ્યું, "હવે સોશિયલ મીડિયા પોતાના મંતવ્યો ઘડવાની જગ્યા જેવું બની ગયું છે. પહેલાં એવું નહોતું. હવે કોઈ પણ બાબત બહુ જલ્દી રાજકીય સ્વરૂપ ધારણ કરી લે છે અને લોકોને લાગી આવે છે. જો મીડિયા અને ન્યુઝ અને લોકો વધુ સ્માર્ટ બની ગયાં હોય તો(એક વાત સમજો) કલાકારો સમાજે કઈ રીતે જીવવું જોઈએ તેની કોઈ તરફેણ કરતાં જ નથી, આ સ્થિતિ પણ સુધરશે. મને લાગે છે કે લોકોએ જ્ઞાનીઓ અને રાજકારણીઓને પોતાના આદર્શ માનવા જોઈએ, અભ્યાસુ સ્ત્રીઓ અને પુરુષોએ આ સમાજને રાહ ચિંધવાની આગેવાની લેવી જોઈએ."અભિષેક બેનર્જી અને રાણા દુગ્ગુબતી રાણા નાઈડુમાં સાથે કામ કરી ચુક્યા છે અને હવે તેનો બીજો ભાગ પણ આવી રહ્યો છે, ત્યારે અભિષેક બેનર્જીએ આ મુદ્દાને મહારાષ્ટ્રમાં ચાલતા મરાઠી-બિહારી ભાષાવાદ સાથે સરખાવતા કહ્યું, "હું જ્યારે મુંબઈ આવ્યો ત્યારે ઘણા વર્ષો પહેલાં, મેં પણ આવી જ વાત મરાઠી- બિહારી વિશે સાંભળી હતી અને હવે કન્નડા તમિલમાં પણ એ જ ચાલી રહ્યું છે.

# હું અને ગૌરી મળ્યાં તો ભુલથી... અને એકબીજા સાથે જોડાઈ ગયાં

## આમિરે ગૌરી સ્પ્રત્ત સાથેના સંબંધ અંગે ખુલાસો કર્યો

આમિર ખાને તેના ૬૦મા જન્મ દિવસે ગૌરી સ્પ્રત્ત સાથેના સંબંધો જાહેર કર્યાં હતાં. પરંતુ એ બહુ ઓછા લોકો જાણતાં હતાં કે તેઓ બંને અનાયાસે જ મળી ગયાં હતાં. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં આમિરે કહ્યું કે ગૌરીને મળ્યો તે પહેલાં તેને એવું લાગતું હતું કે આ ઉંમરે હવે તેને કોઈ પાર્ટનર ન મળી શકે.

ઈન્ટરવ્યુમાં આમિરે કહ્યું, "હું ગૌરીને મળ્યો એ પહેલાં મને લાગતું હતું હું હવે ઘરડો થઈ ગયો છું હવે આ ઉંમરે મને કોઈ કઈ રીતે મળે. એ ઉપરાંત મારી થેરાપી પણ ચાલતી હતી અને મને સમજાયું હતું કે મારે પહેલાં મારી જાતને પ્રેમ કરવો પડશે અને મારી જાતને તંદુરસ્ત કરવી પડશે. તેથી હું એ કામે લાગી ગયો હતો."

આમિરે તેની પૂર્વ પત્નીઓ રીના દત્તા અને કિરણ રાવ સાથેના સંબંધો અંગે પણ વાત કરી હતી. આમિરે કહ્યું, "મારે કિરણ અને રીના સાથે બે બહુ મજબુત અને ઊંડા સંબંધો હતા, અમે હવે અલગ ભલે હોય તેમ છતાં એકબીજાને માન આપીએ છીએ. મને નહોતું



લાગતું કે મને કોઈ એવું મળશે, જેની સાથે મારો આવો નાતો બંધાઈ જશે."

ગૌરી સાથેની પહેલી મુલાકાત યાદ કરતા આમિરે કહ્યું, "ગૌરી અને હું ભુલથી મળી ગયાં હતાં અને અમે એકબીજાના મિત્રો બની ગયાં અને એકબીજા સાથે જોડાઈ ગયાં અને પ્રેમ થઈ ગયો. મને લાગતું હતું, મારી પાસે મા છે, બાળકો છે, ભાઈ-બહેન છે—મારે ઘણા નજીકના અને મજબુત સંબંધો છે અને મારે હવે કોઈ પાર્ટનરની જરૂર નથી."આમિરે આ સાથે તેની પૂર્વપત્નીઓ વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું, "રીના, કિરણ અને હું હજુ પણ પાની ફાઉન્ડેશન માટે સાથે કામ કરીએ છીએ. અમે દરરોજ સાથે બેસીને વાત કરીએ છીએ. અમારી વચ્ચે ખરો પ્રેમ અને હુંફ છે, અમે એક પરિવાર છીએ અને એ હંમેશા રહેવાનાં છીએ. અમે ભલે પતિ-પત્ની ન હોય, પરંતુ પરિવાર હંમેશા રહેવાના છીએ. મારા પરિવાર અને જીવનનો એક અડગ હિસ્સો છે."


# આમિરની સિતારેં ઝમીન પરના અધિકારો માટે યુટ્યુબ અને નેટફ્લિક્સ વચ્ચે રસ્સાખેંચ શરૂ

## નેટફ્લિક્સે આમિરની 'સિતારેં ઝમીન પર'ની ઓફર રૂ.૬૦ કરોડથી વધારીને રૂ.૧૨૫ કરોડ કરી દીધી

આમિર ખાનની આવનારી ફિલ્મ 'સિતારેં ઝમીન પર'ને યુટ્યુબના બદલે માત્ર નેટફ્લિક્સ પર રિલીઝ કરવા માટે આ પ્લેટફર્મે પોતાની ઓફર હવે ડબલ કરી દીધી છે. નેટફ્લિક્સે ફિલ્મના ડિજિટલ રાઈટ્સ મેળવવા માટે પોતાની ઓફર ૬૦ કરોડથી વધારીને ૧૨૫ કરોડ કરી નાખી છે.

શરૂઆતમાં તેમની ઓફર માત્ર ૫૦થી ૬૦ કરોડની વચ્ચેની હતી, એક એવો આંકડો, જેમાં મોટા ભાગે મોટી ફિલ્મના અધિકારો મેળવાતા હોય છે. જ્યારે આમિર ખાન સતત આ ફિલ્મ વૈકલ્પિક ડિજિટલ પ્લેટફર્મ પર, જેમકે યુટ્યુબમાં પે પર વ્યૂ મોડેલથી રિલીઝ કરવાની તરફેણમાં છે. આમિર ખાન બિલકુલ અલગ અને સ્વતંત્ર માર્કેટિંગ માટેના વિકલ્પો અપનાવવા માટે જાણીતો છે. આમિર ખાન આ વખતે ફિલ્મને સબસ્ક્રિપ્શન આધારીત કોઈ જાણીતા પરંપરાગત પ્લેફર્મ પર ફિલ્મ રિલીઝ કરવા માગતો નથી. છેલ્લાં ઘણા વખતથી આમિર ફિલ્મને યુટ્યુબ પર પે પર વ્યુ મોડેલથી રિલીઝ કરવાની દલીલ કરતો રહ્યો છે. કારણ કે આ પ્લેટફર્મ ભારતના લોકો સુધી પહોંચવા માટે વધુ સરળ છે ખાસ કરીને નાના શહેરના અને ગામડાનાં લોકો સુધી પહોંચવા માટે, જ્યાં મોટા સ્ટ્રીમિંગ પ્લેટફર્મ સબસ્ક્રાઈબ કરવાનું બહુ જાણીતું નથી.

આમિર ખાનના મતે આ પ્રકારના મોડેલથી દર્શકોને સામાન્ય ફીથી એક વખત ઘેર બેઠાં ફિલ્મ જોવા મળશે, જ્યાં તેમને કોઈ પ્લેટફર્મના મોટા સબસ્ક્રિપ્શન ભરવા નહી પડે. આ રીતે ફિલ્મ રિલીઝ કરવાથી વધુ દુર સુધી લોકો સુધી પહોંચી શકાશે અને જે કોઈ




પણ વ્યક્તિ પાસે મોબાઈલ હોય એ બધાં આ ફિલ્મ જોઈ શકશે.

નેટફ્લિક્સે ઓફર વધારવા અંગે એક સુત્રએ જણાવ્યું, "જો આ રીતે યુટ્યુબ પર પે પ વ્યૂ મોડેલથી ફિલ્મ રિલીઝ કરવામાં આવે તો ઓટીટી પ્લટફર્મે બનાવેલું સમગ્ર તંત્ર વિખેરાઈ જશે. જો આમિર આવું કરવામાં સફળ થાય તો તો ઘણા ફિલ્મ મેકર્સ આ રસ્તે જઈ શકશે. તેનો અર્થ એવો થશે કે નેટફ્લિક્સ અને એમેઝોન પ્રાઈમ જેવા પ્લેટફર્મે પછી આ પ્રકારના સસ્તા અને વધુ સગવડભર્યા અને સર્વાગ્રહી વિકલ્પ સાથે હરાફાઈ કરવી પડશે."

સુત્રએ આગળ કહ્યું, "નેટફ્લિક્સ માટે આ વાત હવે માત્ર ફિલ્મના અધિકારો મેળવવા પુરતી સીમિત રહી નથી, તેઓ હવે પોતાનું મહત્વ સાચવી રાખવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. આમિરની દર્શકોમાં પહોંચ અને આ ફિલ્મની વિશ્વસનીયતા ઓટીટી પ્લેટફર્મ માટે ભારતમાં સ્ટ્રેટેજી બાબતે એક મહત્વની બાબત બની રહી છે."

નેટફ્લિક્સની મોટી ઓફર આમિર સ્વીકારે છે કે પછી તેની પોતાની યોજનાને વળગી રહે છે, તે તો સમય આવ્યે જ ખ્યાલ આવશે, જોકે, તેમાં ઘણાં લોકોનું હિત જોડાયેલું છે. જો આમિર ખાન યુટ્યુબ પર ફિલ્મ રિલીઝ કરવાનું પસંદ કરે તો ભારતીય સિનેમાના અર્થતંત્ર અને દર્શકો સુધી પહોંચવાની સમગ્ર તરેહ બદલાઈ જશે અને દેશમાં ફિલ્મ ડિસ્ટ્રીબ્યુશનનો એક નવો નકશો તૈયાર કરવો પડશે. હાલ તો આ ફિલ્મ થિએટરમાં કેવી ચાલે છે અને લોકોને કેટલી ગમે છે, તે જોવાનું રહ્યું.

# બેંગલોરમાં ભાગદોડમાં મૃતકોના પરિવારને આર.સી.બી. દ્વારા દસ લાખનું વળતર



ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ બુધવારે તેમના શહેરમાં પહોંચ્યા બાદ સત્કાર સમારંભ દરમિયાન સર્જાયેલી ભાગદોડમાં ૧૧ સમર્થકોના મોત નીપજ્યા હતા. આ દુઃખદ ઘટના બાદ ગુરુવારે આરસીબીની ફ્રેન્ચાઈઝીએ તમામ ૧૧ મૃતકોના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ દાખવીને દસ દસ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. આ ઉપરાંત બુધવારની ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને પણ વળતર આપવાની યોજના જાહેર કરી હતી.અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે મંગળવારે રમાયેલી આઈપીએલની ફાઈનલમાં પંજાબ કિંગ્સ સામે રોયલ ચેલેન્જર્સ બેંગલોરનો છ રનથી વિજય થયો હતો. આમ બેંગલોરે ૧૮ વર્ષ રાહ જોયા બાદ આખરે આ લોકપ્રિય ટીર૦ લીગનું ટાઈટલ જીતી લીધું હતું. બેંગલોરમાં આ વિજયની ઉજવણી માટે બુધવારે ભવ્ય સત્કાર સમારંભ યોજવાની જાહેરાત કરવામાં આવી હતી.બેંગલોરની ટીમ ચેમ્પિયન બનીને શહેરમાં પરત આવનારી હતી ત્યારે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન તેમના સ્વાગત માટે એરપોર્ટ પર પહોંચ્યા હતા. ત્યાર બાદ ટીમના ખેલાડીઓ વિધાનસભા ખાતે મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયાની મુલાકાત માટે ગયા હતા. રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમનું માર્ગમાં લાખો પ્રશંસકોએ સ્વાગત કર્યું હતું અને ત્યાંથી ટીમ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે પહોંચી હતી. અહીં સ્ટેડિયમમાં પ્રવેશવા માટે લોકોની ભીડ જામી હતી અને ત્યાં ભાગદોડ મચી ગઈ હતી. ૩૫ હજારની ક્ષમતા ધરાવતા સ્ટેડિયમ ખાતે બે લાખથી વધુ લોકો પહોંચી ગયા હતા અને પરિસ્થિતિ અનિયંત્રિત બની ગઈ હતી. સ્ટેડિયમમાં પ્રવેશવા માટે ધક્કામુક્કી જોવા મળી હતી.આ ઘટના બાદ કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયાએ મૃતકના પરિવારજનો માટે દસ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કર્યા બાદ ગુરુવારે રોયલ ચેલેન્જર્સ બેંગલોરે પણ આ પ્રકારના વળતરની જાહેરાત કરી હતી. આરસીબીએ ગુરુવારે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે બેંગલોર ખાતે બુધવારે બનેલી કમનસીબ ઘટનાથી આરસીબી પરિવાર વ્યથિત છે અને દુઃખ અનુભવે છે આ સમયે અમે પ્રજાની તથા મૃતકના પરિવારની સાથે ઉભા છીએ. અમે ૧૧ મૃતકના પરિવારને દસ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી રહ્યા છીએ. આ ઉપરાંત અમે આરસીબી કેર્સ નામથી એક ફંડની રચના કરીશું અને તેમાંથી આ દુઃખદ ઘટનામાં ઘાયલ થયેલા સમર્થકોની મદદ કરીશું તેમ આ નિવેદનમાં જણાવાયું હતું.સ્ટેડિયમમાં પ્રવેશતી વખતે સમર્થકોના ટોળા ત્યાં પહોંચી ગયા હતા જેમાં ધક્કામુક્કી દરમિયાન ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ કર્ણાટક સરકારે એક મેજિસ્ટ્રિયલ તપાસની જાહેરાત કરી છે. દરમિયાન આ પ્રકારની ઉજવણીનું તાકીદે આયોજન કરવા બદલ આરસીબીની ટીકા થઈ રહી છે.

# ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમમાં ક્રિસ વોક્સનો સમાવેશ, બેન સ્ટોક્સ કેપ્ટન



પ્રવાસી ભારત સામે ૨૦મી જૂનથી શરૂ થયેલી પાંચ ક્રિકેટ ટેસ્ટની સિરીઝ માટેની ઈંગ્લેન્ડની ટીમમાં ઝડપી બોલર ક્રિસ વોક્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સાથે બેન સ્ટોક્સની આગેવાની હેઠળની ૧૪ સદસ્યની ઈંગ્લેન્ડની ટીમ જાહેર કરાઈ હતી.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ ટેસ્ટની સિરીઝનો ૨૦મીથી લીડ્ઝ ખાતે પ્રારંભ થશે. જોકે આ ટીમ માત્ર પ્રથમ ટેસ્ટ માટેની જ રહેશે ત્યાર બાદ તેમાં ફેરફાર થઈ શકે તેમ છે.

૩૬ વર્ષીય ક્રિસ વોક્સ અત્યાર સુધીમાં ઈંગ્લેન્ડ માટે ૫૭ ટેસ્ટ રમી ચૂક્યો છે જેમાં તેણે ૧૯૭૦ રન આપીને ૧૮૧ વિકેટ ઝડપી છે. ૨૦૧૮માં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લોર્ડ્ઝ ખાતે રમાયેલી ટેસ્ટમાં વોક્સે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે બંને દાવમાં મળીને ભારતની ચાર વિકેટ ખેરવવા ઉપરાંત ઈંગ્લેન્ડના ૩૯૬ રનના સ્કોરમાં અણનમ ૧૩૭ રન ફટકાર્યા હતા. જેને અંતે ઈંગ્લેન્ડનો એક ઈનિંગ્સ અને ૧૫૯ રનથી વિજય થયો હતો.

ભારત સામેની ટેસ્ટ અગાઉ ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે વોક્સ ઉપરાંત અન્ય ઝડપી બોલર જોશ ટોંગને પણ પસંદ કર્યો છે. આ બંને બોલર હાલમાં ભારત-એ સામેની ચાર દિવસીય મેચ માટે ઈંગ્લેન્ડ લાયન્સ સાથે છે. બંને ટીમ શુક્રવારથી નોટ્ટિંગહામ ખાતે આ મેચ રમવાના છે.

જૂન ૨૦૨૨માં ઈંગ્લેન્ડ માટે પોતાની કારકિર્દીની પ્રથમ ટેસ્ટ રમનારા જેમી ઓવર્ટનને પણ ઈંગ્લેન્ડની ટીમમાં સામેલ કરાયો છે. ઓવર્ટન હજી હાલમાં જ આઈપીએલમાં રમવા માટે ભારતમાં હતો. જોકે ત્યાર બાદ વેસ્ટ ઈન્ડિઝ સામેની વન-ડે સિરીઝની પ્રથમ મેચ દરમિયાન ૨૯મી મેએ તે ઘાયલ થયો હતો. આમ છતાં તેને ટીમમાં સામેલ કરાયો છે. હવે તેણે ફિટનેસ પુરવાર કરવાની રહેશે.૩૧ વર્ષીય ઓવર્ટન આ વખતે ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમ્યો હતો. ઈસીબીના જણાવ્યા મુજબ તેની ફિટનેસની ચકાસણી થશે.ઈંગ્લેન્ડની ટીમમાં એકમાત્ર સ્પિનર શોએબ બશીર રહેશે જેણે તાજેતરમાં ઝિમ્બાબ્વે સામેની ટેસ્ટમાં નવ વિકેટ ખેરવીને ટીમને વિજય અપાવ્યો હતો.

# જર્મની સામે પોર્ટુગલનો ૨૫ વર્ષ બાદ વિજય, રોનાલ્ડોનો ગોલ



સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ નોંધાવેલા વિનિંગ ગોલની મદદથી પોર્ટુગલે બુધવારે રાત્રે રમાયેલી નેશન્સ લીગ ફૂટબોલની સેમિફાઈનલમાં જર્મની સામે ૨-૧થી વિજય હાંસલ કરીને ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો અને આ સાથે જર્મની સામે સતત નહીં જીતી શકવાની પરંપરા પણ તૂટી ગઈ હતી. રોનાલ્ડોએ ૬૮મી મિનિટે ગોલ કર્યો હતો જે તેનો વિક્રમી ૧૩૭મો ઈન્ટરનેશનલ ગોલ રહ્યો હતો. જર્મની સામે પાંચ મુકાબલા હાર્યા બાદ પોર્ટુગલનો આ પ્રથમ વિજય થયો છે. આ સાથે જર્મની સામે ગોલ કરનારો ૪૦ વર્ષીય રોનાલ્ડો સૌથી વયસ્ક ખેલાડી બની ગયો હતો. વરસાદ તથા બરફ સાથેના વાવાઝોડાંને કારણે મુકાબલો શરૂ થવામાં વિલંબ થયો હતો. પ્રથમ હાફમાં બંને ટીમે વધારે પડતી ડિફેન્સિવ રમત દાખવી હતી.હાફ ટાઈમ બાદની ત્રીજી મિનિટે ફ્લોરિયને ગોલ કરીને જર્મનીને ૧-૦ની લીડ અપાવી હતી. ૬૦મી મિનિટે ફ્રાન્સિસ્કો કોનસેકાઓએ ૩૫ મીટરનું રનિંગ કરીને શાનદાર ફિલ્ડ ગોલ કરવાની સાથે પોર્ટુગલે સ્કોર ૧-૧થી સરભર કર્યો હતો. રોનાલ્ડોએ પ્રથમ હાફમાં બે વખત ગોલ કરવાની તક ગુમાવી હતી પરંતુ ૬૩મી મિનિટે રોનાલ્ડોએ નૂનો મેન્ડિસે આપેલા શાનદાર પાસને ગોલમાં ફેરવીને પોર્ટુગલનો વિજય નિશ્ચિત કર્યો હતો. આ સાથે રોનાલ્ડો જર્મની સામે ૪૦ વર્ષ ૧૧૯ દિવસની વયે ગોલ કરનારો સૌથી વયસ્ક પ્લેયર બન્યો હતો. જર્મની હવે રવિવારે ત્રીજા સ્થાન માટે પ્લે ઓફ મુકાબલો રમશે. પોર્ટુગલ હવે ફ્રાન્સ અને સ્પેન વચ્ચેની બીજી સેમિફાઈનલની વિજેતા ટીમ સામે ફાઈનલ રમશે. રોનાલ્ડોએ તેની કારકિર્દીમાં કુલ ૯૩૭મો ગોલ નોંધાવ્યો છે. જર્મની સામે રોનાલ્ડોનો રેકોર્ડ નિરાશાજનક રહ્યો છે. તેણે અત્યાર સુધીમાં જર્મની સામે માત્ર બે ગોલ કર્યા છે.

# ૫ ટેસ્ટમાં ૨૭ વિકેટો ઝડપી....સ્ટાર બોલર એક સમયે તેનો અંગૂઠો કપાવવા તૈયાર થઈ ગયો હતો



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ફરી એકવાર ટેસ્ટ ક્રિકેટ શરૂ થવા જઈ રહી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ચોથી એડિશન ૨૦મી જૂનથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની આ ટેસ્ટ સીરિઝ સાથે શરૂ થવા જઈ રહી છે. આ દરમિયાન ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર બ્રાયડન કાર્સે પોતાની ઈજા વિશે ખુલીને વાત કરી છે. તેમણે કહ્યું કે, 'મહિનાઓ સુધી સતત પીડાદાયક સમસ્યાથી સાજા થવા માટે મે મારા પગનો અંગૂઠો કાપી નાખવાનું વિચાર્યું હતું.'ઈંગ્લેન્ડે ગુરુવારે (પાંચમી જૂન) ભારત સામેની ટેસ્ટ સીરિઝની પહેલી મેચ માટે ટીમની જાહેરાત કરી હતી. આ ટીમમાં પાંચ ટેસ્ટમાં ૨૭ વિકેટ લેનાર બ્રાયડન કાર્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ફેબ્રુઆરીમાં ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન તે ઈજાગ્રસ્ત થયો હતો, જેના કારણે તે ચેમ્પિયન્સ ટ્રોફી અને IPL ૨૦૨૫માંથી બહાર થઈ ગયો હતો.એક મીડિયા ઈન્ટરવ્યુમાં બ્રાયડન કાર્સે જણાવ્યું હતું કે, 'મહિનાઓ સુધી સતત પીડાદાયક સમસ્યાથી સાજા થવા માટે મે મારા પગનો અંગૂઠો કાપી નાખવાનું વિચાર્યું હતું. પરંતુ તબીબી સ્ટાફે મને કહ્યું કે મને સંતુલન જાળવવા માટે અંગૂઠાની જરૂર પડશે, તેથી મે વિચાર બદલી નાખ્યો હતો.' બ્રાયડન કાર્સને સલાહ આપવામાં આવી હતી કે આ પૂરતા આરામથી જ ઠીક થઈ શકે છે. જો ૨૯ વર્ષીય બ્રાયડન કાર્સે આવી સર્જરી કરાવી હોત, તો તેના માટે આ સીરિઝમાં ઈંગ્લેન્ડ માટે રમવું મુશ્કેલ હોત. જોકે, હવે તે ફિટ છે. તેમણે વર્ષ ૨૦૨૪માં ઈંગ્લેન્ડ ટીમમાં ટેસ્ટ ક્રિકેટથી ડેબ્યૂ કર્યું હતું અને અત્યાર સુધીમાં ૫ મેચોમાં ૧૯.૮૫ની ઉત્તમ સરેરાશથી ૨૭ વિકેટ લીધી છે. આ ઉપરાંત તેણે ૨૪ વનડેમાં ૨૮ વિકેટ અને ૮ ટીર૦માં ૧૫ વિકેટ લીધી છે.

# 'જો ટોળા પર કંટ્રોલ ન કરી શકો તો આવા જશ્નની જરૂર નથી', બેંગલુરૂ દુર્ઘટના પર ગૌતમ ગંભીરનું નિવેદન

આઈપીએલ ૨૦૨૫ના સમાપન બાદ ટીમ ઈન્ડિયા ૨૦ જૂનથી ઈંગ્લેન્ડમાં શરૂ થનારી ૫ મેચોની ટેસ્ટ સીરિઝ માટે હવે તૈયાર છે. કેટલાક ખેલાડી પહેલા જ ઈંગ્લેન્ડ પહોંચી ચૂક્યા છે. જ્યારે કેટલાક ખેલાડી ટૂંક સમયમાં ત્યાં પહોંચશે. આ પ્રવાસની તમામ માહિતી શેર કરવા માટે ટીમ ઈન્ડિયાના નવનિયુક્ત કેપ્ટન શુભમન ગિલે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમની સાથે કોચ ગૌતમ ગંભીર પણ હાજર રહ્યા.

બેંગલુરૂ દુર્ઘટના પર કોચ ગંભીરને જ્યારે પૂછવામાં આવ્યું કે, તમે આ દુર્ઘટનાના જવાબદારને કઈ રીતે માનો છો? તો ગંભીરે કહ્યું કે, હું કોઈ નક્કી કરવા વાળો નથી કે કોણ જવાબદાર છે. પરંતુ જ્યારે હું ખેલાડી હતો ત્યારે પણ હું આવા રોડ શો પર ભરોસો નહોતો કરતો. કોચ તરીકે પણ હું તેના પક્ષમાં નથી. લોકોનું જીવન સૌથી જરૂરી છે. જો તમે ભીડ પર કંટ્રોલ ન કરી શકો તો પછી આવા રોડ શોની કોઈ જરૂર નથી.

હું હંમેશાથી માનું છું કે રોડ શો ન થવા જોઈએ. મારું દિલ તે પરિવારો માટે દુઃખી છે જેમણે પોતાના પ્રિયજનો ગુમાવી દીધા. જ્યારે ૨૦૦૭માં અમે જીત્યા હતા, ત્યારે પણ મારું એવું જ માનવું હતું. આવા આયોજનો બંધ દરવાજાની અંદર અથવા સ્ટેડિયમમાં થવા જોઈએ. ત્યાં જે કંઈ થયું તે ખૂબ જ દુઃખદ છે. આપણે એક ખેલાડી, ફ્રેન્ચાઈઝી અને ફેન તરીકે વધુ જવાબદાર હોવાની જરૂર છે. કારણ કે લોકોના જીવન સૌથી મહત્ત્વના છે.

ખેલાડીઓની પસંદગીના સવાલ પર કોચ ગંભીરે કહ્યું કે, ખેલાડીઓને એક અથવા બે મેચના આધાર પર નક્કી ન કરી શકીએ. કોચિંગ દરમિયાન હું હંમેશા




પ્રેશરમાં રહું છું. જે સીરિઝ રમાઈ ચૂકી છે તેમાં પણ પ્રેશરમાં હતો. હજું પણ છું. દેશ માટે જીતવું સૌથી વધુ જરૂરી છે.

પ્લેઈંગ ઈલેવનના સવાલ પર કોચ ગંભીરે કહ્યું કે, તમામ કંડીશન જોઈને ખેલાડીઓની પસંદગી કરવી જોઈએ. તે હિસાબથી સ્પિનર્સ અને ફાસ્ટ બોલર સામેલ કરાશે. ટેસ્ટ સીરિઝમાં બોલરોની ભૂમિકા ઘણી મહત્ત્વની હોય છે. અમારી સ્ક્વૉડમાં ઘણા સારા પ્લેયર્સ છે અને અમને આ સીરિઝમાં દબદબો બનાવવાની સંપૂર્ણ આશા છે.

કેપ્ટનશીપના સવાલ પર ગિલે કહ્યું કે, જેમ જેમ ખેલાડીઓ રમે છે તેમ તેમ શીખે છે. મારે ટીમ સાથે વાતચીત કરવી અને તેને સમજાવવા પડશે. આ આપણી મજબૂતી હશે. અમારી ટીમમાં બુમરાહ જેવા દિગ્ગજ બોલર છે. અમારા પેસ બોલરો ખૂબ સારા છે. અમારી બોલિંગ ખૂબ જ આક્રમક રહેશે.

ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ૧૮ ખેલાડીઓની ભારતીય ટીમ: શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જાયસવાલ, કે.એલ રાહુલ, સાઈ સુદર્શન, ઋષભ પંત (વાઈસ-કેપ્ટન/વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), અભિમન્યુ ઈસવરાહ, મોહમ્મદ જૈશ્વરન, બ્રહ્મરાજ, બ્રહ્મસમાજ પ્રસિદ્ધ કૃષ્ણ, કરુણ નાયર, વોશિંગ્ટન સુંદર, આકાશ દીપ, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ.

# આર.જે. માહવાશે ચહલ માટે લખી 'સ્પેશિયલ પોસ્ટ', એક્ટ્રેસ કર્યો મોટો ખુલાસો



આઈપીએલ ૨૦૨૫ના અંત પછી આરજે માહવાશે તેના કથિત બોયફ્રેન્ડ યુઝવેન્દ્ર ચહલ માટે એક સ્પેશિયલ નોટ લખી છે. આઈપીએલ ક્લોઝિંગ સેરેમની બાદ આખો દેશ આરજે માહવાશની પોસ્ટની રાહ જોઈ રહ્યો હતો.

આરજે માહવાશે યુઝવેન્દ્ર ચહલના નામે એક ખાસ પોસ્ટ લખી છે. જેની રાહ આખો દેશ જોઈ રહ્યો હતો. આ પોસ્ટમાં આરજે માહવાશે ઘણા મોટા ખુલાસા કર્યા છે, જેના વિશે અત્યાર સુધી કોઈ જાણતું ન હતું.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુની જીત અને પંજાબ કિંગ્સની હાર બાદ, આરજે માહવાશે IPL દરમિયાનના ઘણા ફોટા અને વીડિયો તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યા છે. એક તસવીરમાં તે પ્રીતિ ઝિન્ટા સાથે તો કોઈ તસવીરમાં રુમર્ડ બોયફ્રેન્ડ યુઝવેન્દ્ર ચહલ સાથે પોઝ આપતી જોવા મળે છે.

આ ફોટા શેર કરતા આરજે માહવાશે ખુલાસો કર્યો કે 'તે લડ્યો, મક્કમ રહ્યો અને છેલ્લી મેચ સુધી રમ્યો! અને યુઝવેન્દ્ર ચહલ માટે એક સ્પેશિયલ પોસ્ટ કારણ કે લોકો જાણતા નથી કે બીજી મેચમાં જ તેની પાંસળીઓ તૂટી ગઈ હતી અને બાદમાં તેની બોલિંગ આંગળીમાં ફ્રેક્ચર થયું હતું.'

આરજે માહવાશે આગળ ખુલાસો કર્યો કે 'આ વ્યક્તિ ૩ ફ્રેક્ચર સાથે આખી સીઝનમાં રમ્યો! અમે બધાએ તેને ચીસો પાડતો અને દર્દથી રડતો જોયો છે, પરંતુ તેને ક્યારેય હાર માનતો નથી જોયો! મારો મતલબ છે કે તમારી પાસે વોરિયર સ્પિરિટ છે. ટીમ છેલ્લા બોલ સુધી લડતી રહી! આ કંઈ પણ નથી, બસ સન્માનની વાત છે કે હું આ વર્ષે આ ટીમની સપોર્ટર હતી! બહુ સારું રમ્યા છોકરાઓ. આ તસવીરોમાં જોવા મળેલ દરેક વ્યક્તિ મારા દિલની ખૂબ નજીક છે. આવતા વર્ષે મળીશું!'

આરજે માહવાશે અંતમાં કહ્યું કે 'આ સાથે જ, આરસીબી અને ફેન્સને ખૂબ ખૂબ અભિનંદન. બધા રમ્યા અને સખત મહેનત કરી! ક્રિકેટ અને આઈપીએલ... ભગવાન ફરી એકવાર! સાચે આપણા ભારતીયો માટે એક તહેવાર છે.' હવે આરજે માહવાશની આ પોસ્ટ ચર્ચામાં છે. તમને જણાવી દઈએ કે યુઝવેન્દ્ર ચહલના ૩ ફ્રેક્ચર વિશે જાણીને બધા ફેન્સ હેરાન થઈ ગયા છે. છેલ્લી મેચ સુધી રમનાર આ ક્રિકેટર કઈ સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યો હતો તે કોઈને ખબર ન હતી.

# મેચ ફિક્સિંગ કરનાર ખેલાડીને કેટલા વર્ષની સજા મળે? જાણો નિયમો

IPLમાં કેકેઆર માટે રમી ચૂકેલા શ્રીલંકાના પૂર્વ સ્પિન બોલર સચિત્ર સેનાનાયક મેચ ફિક્સિંગ કરતા પકડાઈ ગયા હતા. તેમને હમ્બનટોટાની અદાલતે લેકા પ્રિમિયર લીગ દરમિયાન તેમના સાથી કેલાડીને મેચ ફિક્સિંગ માટે લલચાવવાના આરોપમાં દોષી જાહોર કર્યા હતા. હવે એક સવાલ એવો છે કે ભારતમાં આ અંગે શું નિયમો છે? જો કોઈ મેચ ફિક્સિંગ કરતું પકડાઈ ગયું તો ભારતમાં તેને કેટલા વર્ષની જેલ થઈ શકે છે? ભારતીય



ક્રિકેટ બોર્ડે તેને લઈને નિયમો બનાવ્યા છે. આવો, જાણીયેભુતકાળમાં ઘણા ખેલાડીઓ પર મેચ ફિક્સિંગના આરોપો લાગ્યા છે, આમાંથી કેટલાયને બેન પણ કરી દેવાયા હતા. પરંતુ તમને જણાવી દીએ કે ભારતમાં તેને લઈને કોઈ વિશિષ્ટ કાયદાઓ નથી. પરંતુ BCCI મેચ ફિક્સિંગને લઈને હંમેશા સખ્ત રહ્યું છે. બોર્ડે આ અંગે કેટલાક નિયમો બનાવ્યા છે. મેચ ફિક્સિંગને લઈને ભારતમાં કોઈ નિયમ નથી. મોટા ભાગે આ પ્રકારના કેસમાં કલમ ૪૨૦ અંતર્ગત કાર્યવાહી થઈ શકે છે. જો કે આ કાયદા અંતર્ગત આરોપીઓ વિરુદ્ધ કોઈ નક્કર કાર્યવાહી થઈ શકતી નથી. ભારતમાં સટ્ટાબાજી અને મેચ ફિક્સિંગને ગેરકાયદેસર માનવામાં આવે છે. સટ્ટાબાજી માટે પણ કોઈ ખાસ કાયદો ભારતમાં નથી. ગણા દેશોમાં તે લિગલ છે તો ઘણા દેશોમાં તેના પર બેન લગાવવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ મેચ ફિક્સિંગને લઈને હંમેશા એલર્ટ રહે છે. આ રીતના કેસોમાં બોર્ડ સખત કાર્યવાહી પણ કરે છે. મેચ ફિક્સિંગને રોકવા માટે બીસીસીઆઈએ કોડ ઓફ કન્ડક્ટ અને એન્ટી કરપ્શન યુનાઈટ પણ બનાવી છે.

# વિરાટ કોહલીએ આઈપીએલમાંથી ૨૧ કરોડ નહીં, પરંતુ કમાયા ૨૭ કરોડ ૪૦ લાખ?



વિરાટ કોહલીનું ૧૭ વર્ષથી એક જ સપનું હતું - રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુને IPL ટ્રોફી જીતાડવાનું. વર્ષ ૨૦૨૫માં આખરે તેનું સપનું સાચું પડ્યું છે. IPL ૨૦૨૫ની ફાઈનલમાં RCBએ પંજાબ કિંગ્સને હરાવીને પ્રથમ વખત ટાઈટલ જીત્યું. ખાસ વાત એ હતી કે આ જીત રજત પાટીદારની કેપ્ટનશીપમાં મળી અને કોહલીની રાહનો અંત આવ્યો.

વિરાટ કોહલી છેલ્લી ૧૮ સિઝનથી RCB ટીમનો ભાગ રહ્યો છે. આ વખતે RCBએ તેને ૨૧ કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો. આ સિવાય તેને મેચ ફીમાંથી પણ સારી કમાણી કરી. આ સીઝનમાં એક મેચ રમવા માટે ખેલાડીને ૭.૫ લાખ રૂપિયા મળ્યા હતા.

કોહલીએ આ વખતે કુલ ૧૫ મેચ રમી તેમાં ૧૩ લીગ મેચ, ૧ ક્વોલિફાયર અને ફાઈનલ. આ મેચો માટે તેને ૧ કરોડ ૧૨ લાખ ૫૦ હજાર રૂપિયા મળ્યા. આ સિવાય ચેમ્પિયન બનવા બદલ જે પ્રાઈસ મની મળી, તેના ૩૦ ટકા ખેલાડીઓમાં વહેંચવામાં આવ્યા. ઈઝમ પાસે કુલ ૨૨ ખેલાડીઓ હતા, તેથી કોહલીને લગભગ ૨૭ લાખ રૂપિયા મળ્યા.

આ સિવાય વિરાટ કોહલીએ આ સિઝનમાં એન્ડોર્સમેન્ટથી લગભગ ૫ કરોડ રૂપિયાની કમાણી કરી. આ રીતે તેને સમગ્ર IPL ૨૦૨૫ માં લગભગ ૨૭ કરોડ ૪૦ લાખ રૂપિયાની કમાણી કરી.RCBની પહેલી ટ્રોફી જીતમાં વિરાટ કોહલીએ સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી તે ખાસ રહી. તેને આખી સીઝન દરમિયાન શાનદાર બેટિંગ કરી. વિરાટ કોહલીએ ૧૫ મેચમાં ૫૪.૭૫ ની એવરેજથી ૬૫૭ રન બનાવ્યા. તેનો સ્ટ્રાઈક રેટ લગભગ ૧૪૭ હતો. આ સીઝનમાં તેને ૮ અડધી સદી પણ ફટકારી.ફાઈનલમાં પણ તેને ટીમ માટે સૌથી વધુ ૪૩ રન બનાવીને મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. વિરાટ કોહલીના આ શાનદાર પ્રદર્શનથી RCB ને તેનું પહેલું IPL ટાઈટલ મળ્યું. આ સમાચાર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા સમાચાર અને પોસ્ટર્સને આધારે લખવામાં આવ્યા છે, સંદેશ ન્યૂઝ તેની પુષ્ટિ કરતું નથી.

# ગાયનો ડેથ ક્લેઈમ નામંજૂર કરનાર વીમા કંપનીને ગ્રાહક કોર્ટે ફટકારી

## મૃત ગાયના ક્લેઈમની રકમ ચૂકવવા વીમા કંપનીને ગ્રાહક કોર્ટે જવાબદારી ગણાવી ક્લેમની રકમ ચૂકવવા આદેશ કર્યો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

મૃત ગાયના ક્લેઈમની રકમ ચુકવવા વિમા કંપનીને ગ્રાહક કોર્ટે જવાબદાર ગણાવી ક્લેમની રકમ ચૂકવવા આદેશ કર્યો હતો. સુરત જિલ્લાના લીંબાડાગામમાં રહેતા રંજનબેન નટવરસિંહ ખેરએ તેમની ગાય માટે UNITED India Insurance Company Limitedની પોલીસી લીધી હતી, પોલીસી અંતર્ગત કવર થયેલ ગાયનું અવસાન થાય તો, પોલીસીના સમઈશ્યોર્ડ મુજબ રૂ.૫૦,૦૦૦/–ચુકવવાની જવાબદારી વીમા કંપનીએ સ્વીકારી હતી. દરમિયાન પોલિસી અમલમાં હતી ત્યારે તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ ગાય મૃત્યુ પામેલી, જેનો ક્લેઈમ કરતા વિમા કંપનીએ મૃત્યુ પામેલ ગાય અને પોલીસી લીધેલ ત્યારે જે ગાય હતી, તે અલગ છે, તેવુ કારણ આપીને ગાયનો ડેથ ક્લેઈમ વિમા કંપનીએ નામંજુર કર્યો હતો. ફરીયાદી રંજનબેને એડવોકેટ નરેશ એચ.નાવડીયા તથા જીગ્નેશ એ. હરીયાણી મારફતે સુરતના ગ્રાહક કમિશનમાં વીમા કંપની વિરુદ્ધ ફરીયાદ કરી હતી.

ફરિયાદ પક્ષની એવી દલીલો હતી કે, ગાયનું મૃત્યુ થાય તેવા સંજોગોમાં ગાયનો ડેથ ક્લેઈમ મળવા પાત્ર છે, તેમજ ગાયના મૃત્યુ પહેલાના અને પછીના ફોટોગ્રાફસ જોતા તે જ ગાયનું મૃત્યુ પામ્યું છે, અન્ય નથી, એક સામાન્ય ખેડુતને ત્રાસ આપવા વિમા કંપનીએ ક્લેઈમ રીજેક્ટ કર્યો છે. કોર્ટે બન્ને પક્ષની દલીલો ધ્યાને લઈ ફરિયાદીને ગાયના ડેથ ક્લેઈમ રકમ રૂ.૫૦,૦૦૦ ફરીયાદની તારીખથી ૯% વ્યાજ સહીત ચુકવવાનું વીમા કંપનીને આદેશ કર્યો હતો.

# ૪૬૫ ગ્રામ પંચાયતોમાં સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ

## સ્વચ્છતા અને જાગૃતિ અભિયાનમાં ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા

સુરત, તા.૬

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ નિમિત્તે જિલ્લામાં “Ending Plastic Pollution Globally” થીમ આધારે વિશાળ સ્તરે જાગૃતિ અને સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. સમગ્ર જિલ્લામાં ગ્રામ પંચાયતો, શૈક્ષણિક-સ્વયંસેવી સંસ્થાઓ તથા નાગરિકોની સહભાગિતાથી યોજાયેલા આ અભિયાનમાં પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો, સિંગલ યુઝ પ્લાસ્ટિક વિષે ગ્રામજનોને પ્રેરિત કરાયા હતા.

તા.૨૨ મે થી ૫ જૂન સુધી આયોજિત વિવિધ ઝુંબેશ અંતર્ગત ગ્રામ સભાઓમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો બહિષ્કાર કરવા ઠરાવ પાસ કરવામાં આવ્યો, જિલ્લા ખાતેની ૨૫૦ જેટલી પંચાયતોમાં પ્રવેશ દ્વારો પર લોકભાગીદારી થકી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ. જેમાં કુલ ૩૫૦૦ જેટલા લોકો સફાઈ અભિયાનમાં જોડાયા. ૧૩૧ ગ્રામ પંચાયતોમાં ડોર ટુ ડોર કચરો એકત્ર કરતાવાહનો મારફતે લોકોને જાગૃત કરાયા તેમજ ૩૦૫ ગ્રામ પંચાયતોમાં કાપડ/જૂટની થેલીનો વપરાશ કરવા જાગૃત કરવામાં આવ્યા હતા. ૪૬૫ ગ્રામ પંચાયતોએ ખાસ ગ્રામ સભામાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ કરવા ઠરાવ કરાયો, તેમજ પોતાની રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકનો વપરાશ ઓછો કરવા પ્રતિજ્ઞા લીધી. ૧૯૮ સ્થળો પર મહિલાઓને માસિકસ્ત્રાવ સ્વચ્છતા ગૌરવ, સમાનતા અને જાહેર આરોગ્ય સાથે જોડાયેલા મૂળભૂત અધિકાર તરીકે માન્યતા મળે, તેમજ સેનેટરી પેડના યોગ્ય નિકાલ બાબતે મહિલાઓને જાગૃત કરાઈ હતી.

# ટાટાની પ્રીમીયમ ન્યુ અલ્ટ્રોઝ કાર ૬.૮૯ લાખ રૂપિયાની પ્રારંભીક કિંમતે લોંચ






સુરત, તા.૫

સુરતના ડુમસ રોડ ખાતેની શ્રીજી ઓટોમાર્ટ ભારતની અગ્રણીય ઓટો મોબાઈલ ઉત્પાદક કંપની સાથે ટાટા મોટર્સે ૬.૮૯ લાખ રૂપીયાના શરૂઆતની કિંમતે અલ્ટ્રોઝ કારનું લોન્ચિંગ કર્યું છે. ઉલ્લેખનિય છે કે, કારની આકર્ષક ડીઝાઈન આંતરીક અને અધ્યતન સુવિધાઓ સાથે તેના પ્રીમીયમનેસ અલ્ટ્રોઝને મનમોહક બનાવવા માટે ડીઝાઈન કરવામાં આવી છે અને આ પ્રીમીયમ ડીઝાઈન અછોડ સલામતી અત્યાધુનીક ટેકનોલોજી અને રોમાંચક પ્રદર્શનના મુખ્ય સંતભો પર બનાવાઈ છે. સાથે કારમાં પ્રથમ વખત એ.એમ.ટી. વિકલ્પ સાથે અલ્ટ્રોઝને રોજીંદા ડ્રાઈવને અસાધારણ મુસાફરીમાં ફેરવવા માટે બનાવવામાં આવી છે. ૫૦૦ વધુ કસ્ટમરની હાજરીમાં નવી અલ્ટ્રોઝ કાર પ્રદર્શિત કરી જેમાં ૫૦થી વધુ લોકો આ કાર લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેમાં સ્પોર્ટ પર જ ચાર ગાડીનું બુકિંગ મળી ગયું હતું. એ જોતા આ ગાડી આવનારા સમયમાં જબ્બર પ્રતિસાદ મળશે એવી કંપનીને આશા બંધાઈ છે અને આ ન્યુ અલ્ટ્રોઝ કાર પ્રિમિયમ અને વધુ ફીચર્સના કારણે ચર્ચામાં છે. પ્રીમીયમ હેચબેક સેગમેન્ટમાં અલ્ટ્રોઝે પોતાને એક બેંચમાર્ક તરીકે મજબુતાઈ સ્થાપીત કરી છે. કાર ૫ સ્ટાર જીએનસીએપી રેટીંગ મેળવનાર તેની શ્રેણીમાં પ્રથમ અને એકમાત્ર હેવાથી તેણે શરૂઆતમાં જ સલામતીમાં નવા ધોરણો સ્થાપીત કર્યા છે. અલ્ટ્રોઝ વિવિધ ટ્રાન્સમીશન વિકલ્પોમાં પણ ઉપલબ્ધ રહેશે. જેમ કે, ૫ સ્પીડ મેન્યુઅલ, રીફાઈન્ડ ૬ સ્પીટ ડીસીએ અને નવી ૫ સ્પીડ એએમટી જે ગ્રાહકો સુધી પહોંચવામાં ઓટોમેટીક ટ્રાન્સમીશનની સુવિધા લાવશે. ઉલ્લેખનિય છે કે, નવી કારના લોન્ચિંગનો સમગ્ર કાર્યક્રમ શ્રીજી ઓટોમાર્ટ ખાતે યોજવામાં આવ્યો હતો.

# સુરત મહાનગર પાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ

## વૃક્ષારોપણ તથા ઠેર-ઠેર સફાઈ ઝુંબેશ યોજાઈ

સુરત, તા.૬

વૃક્ષારોપણનો કાર્યક્રમ તેમજ વિનામૂલ્યે રોપા વિતરણ સાથે સિગ્નેચર અભિયાન રાખવામાં આવેલ. વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે “Ending Plastic Pollution Globally” ના ઉદેશને સાકાર કરવા સિંગલયુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ ના કરી પ્લાસ્ટિક પ્રદુષણની જન-જાગૃતિ હેતુસર સુરત શહેરના અઠવા ઝોનના પ્લે ગ્રાઉન્ડ, આશીર્વાદ હોમ્સની બાજુમાં, અલથાણ ખાડી બ્રિજ પાસે, અલથાણ ખાતે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં હાજર સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી દક્ષેશ માવાણી, માન. ધારાસભ્યશ્રી સંદીપ દેસાઈ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. કમિશ્નર શ્રીમતી શાલીની અગ્રવાલ, માન. દંડક શ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા, માન. ગાર્ડન સમિતિ અધ્યક્ષશ્રી ગીતાબેન સોલંકી, માન. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષ શ્રી સોનલબેન દેસાઈ, માન. ડ્રેનેજ સમિતિ અધ્યક્ષ શ્રી કેયુરભાઈ ચપટવાલા, માન. નગરનિયોજન સમિતિ અધ્યક્ષશ્રી નાગરભાઈ પટેલ, માન. પાણી સમિતિ અધ્યક્ષ શ્રી હિમાંશુભાઈ રાઉલજી તથા કોરપોરેટશ્રીઓ, પ્રજાપિતા બ્રહ્મકુમારી સંસ્થા, શાંતિદેવી ચેરીટેબલ ટ્રસ્ટ, રેસીડેન્સીયલ સોસાયટીના પ્રમુખો તથા મોટી સખ્યામાં ઉપસ્થિત શહેરીજનોએ હસ્તાક્ષર કરી સુરત શહેર તથા દેશને પ્લાસ્ટિક પ્રદુષણથી મુક્ત કરવા યથાર્થ પ્રયત્નો માટે સંકલ્પ લીધેલ.

અઠવા ઝોન ઉપરાંત સુરત શહેરના સેન્ટ્રલ ઝોનના સૈયદપુરા ઘુંમટ વાળી મસ્જીદ ખાતે આવેલ ગાર્ડન, ઈસ્ટ-એ ઝોનના વીર ભગતસિંહ ગાર્ડન તથા યોગીચોક પુણા, ઈસ્ટ-બી ઝોનના યોગી ગાર્ડન સીમાડા તથા યમુના ચોક મોટા વરાછા , વેસ્ટ ઝોનના ટ્રમ્પ પ્લાઝાની સામે ગૌરવપથ, નોર્થ ઝોનના ડભોલી વણઝારા વાસ ઓવારો તથા ડભોલી લેક ગાર્ડન, સાઉથ-એ ઝોનના ઝાંસી કી રાની ગાર્ડન, સાઉથ-બી ઝોનના સંકલિત વોર્ડ ઓફિસ પારડી તળાવ પાસે સચિન અને સાઉથ ઈસ્ટ ઝોનના લેક ગાર્ડન ડીંડોલી ખાતે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, દ્વર્ઈ, શહેરીજનોએ સુરત શહેર તથા દેશને પ્લાસ્ટિક પ્રદુષણથી મુક્ત કરવા યથાર્થ પ્રયત્નો માટે સંકલ્પ લઈ સિગ્નેચર અભિયાન ભાગ લીધેલ.

# સુરતમાં દિવ્યાંગો માટે વક્તૃત્વ સ્પર્ધા ૨૦૨૫નું આયોજન

## સરદાર પટેલની જન્મ જયંતિએ સ્પર્ધા યોજાશે

સુરત, તા.૬

ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ-સુરત પેરા સ્પોર્ટ્સ એસોસીએશન-સુરત દ્વારા સંચાલિતપ્રથમ સુરત નગર દિવ્યાંગ વકતૃત્વ સ્પર્ધા ૨૦૨૫, ૧૫૦મી સરદાર પટેલ જન્મજયંતિ નિમિતે વકતૃત્વ સ્પર્ધા નું આયોજન ખાસ તમામ ૨૧ પ્રકારના દિવ્યાંગ ભાઈ બહેનો માટે કરવામાં આવ્યું છે વિષયઃ સરદાર વલ્લભભાઈ પટેલ (૧) વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા માટે જરૂરી ફોર્મ ભરવાનું રહેશે. (૨) દિવ્યાંગતા માટે સિવિલ સર્જન સેર્ટિફિકેટ હોવું જરૂરી છે અને તેજ દિવ્યાંગ ભાઈ બહેન ભાગ લઈ શકશે. વધુ માહિતી માટે (૧) શ્રી અંકિતભાઈ મોદી મો. ૯૩૭૪૫૪૬૯૬૧, (૨) શ્રી જુગનુભાઈ પરીખ મો. ૯૩૨૭૩૮૪૭૦૯, (૩) શ્રી અજયભાઈ શાહ મો. ૯૯૨૫૬૦૬૯૭૫, (૪) શ્રી વિરેન્દ્રભાઈ શાહ મો. ૯૮૨૪૪૦૦૬૨૧, (૫) શ્રી અમિતભાઈ શાહ મો. ૯૮૯૮૦૦૩૪૯૦ ફોર્મ જમા કરવાનું સ્થળ દુકાન નં ૬, ગાર્ડન હાઈટ, સહજ આઈકોન પાસે,સી. એન. જી. પમ્પની બાજુમાં, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરતસમય સવારે ૧૦ થી સાંજે ૬ દરમ્યાન જમા કરવાના રહેશે.

# રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સુરતમાં બાળ સંરક્ષણગૃહોની મુલાકાતે

## મહિલા કેદીઓ અને બાળકો સાથે સંવેદનપૂર્ણ સંવાદ કરી જેલની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું

સુરત, તા.૬

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજજર અને આયોગના સચિવ ડી.ડી.કાપડીયાએ સુરતની લાજપોર મધ્યસ્થ જેલ તેમજ રાંદેરના રામનગર સ્થિત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સ્વાયત્ત સંસ્થા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ તેમજ કતારગામના બાળાશ્રમ સ્થિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝની મુલાકાત લીધી હતી. જેલમાં તેમણે મહિલા કેદીઓ તેમજ તેમની સાથે રહેતા નાનાં બાળકો સાથે મુલાકાત કરી તેમની સાથે આત્મીય સંવાદ કર્યો હતો. બાળ સંભાળ ગૃહોના તમામ બાળકો સાથે રૂબરૂ ચર્ચા કરી બાળકોના ભોજન, રહેઠાણ, સ્વાસ્થ્ય, શિક્ષણ અને સારસંભાળ બાબતોની સુવિધાઓનું નિરીક્ષણ તેમજ બાળકોની દૈનિક પ્રવૃતિઓથી વાકેફ થયા હતા.

આયોગના પ્રતિનિધિઓએ જેલમાં બાળકોને ચોકલેટ વહેંચી પ્રોત્સાહિત કર્યા હતા તેમજ જેલતંત્ર દ્વારા બાળકો, મહિલા કેદીઓ માટે ઉપલબ્ધ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. ઉપરાંત, મહિલા કેદીઓને મેડિટેશન અને આત્મમંથન દ્વારા સકારાત્મક જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવી હતી. જેલ તંત્ર દ્વારા કેદીઓના મનોબળ વધારવા અને પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કરાયો હતો.

# ભારતીય જૈન સંઘટન દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી

અંકલેશ્વર, તા.૬



અમૃત ભારત આયોજન હેઠળ અંકલેશ્વર સ્ટેશનનું નવીનીકરણ થઈ રહ્યું છે ત્યારે ભારતીય જૈન સંઘટના તથા રેલવે તંત્ર દ્વારા વૃક્ષારોપણનું વિશ્વ પર્યાવરણ દીને આજરોજ એક પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય હેતુ એ હતો કે રેલવે સ્ટેશનને હજુ વધુ સુઘડ, સ્વચ્છ અને હરિયાળું બનાવવું. એક નમ્ર પ્રયાસ અમારા દ્વારા આજરોજ કરવામાં આવ્યો હતો. રેલવે સ્ટેશનની આસપાસના વિસ્તારમાં ૧૦૦ થી વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં BJSના પ્રેસિડેન્ટ શ્રીમહાવીર જૈન, અન્ય કમિટી મેમ્બર્સ તથા રેલ્વે સુપ્રિટેન્ડન્ટ સાથે રેલવે સ્ટાફના સભ્યો હાજર રહ્યા હતાં.ખાસ કરીને લોકોમાં જાગૃતિ લાવવા માટે તથા લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને એ અમારો મુખ્ય હેતુ રહ્યો હતો. આસપાસના ઘણા લોકો આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા અને આ કાર્યક્રમને ઉત્સાહથી વધાવી લીધો હતો. ઉપસ્થિત સમાજના અગ્રણીઓ અને અન્ય લોકોએ આ કાર્યક્રમને ઉત્સાહથી આદરપૂર્વક આવકાર્યો હતો.

### મહારાષ્ટ્રમાં ઠાકરે
પહેલા પાનાનું ચાલુ

નેતા આદિત્ય ઠાકરેએ પણ બન્ને ભાઈઓમાં યુતિ થવાની સંભાવના હોય એવું નિવેદન આપતાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના હિતમાં અમે કોઈની પણ સાથે સંધિ કરવા તૈયાર છીએ.

ઉધ્ધવ અને રાજ ઠાકરે વચ્ચે સમજૂતી માટે બન્ને પક્ષના કાર્યકરોને આશા છે કે ટૂંક સમયમાં આવતા મહત્ત્વના દિવસોમાંથી એક દિવસે MNS અને શિવસેના (UBT) એક થઈ શકે છે. ૧૪ જૂને રાજ ઠાકરેનો જન્મ દિવસ છે.

૧૯ જૂને શિવસેનાનો સ્થાપના દિવસ છે તેમ જ ૨૬ જુલાઈએ ઉધ્ધવ ઠાકરેનો જન્મદિવસ છે. (આ દિવસોમાં બન્ને પક્ષ તરફથી મહત્ત્વની જાહેરાત થાય એની રાહ જોવાઈ રહી છે.

### ટ્રમ્પને
પહેલા પાનાનું ચાલુ

સૌથી તીખી ટિપ્પણી માનવામાં આવે છે.મસ્કે ટ્રમ્પની જૂની પોસ્ટને લઈને પણ કટાક્ષ કર્યો. તેમણે ૨૦૧૩માં ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલી એક પોસ્ટને રિપોસ્ટ કરતા લખ્યું, ‘એકદમ બરાબર કહ્યું.’ આ પોસ્ટમાં ટ્રમ્પે લખ્યું હતું કે, ’મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે, રિપબ્લિકન દેવાની મર્યાદા વધારી રહ્યા છે, હું ખુદ રિપબ્લિકન છું અને મને શરમ આવી રહી છે.’આ સિવાય તેમણે લોકોને પૂછ્યું કે, શું હવે અમેરિકામાં નવી કોઈ રાજકીય પાર્ટી બનાવવાનો સમય આવી ગયો છે? જે હકીકતમાં મધ્યમ વર્ગના ૮૦% લોકોનું પ્રતિનિધિત્વ કરે?

### ધીમે ધીમે
પહેલા પાનાનું ચાલુ

પ્રણાલી છે, જે લાલ સમુદ્રથી મોઝામ્બિક સુધી ૩,૫૦૦ કિલોમીટરના વિશાળ વિસ્તારને આવરી લે છે. આ પ્રણાલીએ ઊંડી ખીણો, વિશાળ તિરાડો અને સક્રિય જ્વાળામુખીનું સર્જન કર્યું છે, જે આફ્રિકાની જમીનમાંથી પસાર થાય છે.

ઈથિયોપિયામાં આવેલું ઈટી એલ જ્વાળામુખી આનું જીવંત ઉદાહરણ છે, જ્યાં લાવા આજે પણ નીકળી રહ્યો છે. આ તિરાડ પ્રણાલી માત્ર ભૌગોલિક દૃષ્ટિકોણથી જ મહત્વપૂર્ણ નથી, પરંતુ તે આપણને પૃથ્વીની ગતિશીલતા અને તેનાં ભવિષ્ય વિશે પણ જણાવે છે.

આ સમગ્ર પ્રક્રિયાનો હીરો ’સુપરપ્લમ’ છે, જે પૃથ્વીનાં ઊંડાણમાં ગરમ ખડકોનો વિશાળ અને શક્તિશાળી બલ્જ છે, આ સુપરપ્લમ પૃથ્વીની મુખ્ય આવરણ સીમાથી શરૂ થાય છે, એટલે કે લગભગ ૨,૯૦૦ કિલોમીટરની ઊંડાઈએથી શરૂ થાય છે અને તે ઉપર તરફ આગળ વધી રહ્યો છે. તેની તીવ્ર ગરમી અને દબાણને કારણે આફ્રિકાની નક્કર સપાટીને તોડવાનું શરૂ થઈ ગયું છે. ૫

રિણામ વિશાળ તિરાડો, વારંવાર આવતાં ધરતીકંપો અને જ્વાળામુખી ફાટવું છે. આ સુપરપ્લમ પૂર્વ આફ્રિકન રિફ્ટ સિસ્ટમને શક્તિ આપે છે અને આફ્રિકાની જમીનને બે ટેક્ટોનિક પ્લેટોમાં વિભાજિત કરે છે. કુદરતનો આ એવો ચમત્કાર છે, જે આપણને વિચારવાની પણ ફરજ પાડે છે.

વૈજ્ઞાનિકોએ આ રહસ્યને ઉકેલવા માટે ઘણી મહેનત કરી છે. તેઓએ કેન્યા, મલાવી અને લાલ સમુદ્રના વિસ્તારોમાં વાયુઓનો અભ્યાસ કરીને આ સુપરપ્લમના અસ્તિત્વની પુષ્ટિ કરી હતી. સંશોધનકારોને નિયોન અને હિલિયમ જેવા વાયુઓમાં પૃથ્વીનાં ઊંડા આવરણના રાસાયણિક ચિહ્નો મળ્યાં છે.

આ સંકેતો સમગ્ર ઈયર્સ વિસ્તારમાં એકસરખા હતાં, જે સાબિત કરે છે કે સમાન સુપરપ્લમ આ વિશાળ તિરાડ પ્રણાલીને અસર કરી રહ્યું છે. યુનિવર્સિટી ઓફ એડિનબર્ગની ટીમે આ રોમાંચક શોધને ૧૨ મે ૨૦૨૫ ના રોજ જર્નલ ’જિયોફિઝિકલ રિસર્ચ લેટર્સ’ માં પ્રકાશિત કરી હતી. આ શોધ ભૂસ્તરશાસ્ત્રની દુનિયામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થઈ છે.

### રીઝર્વ
પહેલા પાનાનું ચાલુ

આરબીઆઈ માટે ફુગાવાનો ચાર ટકાનો દર અર્થતંત્ર માટે સારો ગણાય છે. પરંતુ આરબીઆઈના જણાવ્યા મુજબ ભવિષ્યની પોલીસી નકકી કરવા માટે તે હજુ અનેક આંતરરાષ્ટ્રીય ફેકટરોની રાહ જોશે રીઝર્વ બેંકે બીજી તરફ વિકાસ દર ૬.૫ ટકા રહેશે તેવો અંદાજ મુકયો છે.

રીઝર્વ બેંકે આ રીતે વ્યાજદરમાં ઘટાડો કરતા આગામી દિવસોમાં થાપણોનો દર ઘટશે. જોકે આરબીઆઈના જણાવ્યા મુજબ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પર તેની સતત નજર છે અને હવે ઓગષ્ટ માસમાં આરબીઆઈ વ્યાજદર ઘટાડે તેવી શકયતા નહીવત છે. વ્યાજદર ઘટાડાને શેરબજારનો ઠંડો આવકાર સેન્સેકસ ૩૫૦ પોઈન્ટ અને નિફ્ટી ૧૧૫ પોઈન્ટ વધ્યા મુંબઈ, તા. ૬ : આજે એકીસાથે ૫૦ બેઝીક પોઈન્ટ ઘટાડતા જ ભારતીય શેરબજારમાં મોટો ઉછાળો નોંધાશે તેવી શકયતા વચ્ચે મુંબઈ શેરબજારનો સેન્સેકસ પ્રારંભમાં વધુ કોઈ જાહેરાતની રાહ જોતો હોય તેમ ૫૦ પોઈન્ટનો જ ઉછાળો દર્શાવતો હતો.

પરંતુ બાદમાં માર્કેટમાં ૩૪૭ પોઈન્ટના સેન્સેકસના વધારા સાથે ૮૧૭૮૯ નોંધાયો છે. જયારે નિફ્ટીમાં ૧૧૫ પોઈન્ટનો વધારો છે. રીઝર્વ બેંકે સતત ત્રીજી વખત વ્યાજદર ઘટાડયા છે. પરંતુ માનવામાં આવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતાની શેરબજારને ચિંતા હોય તેવા સંકેત છે.

### યુક્રેનના
પહેલા પાનાનું ચાલુ

સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં પહેલેથી જ ચેતવણી આપી હતી કે આ ૧ કલાકનો ફોન કોલ રશિયા અને યુક્રેન વચ્ચે "તાત્કાલિક શાંતિ" લાવશે નહીં. યુક્રેન સામે રશિયાની બદલાની કાર્યવાહીએ આ યુદ્ધમાં શાંતિની બધી શક્યતા પર પાણી ફેરવી દીધું છે. ટ્રમ્પના શબ્દો સાચા સાબિત થયા અને ૨૪ કલાકની અંદર પુતિને યુક્રેન પર હુમલો કર્યો.

કિવમાં ઘણી ઈમારતોમાં આગ લાગી યુક્રેનની વાયુસેનાએ શુક્રવારે ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે રશિયન બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોન યુક્રેન તરફ અનેક દિશાઓથી છોડવામાં આવ્યા છે. કિવ શહેર લશ્કરી વહીવટના વડા ટાકાચેન્કોએ જણાવ્યું હતું કે ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવતી વખતે કિવમાં ઘણી ઈમારતોમાં આગ લાગી હતી. એને બુઝાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. CNN અનુસાર, કિવમાં બે મોટા વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. કિવ, ટેર્નોપિલ, ખ્મેલનીત્સ્કી ઓબ્લાસ્ટ, લ્વિવ અને લુત્સ્કમાં વિસ્ફોટ થયાના અહેવાલ છે.

હુમલા યથાવત્, લોકોને સલામત સ્થળે જવા આદેશ યુક્રેનની વાયુસેનાએ ચેતવણી આપી હતી કે યુક્રેનની વેબસાઈટ કિવઈન્ડિપેન્ડન્ટ અનુસાર, ઘણા રશિયન Tu-95MS વ્યૂહાત્મક બોમ્બર્સે ઉડાન ભરી હતી અને સંભવતઃ ક્રૂઝ મિસાઈલો ચલાવી હતી. ટાકાચેન્કોએ રશિયા પર ડ્રોન હુમલાઓ દ્વારા રહેણાક વિસ્તારોને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે કિવના સોલોમિયાંસ્કી જિલ્લામાં એક બહુમાળી ઈમારતને નુકસાન થયું છે. કિવના મેયર વિટાલી ક્લિટ્શ્કોએ યુક્રેનિયન રાજધાનીના ઘણા વિસ્તારોમાં આગ લાગવાની જાણ કરી. મેયરે કિવવાસીઓને સલામત આશ્રયસ્થાનોમાં રહેવા કહ્યું અને કહ્યું કે હુમલો હજુ પણ ચાલુ છે.

હુમલામાં કેટલાક લોકોનાં મોત, સંપત્તિને નુકસાન યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ ગુરુવારે જણાવ્યું હતું કે રશિયાએ રાતોરાત ૧૦૩ ડ્રોન અને એક બેલિસ્ટિક મિસાઈલ છોડ્યાં, જેમાં ડોનેત્સ્ક, ખાર્કિવ, ઓડેસા, સુમી, ચેર્નિહિવ, ડિનિપ્રો અને ખેરસન સહિતના ઘણા પ્રદેશો પર હુમલો કર્યો. આ હુમલામાં કેટલાક લોકોના મોત થયા અને સંપત્તિને નુકસાન થયું.

### ૪૦ ટકા
પહેલા પાનાનું ચાલુ

રિપોર્ટમાં દેશના ૪૦% અમીરો દેવામાં ડુબ્યા હોવાનું બહાર આવ્યુ છે તો હાઈ નેટવર્થ વ્યક્તિગત ધનવાનોમાં ૪૩% એવા છે જે તેની આવકના ૨૦% પણ બચાવી શકતા નથી. દેશમાં અર્થતંત્રના વધતા જતા વ્યાપ સાથે અમીરો તેમના નાણાકીય લક્ષ્યો સાધવામાં તેટલા સક્ષમ બન્યા નથી. આ પ્રકારના લાભાર્થી તેમના સંતાનોના શિક્ષણથી તેમની નિવૃતિ બાદની બચત વિ.નો સમાવેશ થાય છે.

એ વાસ્તવિકતા બની છે કે, કમાણીમાં વૃદ્ધિ થઈ હોવા છતાં આ કેટેગરીમાં આવતા લોકો પાસે પુરતી બચત નથી અને ૪૦% તો દેવામાં ડુબેલા છે. ૪૩% એવા ધનવાનો છે જે તેનો ટેકસ ચુકવ્યા બાદ તેની આવકના ૨૦% પણ બચાવી શકતા નથી. ખાસ કરીને ૩૦-૪૫ વર્ષના વયના જે નવા ધનવાનો છે તેઓમાં ૫૦% દેવામાં ડુબેલા છે.

તેઓને પોતાના રીટાયરમેન્ટ પ્લાનમાં મોટી મુશ્કેલી પડી રહ છે. આ સર્વે દેશના ગ્રેડ-૧ થી ગ્રેડ-૩ શહેરોમાં કરવામાં આવ્યો હતો અને જેઓની વાર્ષિક આવક વર્ષ રૂા.૨૦ લાખ કે તેથી વધુ છે. તેઓનો સમાવેશ કરાયો હતો.આ રિપોર્ટ મુજબ આ ધનવાનોની મહત્વાકાંક્ષા ખૂબજ મોટી છે. સ્ટાર્ટઅપથી નવા ફેમીલી બીઝનેસ સિવાયના યુવાઓને પ્રારંભથીજ ટોચના સ્થાને પહોંચવુ છે.તેઓ હાઈ સોસાયટીમાં રહેલા મોંઘા આવાસ તથા તેવા વૈભવી ખર્ચ માટે મોટાપાયે ધિરાણ મેળવે છે. જો કે જેઓ પોતાની કમાણી રીયલ એસ્ટેટમાં રોકાણકાર તરીકે રોકે છે. તેઓ દેવા છતા અંતે ફાયદામાં રહે છે.

### ગ્લોબલ વોર્મિગથી
પહેલા પાનાનું ચાલુ

પ્રયાસોને રેખાંકિત કરવામાં આવી.વિશેષજ્ઞોનું માનવુ છે કે ટેકનિકનાં માધ્યમથી જે જલવાયું સંકટથી ખેડૂતોને બચાવી શકાય છે. અક્ષય ઉર્જા, સુક્ષ્મ સિંચાઈ તેમજ જૈવિક ખેતી માટે સબસીડીની જોગવાઈ હોવી જોઈએ જેથી નાના સીમાંત ખેડૂતો પણ સક્ષમ બને. ફેકાના મહાસચીવ મુરલીબાબુનું માનવુ છે કે ખેતી પર જલવાયું પરિવર્તનની અસર દેખાવા પણ લાગી છે.

માટીની ગુણવતા ઓછી દેખાવા લાગી છે. ભુજલ સ્તર ઘટી રહ્યું છે. નાના ખેડુતોની સ્થિતિ ચિંતાજનક થઈ રહી છે. આ પ્રયાસમાં આઈસીએઆરે દેશભરનાં ૬.૯૩ લાખ ખેડૂતોને હવામાન અને માટીને અનુકુળ ખેતીની ટેકનિક પહોંચાડીને ખેડૂતોને શિક્ષિત કર્યા છે.

જલવાયું અનુકુળ ગામોનો વિકાસ કરવામાં આવ્યો ભવિષ્યનાં ખતરાનો સામનો કરવા માટે સરકારને જલવાયું અનુકૂળ બીજો માટે સંશોધનમાં રોકાણ વધારવા પરંપરાગત ખેતી અને પ્રશિક્ષણ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા પર મજબુત કૃષિ, સાધનોની ઉપલબ્ધતા વગેરે પર ફોકસ-વધારવાનો આગ્રહ કર્યો છે. ખેતીની ટકાઉ લાભદાયક અને પર્યાવરણ અનુરૂપ બનાવીને દેશનાં કરોડોની સંખ્યામાં ખેડુતોની આજીવિકા સુરક્ષીત કરી શકાય છે.

### આસામમાં
પહેલા પાનાનું ચાલુ

ગુરુવારે જયપુર-અલવર સહિત ૧૨ જિલ્લામાં વરસાદ પડ્યો હતો. આજે પણ ૮ જિલ્લામાં વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ પછી, ૭ જૂનથી રાજ્યમાં હીટવેવનો સમયગાળો શરૂ થશે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં હવામાન ખુશનુમા રહ્યું. જયપુર, સીકર, ઝુનઝુનુ સહિત ઘણા જિલ્લાઓમાં ગુરુવારે સવારથી બપોર સુધી વરસાદ પડ્યો.

### ખેરગામ નદીના
પેજ-૨ પાનાનું ચાલુ

ખુબ સારા વાતાવરણમાં આવવાનું ઊભું કરવામાં આવ્યું છે અનેક વૃક્ષોનું વાવેતર પણ કરવામા આવ્યું છે.આ પવિત્ર સ્થાન ઉપર ચોકસાઈ રહે તે માટે પૂરતું ધ્યાન આપવા જણાવ્યું હતું.

આશરે ૨૫ લાખના ખર્ચે બનેલા આ નમો વડ વનનો વધુમાં વધુ લોકો લાભ લેશે સાથે તેમણે જણાવ્યું હતું.કે વિશ્વ પર્યાવરણ દિવસે આપણે સંકલ્પ લઈએ કે આપણે સ્વચ્છતા રાખીએ પ્લાસ્ટિક મુક્ત કરીએ બજારમાં શાકભાજી કે અન્ય કોઈપણ વસ્તુ લેવા ઘરે થી થેલી લઈને જવા ઉપસ્થિત લોકોને અપીલ પણ કરી હતી. તેમજ નમો વડ વનમાં ધારાસભ્ય નરેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત અગ્રણીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નાધાઈ ગામની પ્રાથમિક શાળાના શિક્ષક જયંતભાઈ પટેલે કર્યુ હતું.

### સંત નિરંકારી
પેજ-૨ પાનાનું ચાલુ

અને સંતુલિત પર્યાવરણ તરફ એક મજબૂત પગલું તો છે જ સાથે સાથે આજની યુવા પેઢીને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનાવવા અને સંરક્ષણની ભાવનાને વ્યવહારમાં મૂકવા માટે એક પ્રેરણાદાયક પગલું છે જે અભિયાન સેવા-સદભાવ અને સજાગતાને જનચેતના સાથે જોડે છે.

સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન,સચિવશ્રી જોગીન્દ્રર સુખીજાએ જાણકારી આપતાં કહ્યું હતું કે સંત નિરંકારી મિશન ૨૦૧૪થી સંયુક્ત રાષ્ટ સંઘના “યુનાઈટેડ નેશન એનવાઈરમેન્ટ પ્રોગ્રામ” અંતર્ગત પર્યાવરણ કાર્યક્રમની થીમ “વિશ્વ પર્યાવરણ દિવસ” નું આયોજન કરી રહ્યું છે. આ એક દિવસીય કાર્યક્રમ નથી પરંતુ એક સતત જનજાગૃતિ અભિયાન છે જે પ્રકૃતિ અને માનવતા વચ્ચેના સુમેળભર્યા સંબંધને ફરીથી સશક્ત બનાવે છે. આ મેગા ઝુંબેશ હેઠળ દેશના વિવિધ કુદરતી સૌંદર્યથી ભરેલા અઢાર મુખ્ય પર્વતીય અને પર્યટન સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યા છે, જેમાં ઉત્તરાખંડના મસૂરી, ઋષિકેશ, લેન્સડાઉન, નૈનિતાલ, ચક્રાતા અને ભાવલી, હિમાચલ પ્રદેશના શિમલા-મનાલી અને ધર્મશાળા, ગુજરાતના સાપુતારા, મહારાષ્ટ્રના મહાબળેશ્વર, પંચગણી, ખંડાલા, લોનાવાલા, પન્હાલા અને સોમેશ્વર, સિક્કિમના ગેઈસિંગ અને કર્ણાટકના મનોહર નદી ટેકરીઓ ખાસ કરીને નોંધપાત્ર છે. આ સ્થળો માત્ર પ્રકૃતિના ખોળામાં સ્થિત નથી પરંતુ પર્યાવરણીય જાગૃતિ માટે સમર્પિત એવા કેન્દ્રબિંદુ પણ બની રહ્યા છે જ્યાં નિઃસ્વાર્થ સેવા અને ભાગીદારી એકસાથે સાકાર થઈ રહી છે.

આ અવસર પર મિશનના સ્વયંસેવકો, સેવાદળના સભ્યો, શ્રધ્ધાળુજન અને સ્થાનિક નાગરિકોએ એક થઈને પ્રાર્થના સાથે કાર્યક્રમનું આયોજન કર્યું. ત્યારબાદ યુવા સ્વયંસેવકોએ શેરી નાટકો, સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને રચનાત્મક સંદેશાઓ દ્વારા પ્લાસ્ટિક પ્રદૂષણની ખરાબ અસરો અને તેના ઉકેલો અંગે જનજાગૃતિ ફેલાવી. પર્યાવરણ સંરક્ષણ સંબંધિત પ્લેકાર્ડ અને બેનરો સાથે માનવ સાંકળ બનાવીને સમાજને પ્રેરણા મળી.આ વિશ્વ પર્યાવરણ દિવસે સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનનો આ સમર્પિત પ્રયાસ એક અર્થપૂર્ણ સંદેશ આપે છે કે ચાલો આપણે સાથે મળીને પર્યાવરણનું રક્ષણ કરીએ અને ભાવિ પેઢીઓ માટે સ્વચ્છ-સુંદર અને સંતુલિત પૃથ્વીનું નિર્માણ કરીએ.

### બારડોલીના
પેજ-૨ પાનાનું ચાલુ

રહેલું ૫ડ એટલે કે ઘટકો આમ ઋતુચક્ર નો આધાર પર્યાવરણ છે તેનું જતન કરવું માનવનું કર્તવ્ય છે જેથી જમીન અને કુદરતી સંસાધનોનો બેફામ ઉપયોગ તથા તેને પ્રદૂષિત કરવાથી ગ્લોબલ વૉર્મિંગ ની સમસ્યાઓ ઊભી થઈ છે સાથે સાથે પરિવર્તનના કારણે જીવસૃષ્ટિ સામે અનેક સંકટો ઊભા થયા છે જેથી આજના પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષ રોપણ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે અને શ્રી ભુલાભાઈ રામભાઈ સ્મારક સાર્વજનિક હોસ્પિટલ બામણી ખાતેના કમ્પાઉન્ડમાં આગામી ટૂંક સમયમાં ૫,૦૦૦ વૃક્ષો નું રોપાણ કરીને તેનું જતન કરવામાં આવશે નો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય આગેવાનોએ પણ ટૂંકમાં ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે સહકારી આગેવાન બાલુભાઈ પ્રજાપતિ. મઢીના પંકજભાઈ પટેલ. અકોટીના સામાજિક કાર્યકર્તા પ્રભુભાઈ આહીર. મઢી ના અને પ્રદેશ આદિવાસી મોરચાના પ્રમુખ અર્જુનભાઈ ચૌધરી. તથા સામાજિક વર્ગીકરણ રેન્જ બારડોલી ના આરએફઓ સુધાબેન વી. ચૌધરી તથાવન વિભાગ ના કર્મચારી ગણ અને સંસ્થાના ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ તેમજ મંત્રી જીતેન્દ્રસિંહ વાંસીયા, પ્રદીપ અગ્રવાલ તથા ટ્રસ્ટીઓ સહિત વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રીઓ ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી .

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ : દર્શન જીજ્ઞેશકુમાર મોડી (MODY) હતું. જે બદલીને નવું નામ : દર્શન જીજ્ઞેશકુમાર મોદી (MODI) રાખેલ છે. આ બંને નામ એક જ વ્યક્તિના છે. જેની સર્વેએ નોંધ લેવી.

સહી/- દર્શન જીજ્ઞેશકુમાર મોદી

સરનામું : ૧, મારૂતિ રોહાઉસ, હની પાર્ક રોડ, સુરત-૩૯૫૦૦૯.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૬ જુન ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫







જૈન સંતોની અકસ્માતના ઓઠા હેઠળ થઈ રહેલી શંકાસ્પદ અને નિર્મમ હત્યાઓના વિરોધમાં આજે સુરત શહેરમાં સેંકડોની સંખ્યામાં શ્વેત વસ્ત્રોમાં સજ્જ જૈન શ્રાવક-શ્રાવિકાઓએ અત્યંત વેદના, પીડા, દુઃખ, દર્દ, વ્યથા અને આક્રોશ સાથે એકત્રિત થઈ એક વિશાળ 'સંત સુરક્ષા રેલી'નું આયોજન કર્યું હતું. પૂજ્ય આચાર્ય ભગવંતો અને સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં, ગંભીર અને શાંતિપૂર્ણ માહોલમાં આ રેલી અડાજણના ઋષભ સર્કલથી શરૂ થઈ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી. અહીં, આયોજકોએ ભારતના આદરણીય પ્રધાનમંત્રીશ્રીને સંબોધીને એક વિસ્તૃત આવેદનપત્ર સુપરત કર્યું હતું. (તસવીર : હનીફ મલેક)

# અકસ્માત નહીં ટાર્ગેટેડ કિલિંગ : જૈન સમાજનો ઉગ્ર આક્રોશ

## જૈન સંતોની અકસ્માતના ઓથા હેઠળ થઈ રહેલી હત્યાના વિરોધમાં સુરતમાં સંત સુરક્ષા રેલી, સીટ તપાસ અને ફાસ્ટ ટ્રેક ટ્રાયલની માગ

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૦૬**

વિહાર કરતા સાધુ ભગવંતો અને સાધ્વીજીઓને અકસ્માત નડવાની તાજેતરમાં બનેલી ઘટનાઓ તેમજ ભુતકાળમાં બનેલી ઘટનાઓ સામે વિરોધ વ્યક્ત કરી આજે ૧૦૦થી વધુ જૈન સાધુ ભગવંતો તેમજ મોટી સંખ્યામાં શ્રાવકોઅ રેલી કાઢી કલેક્ટરને આવેદન પત્ર પાઠવી અકસ્માતની ઘટનાઓ અટકાવવા યોગ્ય પગલા ભરવા રજુઆત કરી હતી. બેફામ રીતે ટ્રક, ટ્રેલર સહિતના વાહનો બેફીકરાઈથી હંકારીને હાઈવે ઉપર પગપાળા જતા સાધુ ભગવંતોને છાશવારે અડફેટે લઈ ગંભીર અકસ્માતો ડ્રાઈવરો કરતા હોય છે. તાજેતરમાં ભરૂચ નજીક એક સાધ્વીજીને ભારે વાહન ચાલકે ટક્કર મારતા તેમને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સુરતની મહાવીર હોસ્પિટલમાં સારવાર માટે રખાયા છે.

વડાપ્રધાનને સંબોધીને કલેક્ટરને પાઠવેલા આવેદન પત્રમાં જૈન સાધુ ભગવંતોએ જણાવ્યું હતું કે, જન સંતો અને સાધ્વીજીઓ પર છેલ્લા કેટલાક વર્ષોથી થઈ રહેલા પ્રાણઘાતક હુમલાઓ તરફ તમારૂ ધ્યાન આકર્ષિત કરવા માંગીએ છીએ. સાત દિવસ પહેલા રાજસ્થાનમાં જૈનાચાર્ય શ્રી પુંડરીકરત્નસુરિજી મહારાજ સાથે અકસ્માતની ઘટના બની હતી. આ એક ચિંતા જનક બાબત છે કે, છેલ્લા ઘણા સમયથી અકસ્માતોમાં જૈન સાધુ સંતોના રહસ્યમ રીતે મોત થયા છે. આ કોઈ એક આકસ્મિક ઘટનાને બદલે રીઢા ગુનેગારો અથવા તો કોઈ સંગઠીત કટ્ટરપંથી ટોળકી દ્વારા જૈન સાધુઓને નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાની શંકા પણ વ્યક્ત કરી છે. આવા અકસ્માતોની સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમનું ગઠન કરી તલ સ્પર્શી તપાસ કરાવવાની પણ માંગ કરવામાં આવી છે.

### પદયાત્રી સંતોની સુરક્ષા માટે પગદંડી બનાવવાની માંગ

કલેક્ટરને પાઠવેલા આવેદન પત્રમાં જૈન સાધુ , ભગવંતોએ માંગણી કરી છે કે, વિહાર કરતા સાધુ સાધ્વીજીઓને હાઈવે ઉપર પગદંડી બનાવી આપવામાં આવે તો આવી ઘટનાઓ બનતી અટકશે. મૌન રાષ્ટ્રસેવકની સુરક્ષાએ રાષ્ટ્રની પ્રાથમિક્તા હોવી જોઈએ. મોટા ભાગે સાધુ ભગવંતો એક શહેરથી બીજા શહેર વિહાર કરતા હોય છે. ત્યારે હાઈવે ઉપરથી તેમણે પસાર થવું પડે છે. હજારો કિલોમીટરો સુધી દિવસે તેમજ રાત્રીના સમયે પગપાળા જતા સાધુઓ અને સાધ્વીજીઓ હાઈવેની એક બાજુએ ચાલતા હોય છે. ભારે વાહનચાલકોની બેફીકરાઈના કારણે મોટાભાગના કિસ્સાઓમાં સાધુ ભગવંતોને અકસ્માતનો ભોગ બનવું પડે છે.

# પલસાણામાં બાઈક પરથી પટકાતા મહિલાનું મોત

### ચાલુ બાઈકે મહિલાને ચક્કર આવ્યા હતા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૬**

પલસાણા હલધરૂ પાટીયા પાસે બાઈક ઉપરથી પડી જતા મુઢ ઈજાને પગલે ૫૦ વર્ષિય મહિલાનું મોત નિપજ્યું હતું.

મુળ મહારાષ્ટ્રના ધુલીયા જિલ્લાના સીંદખેડા તાલુકાના મેથી ગામના વતની અને હાલ લિંબાયત ભુત સોસાયટીમાં રહેતા રૂબાબ કમલ ખટીક ઉ.વ.૫૮ વાયરમેનનું કામ કરે છે. ગઈ તા.૩ જુનના રોજ બપોરના સમયે રુબાબ ખટીક તેની પત્ની શહિદા ઉ.વ.૫૦ સાથે બાઈક ઉપર બારડોલીથી કડોદરા તરફ આવતા હતા. દરમિયાન બગુમરા હલધરૂ પાટીયા પાસે ચાલુ બાઈકે શહિદા ખટીકને ચક્કર આવતા તે બાઈક ઉપરથી પટકાયા હતા. માથાના ભાગે મુઢ ઈજા થતા તેમને નાકમાંથી લોહી નિકળવા લાગ્યું હતું. તાત્કાલિક સારવાર માટે તેમને પરવત પાટીયાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાતા તેમનું સારવાર હેઠળ મોત નિપજ્યું હતું.

### સુરતમાં ગુનેગારોને પોલીસનો ખોફ રહ્યો નથી

# પુણા ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીમાં કારખાનામાં ઘુસી બેથી ત્રણ રાઉન્ડ ગોળીબાર કરાયો

### કારીગરોની બબાલમાં પૂર્વ બે કારીગરનું કારસ્તાન, મોબાઈલ ફોન લૂંટી ગયા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૬**

પુણા રઘુવીર ટેક્ષટાઈલની બાજુમાં આવેલી ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીઝના એક ખાતામાં પ્રવેશી ગયેલા પુર્વ કારીગરે તેના સાગરીત સાથે મળી ખાતામાં કામ કરવા બાબતે ત્રણ જણાને ડરાવી ધમકાવી ખાતાની ઓફીસના કાચ ઉપર બે ત્રણ વખત ફાયરીંગ કરી કારીગરોના મોબાઈલ અને રોકડની લુંટ ચલાવી હોવાની ફરીયાદ પુણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પુણા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ રાજસ્થાનના વતની અને હાલ પુણાગામ સુરભી વિહારમાં રહેતા મનદસિંગ મહેરસિંહ ભાટી ઉ.વ.૪૧એ પુણા પોલીસ સ્ટેશનમાં લુંટનો ગુનો નોંધાવ્યો હતો.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર ગઈ કાલે સાંજના સમયે તેના ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીઝમાં આવેલા કારખાનામાં કામ કરતા મોહમદ સમી કમરૂદ્દીન અંસારી, દેવેન્દ્રકુમાર દધીબલપ્રસાદ ભારતી, રાકેશ સહાનીને ફરીયાદી મદનસિંગના ભાઈ રામસિંહના કારખાનામાં અગાઉ કામ કરતા દિલીપસિંહે તેના સાગરીત સાથે મળી આપકો ખાતે મે કામ કરને કે લીયે મના કીયા થા ફીરભી યતા ખાતે મે કામ ક્યો કર રહે હો તેમ કરી ત્રણેય કારીગયોને ડરાવી ધમકાવી તેમની પાસેથી મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.૧૦,૩૦૦ની લુંટ ચલાવી હતી.

ફરીયાદમાં એવો પણ ઉલ્લેખ કરાયો છે કે, દિલીપસિંહે ગઈકાલે કારખાનામાં ઘુસીને કારીગરોને ડરાવી ધમકાવી ઓફીસના કાચ ઉપર બે ત્રણ વખત ફાયરીંગ પણ કર્યું હતું.

# ઓલપાડમાં ગર્ભવતી મહિલાનું ઉંઘમાં જ મોત

### પતિએ પત્નીને ઉઠાડવાની કોશિષ કરી પણ ઉઠી જ નહીં

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૬**

ઓલપાડના દેલાડગામ ખાતે એક એપાર્ટમેન્ટમાં રહેતી ૨૭ વર્ષિય પરિણીતા સુય ગયા બાદ ઉઠી જ ન હતી. પરિણીતાને એક વર્ષના લગ્નગાળામાં ૮ મહિનાનો ગર્ભ પણ હતો તેને પતિ તથા સાસુ તાત્કાલિક સારવાર માટે સાયણની સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

ઓલપાડ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ઓરિસ્સાના ગંજામ જિલ્લાના વતની અને હાલ ઓલપાડ મેઈન રોડ સ્વામીનારાયણ મંદીર પાસે આવેલા દેલાડગામ સાંઈ એવન્યુ એપાર્ટમેન્ટમાં રહેતા બિશ્વાજીત સ્વાઈન મીથુનભાઈ સ્વાઈન ઉ.વ.૨૭ના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા તેને હાલ ૮ મહિનાનો ગર્ભ હતા દરમિયાન ગઈ તા. ૩ જુનના રોજ રાત્રિના સમયે બિશ્વાજીતને સારૂ લાગતુ ન હોય તે આરામ કરતી હતી ૧૦ મિનીટ બાદ માતા-પિતા અને પતિને તેને ઉઠાડતા તે ઉઠી જ ન્હોતી તેને સારવાર માટે સાયણની સરકારી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. આ મામલે ઓલપાડ પોલીસે નોંધ લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીર : હનીફ મલેક)

પુણા ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીમાં કારીગરોની બબાલમાં આજે બે આરોપીઓ તમંચા સાથે કારખાનામાં ઘસી આવી ત્રણ રાઉન્ડ ગોળીબાર કર્યાની ઘટના બનતા પોલીસે કારખાનામાં ઘસી જઈ તપાસ શરૂ કરી હતી.

# સુરતના લઘુત્તમ તાપમાનમાં ત્રણ ડિગ્રીનો વધારો નોંધાયો

### ગરમીનું પ્રમાણ વધતા બફારો અને ઉકળાટથી લોકો અકળાયા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૬**

હવામાન વિભાગે આગામી અઠવાડીયામાં વરસાદની આગાહી કરી છે. સંભવત વિધીવત ચોમાસુ ૧૦ જુનથી બેસી જશે તો બીજી તરફ આજે સવારનું લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રી વધી જતા સવારથી જ બફારો અને ઉકળાટથી લોકો ત્રાસી ગયા હતા. જુન મહિનામાં મહત્તમ તાપમાન બે થી ત્રણ ડીગ્રી વધવાને કારણે વાતાવરણમાં ગરમાટો જોવા મળી રહ્યો છે. દરમિયાન આજે સવારનું લઘુત્તમ તાપમાન સડસડાટ ત્રણ ડિગ્રી વધી જતા સવારથી ગરમીનો સામનો કરવો પડ્યો હતો.

હવામાન ખાતા પાસેથી મળતી વિગત મુજબ આજે સવારનું લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી વધીને ૨૮.૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૭ ટકા રહ્યું હતું. દક્ષિણ પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૪ કિ.મીની ઝડપે પવન રહ્યો હતો. સવારનું લઘુત્તમ તાપમાન વધવાને કારણે બફારા અને ઉકળાટથી લોકો અકળાઈ ઉઠ્યા હતા. આગામી અઠવાડીયામાં ૧૦ જુન સુધીમાં વરસાદની પણ આગાહી છે જોકે વરસાદ પહેલા અકળાવતી ગરમીનો શહેરીજનો સામનો કરી રહ્યા છે.

# બીમારીથી કંટાળી કોંગી નેતાએ વેડ વરિયાવ બ્રિજ પરથી પડતું મૂક્યું

### ફાયર વિભાગે ગણતરીની મિનિટોમાં તાપી નદીમાંથી રેસ્ક્યૂ કર્યા

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૦૬**

વેડ વરિયાવબ્રિજ પરથી તાપી નદીમાં કૂદીને એક કોંગ્રેસનેતાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ફાયરબ્રિગેડ અને એક જાગ્રત નાગરિકની સમયસરની કાર્યવાહીને કારણે તેમનો જીવ બચી ગયો હતો. આ કોંગ્રેસી નેતા બ્રિજની પાળી પર ચાલતા હોય એવી શંકાસ્પદ ગતિવિધિ બાદ એક જાગ્રત નાગરિકે વીડિયો બનાવી ફાયર વિભાગને જાણ કરતાં તેમનો બચાવ થયો હતો.

મળતી માહિતી પ્રમાણે, આ ઘટના બનતાં પહેલાં કોંગી નેતા વરિયાવબ્રિજ પર આંટા મારતા જોવા મળ્યા હતા. આ દરમિયાન એક જાગૃત નાગરિકે તેમની શંકાસ્પદ ગતિવિધિઓનો વીડિયો શૂટ કર્યો હતો અને તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરી હતી. નેતાએ નદીમાં કૂદવાની સાથે જ ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અંધારામાં પણ તાત્કાલિક શોધખોળ કરીને નેતાને પાણીમાંથી સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા હતા.

ફાયર વિભાગે આ કોંગ્રેસના નેતાને પાણીમાંથી બહાર કાઢીને ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડ્યા હતા. આ સાથે જ સ્થાનિક સિંગણપોર પોલીસને પણ જાણ કરી દેવામાં આવી હતી. આ કોંગ્રેસી નેતાએ હોસ્પિટલમાંથી સ્વસ્થ થતાં પોતાનું નિવેદન નોંધાવ્યું હતું. કોંગ્રેસ પક્ષમાંથી વિધાનસભા ચૂંટણી લડી ચૂકેલા આ નેતા છેલ્લાં ચાર વર્ષથી કેન્સરની બીમારીથી પીડાઈ રહ્યા હતા. કેન્સરના કારણે તેમને દિવસ-રાત ઊંઘ આવતી ન હતી, જેનાથી કંટાળીને તેમણે આત્મહત્યા કરવાનું પગલું ભર્યું હતું.

# ૨૦૦ કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં થાણેના વેપારી સુલતાનના જામીન નામંજૂર

### સરકાર તરફે વકીલ દીપેશ દવેએ દલીલો કરી હતી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૬**

૨૦૦ કરોડના બોગસ બિલિંગ બનાવવાના ચકચારીત પ્રકરણમાં થાણેના બિઝનેસમેન સુલતાન કાપડિયાના જામીન સુરત કોર્ટે ફગાવી દીધા હતા.

સુરત ક્રાઈમ બ્રાંચમાં નોંધાયેલી ફરિયાદ મુજબ મહારાષ્ટ્ર થાણે ખાતે રહેતા સુલતાન મહમદ કાપડિયા અને સહ આરોપીઓ પર આરોપ છે કે તેઓએ ૮ જેટલી બોગસ પેઢી બનાવી છે. સરકારને છેતરવાના ઈરાદાથી બોગસ બિલ પણ બનાવ્યા છે, જેના દ્વારા ડમી કંપનીઓ બનાવીને GST પોર્ટલ પર બતાવ્યા છે અને ત્યારબાદ બોગસ ખરીદ-વેચાણ બિલ અપલોડ કરીને GST ઈનપુટનો ક્રેડિટ લીધો છે. પોલીસની તપાસ મુજબ કુલ ૨૦૦ કરોડ રૂપિયાના બોગસ બિલ દર્શાવવામાં આવ્યા છે જેમાંથી આરોપીઓ દ્વારા ૩૦ કરોડ રૂપિયાની આઈ ટી સી મેળવવામાં આવી છે

પોલીસની તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે અત્યાર સુધીમાં એવું પણ બહાર આવ્યું છે કે આરોપીઓ પર આરોપ છે કે તેઓએ કુલ રૂ. ૧૩૪૯ કરોડ, ૯૪ લાખ, ૪૬૫ કરોડ સહિતના ખરીદ અને વેચાણ બિલ પણ બનાવ્યા છે. આ કેસમાં આરોપી સુલતાને જામીન અરજી પર મુક્ત થવા અરજી કરી હતી. સરકાર તરફે દીપેશ દવેએ દલીલો કરી હતી. કોર્ટે આરોપી સુલતાનના જામીન નકારી કાઢ્યા હતા.

# ન્હાતો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી યુવતી પર વારંવાર બળાત્કાર ગુજારાયો

### પાંડેસરાના મોન્ટુ સૈની વિરૂદ્ધ યુવતીની ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૬**

પાંડેસરામાં રહેતી યુવતીનો એક વર્ષ પહેલા બાથરૂમમાં ન્હાતો વિડીયો ઉતારી લીધા બાદ તે વિડીયો વાયરલ કરવાની ધમકી આપી મોન્ટુ સૈની નામના હવસખોરે યુવતીને અલગ-અલગ જગ્યાએ લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હોવાની ફરીયાદ નોંધાઈ છે. અવાર-નવાર ધમકી આપી મોન્ટુએ યુવતીને શરીર સંબંધ રાખવા દબાણ કર્યું હતુ જોકે યુવતી તાબે નહીં થતા તેને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપવામાં આવી હતી.

પાંડેસરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર પાંડેસરા વિસ્તારમાં રહેતી અને નોકરી કરતી એક યુવતીનો સને ૨૦૨૪ના ફેબ્રુઆરી મહિનામાં ન્યુડ વિડીયો ઉતારી લીધા બાદ તેને આધારે યુવતીને ડરાવી ધમકાવી યુવતીના ઘરે જઈ તેમજ અલગ-અલગ જગ્યાએ રાત્રિના સમયે લઈ જઈ દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. આ મામલે ગઈકાલે આરોપી મોન્ટુ સૈની વિરૂધ્ધ યુવતીએ બળાત્કારનો ગુનો નોંધાવ્યો હતો.

# યુવકે આંબાના ઝાડ સાથે સાડી બાંધી આપઘાત કર્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૬**

સચિન ખાતે રહેતા યુવકે આંબાના ઝાડની ડાળી સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવક ના પરિવારજનો લગ્ન ન કરાવતા આપઘાત નું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ સચિન ભાટિયા ગામ ખાતે આવેલ નવા હળપતિ વાસમાં રહેતા ૨૯ વર્ષીય દિપક બચુ રાઠોડ મજૂરી કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. દિપક એ બુધવારે બપોરે પલસાણા હજીરા હાઈવે ઉપર આવેલ ભાટીયા બ્રિજની બાજુમાં આંબાની વાડીમાં આંબા ના ઝાડની ડાળી સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. હાલ તો પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દીપક ના તેના પરિવારજનો લગ્ન ન કરાવતા તેને આપઘાતનું અંતિમ પગલું ભરી લીધું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ સચિન પોલીસ કરી રહી છે.